
Tuesday, 22 September 2026
પાના : ૮ ● કિંમત : રૂા.૩.૦૦



આપના સપના મોટા રાખો, અને તેને સાકાર કરવા મથો, આપનું જીવન સફળ બનાવો.
- ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામ

કેન્દ્ર શાસિત પ્રદેશ દાદરા નગર હવેલી અને દમણ-દીવથી પ્રસિધ્ધ થતું નં.૧ દૈનિક

गते शोको न कर्तव्यो भविष्यं नैव चिन्तयेत्।
वर्तमानेन कालेन वर्तयन्ति विचक्षणाः॥

તમારી લાગણીનું પ્રતિબિંબ પાડતું સંઘપ્રદેશનું સર્વપ્રથમ દૈનિક

# વર્તમાન પ્રવાહ

તંત્રી : મુકેશ ગોસાવી

RNI No. DDGUJ/2003/13906

દમણ કાર્યાલયઃ કલેક્ટર ઓફિસ નજીક, વીઆઈપી સર્કિટ હાઉસની સામે, ઢોલર, મોટી દમણ. Mo. 99796 19477. E-mail: vartmanpravah@gmail.com / editor.vartmanpravah@gmail.com

દમણ (VARTMAN PRAVAH, DAMAN) ● વર્ષઃ ૨૩ ● અંકઃ ૨૭૧ ● સંવત-૨૦૮૨ ભાદરવા સુદ અગિયારસ ● Web: www.vartmanpravah.com vartmanpravah @VartmanPravahD

બાળકીઓના ભવિષ્ય માટે જાગૃતિ ફેલાવવાના સતત પ્રયાસના પગલે

## સોમનાથ ગ્રા.પં.ના સરપંચ વર્ષિકાબેન પટેલને દમણ પોસ્ટ ઓફિસના અધિકારીઓ અને સ્થાનિક લોકો દ્વારા આપવામાં આવ્યું 'સુકન્યા દીદી' નામ

**'સુકન્યા સમૃદ્ધિ યોજના'ને પ્રોત્સાહન આપવાના હેતુથી 'સેવા સંકલ્પ અભિયાન' અંતર્ગત સોમનાથ ડી.આઈ.એ. હોલ ખાતે 'સુકન્યા દીદી' વર્ષિકાબેન પટેલ દ્વારા ૧૫૦ જેટલી બાળાઓના પોસ્ટ ઓફિસમાં ખાતા ખોલાવી પાસબુકનું કરાયું વિતરણ**













(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
**દમણ, તા.૨૧**
કેન્દ્રશાસિત પ્રદેશ દાદરા નગર હવેલી અને દમણ-દીવમાં પ્રધાનમંત્રીશ્રીની 'સુકન્યા સમૃદ્ધિ યોજના'ને પ્રોત્સાહન આપવાના હેતુથી 'સેવા સંકલ્પ અભિયાન' અંતર્ગત આજે દમણ જિલ્લાના સોમનાથ ડી.આઈ.એ. હોલ ખાતે વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ અવસરે સોમનાથ ગ્રામ પંચાયતના સરપંચ શ્રીમતી વર્ષિકાબેન પટેલના પ્રયાસોથી ૧૫૦ બાળકીઓના 'સુકન્યા સમૃદ્ધિ યોજના'ના ખાતા પોસ્ટ ઓફિસમાં ખોલવામાં આવ્યા હતા. આ પ્રસંગે સોમનાથ ડી.આઈ.એ. ખાતે ૧૫૦ બાલિકાઓને 'સુકન્યા સમૃદ્ધિ યોજના'ની પાસબુકનું વિતરણ પણ કરવામાં આવ્યું હતું.

શ્રીમતી વર્ષિકાબને પટેલ દ્વારા ૨ વર્ષ પહેલાં પણ દમણમાં ઘરે ઘરે જઈને નાગરિકોને 'સુકન્યા સમૃદ્ધિ યોજના' અંગે જાગૃત કરવામાં આવ્યા હતા. તેમના પ્રયાસોથી દમણમાં અત્યાર સુધીમાં ૪૫૦થી વધુ બાળકીઓના ખાતા શરૂ કરવામાં આવ્યા છે. એટલું જ નહીં, તેઓ અનેક બાળકીઓના ખાતામાં પ્રથમ હપ્તાની રકમ પણ પોતાના તરફથી જમા કરાવે છે.

બાળકીઓના ભવિષ્ય માટે સતત જાગૃતિ ફેલાવવાના આ પ્રયાસને પગલે પોસ્ટ ઓફિસના અધિકારીઓ અને સ્થાનિક લોકો દ્વારા શ્રીમતી વર્ષિકાબેન પટેલને 'સુકન્યા દીદી' નામ આપવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં વલસાડ ડિવિઝન પોસ્ટ ઓફિસના અધિક્ષક શ્રી જયેશ વશી, પોસ્ટ ઓફિસના પબ્લિક રિલેશન ઈન્સ્પેક્ટર શ્રી ઉમેશ માહ્યાવંશી, શ્રી કેયુર વાઘેલા, ડી.આઈ.એ.ના પ્રમુખ પવન શ્રી અગ્રવાલ, ઉપ પ્રમુખ શ્રી આર.કે.શુક્લા સહિત અનેક આગેવાનો, વાલીઓ અને સ્થાનિક લોકો ઉપસ્થિત રહ્યા હતા.



'માય ભારત' સેલવાસ દ્વારા

## દૂધનીની કન્યા છાત્રાલયમાં 'નશામુક્ત યુવા ફોર વિકસિત ભારત' રાષ્ટ્રીય સંકલ્પ સમારોહ કાર્યક્રમ યોજાયો



**કાર્યક્રમમાં ઉપસ્થિત દરેક યુવાઓ અને પ્રતિભાગીઓએ નશાથી દૂર રહેવા અને 'નશામુક્ત ભારત'ના નિર્માણમાં યોગદાન આપવા માટેના લીધેલા શપથ**

(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
**સેલવાસ, તા.૨૧**
વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના 'વિકસિત ભારત'ના સંકલ્પને સાકાર કરવા માટે યુવા બાબતો અને રમતગમત મંત્રાલય, ભારત સરકાર અંતર્ગત 'માય ભારત' સેલવાસ દ્વારા દૂધની સ્થિત કન્યા છાત્રાલયમાં 'નશામુક્ત યુવા ફોર વિકસિત ભારત' રાષ્ટ્રીય સંકલ્પ સમારોહ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. 'વિકસિત ભારત' માટે સ્વસ્થ, સશક્ત, જાગૃત અને ઉદ્દેશ્યપૂર્ણ યુવા શક્તિની મહત્ત્વપૂર્ણ ભૂમિકા છે. એ ભાવના સાથે આયોજીત આ સંકલ્પ સમારોહ કાર્યક્રમ યુવાઓને નશાના દુષ્પ્રભાવના પ્રત્યે જાગૃત કરવાનો અને સ્વસ્થ, સશક્ત અને નશામુક્ત ભારતના નિર્માણ માટે સામુહિક સંકલ્પને જન જન સુધી પહોંચાડવાનો હતો.

આ કાર્યક્રમ દરમ્યાન ઉપસ્થિત દરેક યુવાઓ અને પ્રતિભાગીઓએ નશાથી દૂર રહેવા અને 'નશામુક્ત ભારત'ના નિર્માણમાં યોગદાન આપવાની શપથ લીધી હતી. સાથે યુવાઓને નશાના દુષ્પ્રભાવ અને સ્વસ્થ - સકારાત્મક જીવનશૈલી અપનાવવાના મહત્ત્વ અંગે જાગૃત કરવામાં આવ્યા હતા.

આ અવસરે નુક્કડ નાટકના માધ્યમથી નશામુક્તિના પ્રભાવી સંદેશ પ્રસ્તુત કર્યા હતા. નુક્કડ નાટક દ્વારા યુવાઓને નશાથી થતા દુષ્પ્રભાવ પ્રત્યે જાગૃત કરી નશાથી દૂર રહેવા માટે પ્રેરિત કર્યા હતા. કાર્યક્રમ અંતર્ગત નશામુક્ત યુવા, વિકસિત ભારત વિષય પર સૂત્ર લેખન સ્પર્ધાનું આયોજન પણ કરવામાં આવ્યું હતું. જેમાં યુવાઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો અને પોતાના રચનાત્મક નારાના માધ્યમથી 'નશામુક્ત ભારત' પ્રત્યે પોતાના વિચારો વ્યક્ત કર્યા હતા.

'માય ભારત' સેલવાસ દ્વારા દૂધની ખાતેના કન્યા છાત્રાલય આયોજીત આ કાર્યક્રમ યુવાઓની સક્રિય ભાગીદારીના માધ્યમથી નશામુક્ત, સ્વસ્થ અને સશક્ત ભારતના નિર્માણની દિશામાં જનજાગૃતિ વધારવા મહત્ત્વપૂર્ણ પ્રયાસ રહ્યો હતો.

દાનહમાં વસતા મહારાષ્ટ્રીયન સમુદાય દ્વારા

## સેલવાસ કલા કેન્દ્રમાં યોજાયો 'લોક કલામાં શ્રી ગણેશ' સાંસ્કૃતિક કાર્યક્રમ

**સાંસ્કૃતિક કાર્યક્રમમાં મહારાષ્ટ્રીયન સમાજની કલા, સંસ્કૃતિ અને પરંપરાઓને નવી પેઢી સુધી પહોંચાડવાનો અને વિવિધ સમુદાયો વચ્ચે સાંસ્કૃતિક સંવાદિતાને મજબૂત કરવાનો આપવામાં આવેલો સંદેશ**









(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
**સેલવાસ, તા.૨૧**
ગણેશોત્સવ નિમિત્તે, કેન્દ્રશાસિત પ્રદેશ દાદરા નગર હવેલીમાં વસતા મહારાષ્ટ્રીયન સમુદાયે સેલવાસના કલા કેન્દ્ર ખાતે 'લોક કલામાં શ્રી ગણેશ' નામનો ભવ્ય સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કર્યું હતું. આ કાર્યક્રમ મહારાષ્ટ્ર સરકારના સાંસ્કૃતિક બાબતો વિભાગ અને મહારાષ્ટ્ર રાજ્ય, મુંબઈના સાંસ્કૃતિક બાબતોના નિયામક દ્વારા ગણેશોત્સવને રાજ્ય ઉત્સવ તરીકે માન્યતા મળ્યાની ઉજવણી માટે આયોજિત સાંસ્કૃતિક પહેલનો એક ભાગ હતો.

આ કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહેલા દાદરા નગર હવેલી અને દમણ-દીવ પ્રદેશ ભાજપ પ્રમુખ શ્રી મહેશભાઈ આગરિયાએ ભગવાન શ્રી ગણેશના દર્શન કર્યા હતા અને

- (વધુ પાના નં.૨ પર)

**દમણ જિ.પં.ના પૂર્વ ઉપ પ્રમુખ બાબુભાઈ પટેલે 'જેટી કા રાજા' ગણપતિજીની આરતીમાં ભાગ લઈ મેળવેલા આશીર્વાદ**



(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
**દમણ, તા.૨૧:** આજે રાત્રે નાની દમણમાં 'જેટી કા રાજા' ગણપતિજીના પવિત્ર દરબારમાં યોજાયેલી આરતીમાં દમણના પૂર્વ જિલ્લા પંચાયત પ્રમુખ શ્રી બાબુભાઈ પટેલ અને જિલ્લા પંચાયત સભ્ય શ્રીમતી નૈનાબેન હાજર રહ્યા હતા. આ ઉપરાંત ગૌ રક્ષા મંચના પ્રમુખ શ્રી હર્ષલભાઈ પટેલ, શ્રી ગૌરાંગભાઈ અને તેમની સમગ્ર ટીમ પણ ગણપતિ બાપ્પાની આરતીમાં ભક્તિભાવથી ભાગ લીધોહ તો. સૌએ ગણપતિ બાપ્પાની આરતી ભક્તિભાવથી કરી આશીર્વાદ મેળવ્યા હતા અને સમગ્ર પ્રદેશની સુખ, સમૃદ્ધિ, શાંતિ અને સુખાકારી માટે પ્રાર્થના કરી હતી.

## દમણ ન.પા.ના પૂર્વ સી.ઓ. અરુણ ગુપ્તાએ 'જેટી કા રાજા' ગણપતિના દર્શન કરી મેળવેલા આશીર્વાદ



(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
દમણ નગરપાલિકાના પૂર્વ ચીફ ઓફિસર શ્રી અરુણ ગુપ્તાએ નાની દમણ જેટી ખાતે સ્થાપવામાં આવેલ 'જેટી કા રાજા' ગણપતિજીના પવિત્ર દરબારની મુલાકાત લીધી હતી અને પ્રાર્થના કરી ગણપતિ બાપ્પાના આશીર્વાદ મેળવી ધન્યતા અનુભવી હતી.

## 'હિન્દી પખવાડા'ની વિવિધ સ્પર્ધાઓમાં કચીગામ સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળાની નોંધપાત્ર સિદ્ધિ





(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
**દમણ, તા.૨૧**
'હિન્દી દિવસ'ના ઉપક્રમે સંઘપ્રદેશના રાજભાષા વિભાગ દ્વારા 'હિન્દી પખવાડા'નું આયોજન કરવામાં આવ્યું હતું. જેના અંતર્ગત હિન્દી ભાષાના પ્રચાર-પ્રસાર અને વિદ્યાર્થીઓ તથા શિક્ષકોમાં હિન્દી ભાષા પ્રત્યે રસ અને સર્જનાત્મકતા વિકસે તે હેતુથી વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વિવિધ સ્પર્ધાઓમાં સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળા-

- (વધુ પાના નં.૨ પર)




## સુવિચાર - સદ્‌વિચાર

જીવનને હંમેશાં સ્મિતથી મળજો,
કારણ કે એજ તમારી સાચી ઓળખ છે.

## કવિતા-ભજન-પદ-ગરબા

### ખોલી શકે ન કોઈ એવાં બંધ દ્વાર છે

ખોલી શકે ન કોઈ એવાં બંધ દ્વાર છે
સંબંધ એક વહેમભર્યો અંધકાર છે.

એણે અબોલા આંખમાં આંજી દીધા ભલે
એ પાંપણોને તે છતાંય ઈન્તજાર છે

આંખો અમારા આંસુંઓને રોકતે નહીં
એને ખબર જો હોત કોઈ લૂછનાર છે

સંબંધ કોણ જાણે કેમ ગાઢ થઈ ગયો
મારું અને મરણનું મિલન પહેલી વાર છે

-મેઘબિંદુ

## આજની જોક

પુરુષોને ‘અપ્સરા’ નામે માત્ર એક જ વસ્તુ મળી છે ‘પેન્સિલ’ અને
મહિલાઓને ‘બાદશાહ’ નામે માત્ર એક જ વસ્તુ મળી છે ‘મસાલા’




## કબીર વાણી

**ચંચલ મનવા ચેત રે, સુતા ક્યાં અજ્ઞાન ।**
**જબ જમ ઘર લે જાયેગા, પડા રહેગા મ્યાંન॥**

**- અર્થાત-**

કબીર સાહેબ કહે છે કે હે અસ્થિર અને ભટકતા મન, તું ચેતી જા અને અજ્ઞાનમાં ન પડી રહે. જ્યારે કાળ (યમરાજ) તને પકડીને લઈ જશે, ત્યારે આ શરીર એક ખાલી ખોખા (મ્યાન) જેવું અહીં જ પડી રહેશે અને તારાથી કંઈ થઈ શકશે નહીં.



## ચાણક્ય ઉવાચ

**ક્ષણં પ્રતિ કાલવિક્ષેપં ન કુર્યાત્ સર્વકૃત્યેષુ ॥**

**-અર્થાત-**

કોઈપણ કાર્ય કરતી વખતે એક પણ ક્ષણનો સમય બગાડવો જોઈએ નહીં. તક મળતાની સાથે જ કાર્ય પૂરું કરી લેવું જોઈએ, વિલંબ કરવાથી સફળતા હાથમાંથી સરી જાય છે

## આજનો દિન વિશેષ

### મિત્તુ ચાંડિલ્ય

મિત્તુ ચાંડિલ્ય એરએશિયા ઈન્ડિયાના ભૂતપૂર્વ સીઈઓ અને અદાણી પોર્ટ્સ એન્ડ સ્પેશિયલ ઈકોનોમિક ઝોન લિમિટેડ (APSEZ) ના લોજિસ્ટિક્સ શાખાના સીઈઓ છે. એરએશિયા ઈન્ડિયા એ એરએશિયા બરહાડ, ટાટા સન્સ અને ટેલેસ્ટ્રા વચ્ચેનું સંયુક્ત સાહસ છે.તેમને ૨૦ ઓગસ્ટ ૨૦૧૫ ના રોજ એરએશિયા ઈન્ડિયાના સીઈઓથી એમડી અને સીઈઓ પદ પર બઢતી આપવામાં આવી હતી મિત્તુ ચાંડિલ્ય ચેમ્પિયન્સ ટેનિસ લીગ ઈન્ડિયાની બેંગ્લોર ફ્રેન્ચાઈઝીના માલિક પણ હતા. ૨૦૧૬ માં, ચાંડિલ્ય મેનેજમેન્ટ મુદ્દાઓ પર મતભેદોને કારણે એરએશિયા ઈન્ડિયા છોડી દીધી.

મિત્તુ ચાંડિલ્યએ જૂન ૨૦૧૮ માં અદાણી ગ્રુપમાંથી રાજીનામું આપીને પોતાના ઉદ્યોગસાહસિક વ્યવસાયમાં પાછા ફર્યા.

**શરૂઆતનું જીવન :** મિત્તુ ચાંડિલ્યનો જન્મ ચેન્નઈ, [તામિલનાડુ, ભારત] માં થયો હતો. મિત્તુ ચાંડિલ્યનું શિક્ષણ આંધ્રપ્રદેશની ઋષિ વેલી સ્કૂલ અને પછી ધ સ્કૂલ, KFI, ચેન્નઈમાં થયું હતું. ચાંડિલ્યએ ત્યારબાદ લેહાઈ યુનિવર્સિટી (પેન્સિલવેનિયા) માં અભ્યાસ કર્યો અને પછી INSEAD (ફ્રાન્સ-સિંગાપોર) માં ખ્ખ કર્યું [૭]

**કારકિર્દી :** ચાંડિલ્યએ અદાણી ગ્રુપ સાથે CEO તરીકે કામ કર્યું જ્યાં તેમની ભૂમિકામાં વ્યવસાયના લોજિસ્ટિક્સ વર્ટિકલને પોર્ટ્સ અને SEZ વ્યવસાય સાથે એકીકૃત રીતે સંકલિત કરવાનો સમાવેશ થતો હતો.

સંદર્ભો : દિવેકર, અદિતિ (૨૦ નવેમ્બર ૨૦૧૭). અદાણી પોર્ટ્સે ભૂતપૂર્વ એર એશિયાના વડા મિટ્ટુ ચાંડિલ્યને લોજિસ્ટિક્સ વ્યવસાયના CEO તરીકે નિયુક્ત કર્યા. બિઝનેસ સ્ટાન્ડર્ડ ઈન્ડિયા. ૧૨ ડિસેમ્બર ૨૦૧૭ ના રોજ મેળવેલ.

સિંગાપોર સ્થિત મિટ્ટુ ચાંડિલ્યને એર એશિયા ઈન્ડિયાના CEO તરીકે નિયુક્ત કર્યા. સંજય, પી. આર. (૨૦ ઓગસ્ટ ૨૦૧૫). ‘એરએશિયા ઈન્ડિયાએ મિટ્ટુ ચાંડિલ્યને મેનેજિંગ ડિરેક્ટર તરીકે નિયુક્ત કર્યા. માલવનિયા, ઉર્વી (૨ ઓક્ટોબર ૨૦૧૪). અઝહરુદ્દીન, ચાંડિલ્ય ટીમના માલિકો ચેમ્પિયન્સ લીગમાં - બિઝનેસ સ્ટાન્ડર્ડ દ્વારા. બેંગ્લોર રેપ્ટર્સ. bangaloreraptors.com. મૂળ માંથી ૩ ડિસેમ્બર ૨૦૧૪ ના રોજ આર્કાઈવ કરેલ. ૧ ડિસેમ્બર ૨૦૧૪ ના રોજ મેળવેલ.

## ઔષધિ

### પપૈયાના પાનનો રસ



પપૈયાના પાનનો રસ પીવાથી અનેક સ્વાસ્થ્ય લાભ મળે છે, ખાસ કરીને ડેન્ગ્યુ તાવમાં પ્લેટલેટની ગણતરી વધારવા માટે.

**મુખ્ય ફાયદા પ્લેટલેટ્સ વધારવું:** તે ડેન્ગ્યુ અને મેલેરિયા જેવા રોગોમાં પ્લેટલેટની ગણતરી ઝડપથી વધારવામાં મદદ કરે છે. પાચનતંત્રને મજબૂત બનાવવું તેમાં પપેન જેવા ઉત્સેચકો હોય છે જે ખોરાકને પચાવવામાં મદદ કરે છે અને કબજિયાત અને ગેસથી રાહત આપે છે. રોગપ્રતિકારક શક્તિ વધારવી વિટામિન સી અને એન્ટીઑક્સિડન્ટોથી ભરપૂર, તે શરીરની રોગપ્રતિકારક શક્તિને મજબૂત બનાવે છે. બળતરા ઘટાડે છે, તેના બળતરા વિરોધી ગુણધર્મો સાંધાના દુખાવા અને શરીરમાં સોજો ઘટાડવામાં મદદ કરે છે. **બ્લડ સુગર નિયંત્રણ :** તે ડાયાબિટીસના દર્દીઓમાં બ્લડ સુગરના સ્તરને નિયંત્રિત કરવામાં મદદ કરી શકે છે. સંભવિત આડઅસરો, પાચન સમસ્યાઓ, વધુ પડતી માત્રામાં પીવાથી પેટમાં ખેંચાણ, ઉબકા અથવા ઝાડા થઈ શકે છે. **એલર્જી :** કેટલાક લોકોને ત્વચા પર ફોલ્લીઓ અથવા ખંજવાળ જેવી એલર્જીક પ્રતિક્રિયાઓ અનુભવી શકે છે. ગર્ભાવસ્થા દરમિયાન જોખમો સગર્ભા સ્ત્રીઓએ તેનું સેવન ન કરવું જોઈએ કારણ કે તે ગર્ભાશયના સંકોચનનું કારણ બની શકે છે. કોઈપણ ગંભીર બીમારી માટે તેને લેતા પહેલા હંમેશા ડૉક્ટરની સલાહ લો.

# સેવાસેતુ ૨.૧ કાર્યક્રમનો પ્રારંભ: “સરકાર તમારા દ્વારે” પારડીના કોલક ગામમાં આયોજિત સેવાસેતુમાં લાભાર્થીઓને ઘરઆંગણે મળ્યો વિવિધ સેવાનો લાભ

■ ચૂંટણી કાર્ડ, રેશનકાર્ડ, આયુષ્માન કાર્ડ, આધારકાર્ડ, સોલાર કનેક્શન અને સાઈબર ક્રાઈમ સહિતની સેવાઓનો સ્થળ પર જ લાભ મળ્યો ■ તાલુકા મથક સુધી જવાની ઝંઝટ ટળી, સમય અને નાણાંની બચત થતાં લાભાર્થીઓએ રાજ્ય સરકારના અભિગમને બિરદાવ્યો ■ લાભાર્થીઓએ પોતાના અનુભવો વ્યક્ત કરી સરકારનો માન્યો આભાર, ‘‘સરકાર તમારા દ્વારે’’ ઉક્તિ ખરા અર્થમાં સાર્થક થઈ










**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૨૧**

રાજ્ય સરકાર દ્વારા નાગરિકોને એક જ સ્થળેથી વિવિધ સરકારી સેવા-સહાયનો લાભ મળી રહે અને તેમની સમસ્યાઓનો સ્થાનિક સ્તરે જ ઉકેલ આવે તે હેતુથી સેવાસેતુ કાર્યક્રમ ૨.૧નો વલસાડ જિલ્લામાં તા. ૨૧ સપ્ટેમ્બરથી પ્રારંભ કરવામાં આવ્યો છે. આ અંતર્ગત વિવિધ ગામોમાં યોજાતા કાર્યક્રમોમાં મોટી સંખ્યામાં લાભાર્થીઓ ઉપસ્થિત રહીને વિવિધ સરકારી સેવાઓનો લાભ લઈ રહ્યા છે. તાલુકા કે જિલ્લા મથકની કચેરી સુધી જવાની જરૂરિયાત ટળી જતાં લાભાર્થીઓએ રાજ્ય સરકારના આ અભિગમને આવકાર્યો છે. જેમાં અલગ અલગ યોજનાના લાભાર્થીઓ પોતાના મંતવ્યો રજૂ કરી સરકારનો આભાર માન્યો હતો.

પારડી તાલુકાના ઉદવાડા ગામના લાભાર્થી આકાશ દિનેશભાઈ પટેલે જણાવ્યું હતું કે, કોલક ગામમાં સેવાસેતુ કાર્યક્રમ યોજાઈ રહ્યો હોવાની જાણ થતાં હું અહીં આવ્યો હતો. મારા ચૂંટણી કાર્ડમાં અગાઉ દમણનું સરનામું હતું, જે બદલીને ઉદવાડાનું સરનામું કરાવવાનું હતું. આ કામગીરી માટે મારે આશરે ૧૪ કિમી દૂર તાલુકા મથક કચેરી સુધી જવું પડવાનું હતું, પરંતુ આજે ઘરઆંગણે સેવાસેતુ કાર્યક્રમાં માત્ર પાંચ મિનિટમાં મારું કામ થઈ ગયું છે. આ સુવિધા આપવા બદલ રાજ્ય સરકારનો આભાર માનું છું.

લાભાર્થી પ્રિયંકા જતીન રાજપૂતે જણાવ્યું હતું કે, લગ્ન બાદ તેમનું નામ પિયર ઉદવાડા

**આલેખન**
**- જિજ્ઞેશ સોલંકી**

ગામના રેશનકાર્ડમાંથી બદલીને સાસરીના કોલક ગામના રેશનકાર્ડમાં ઉમેરવાનું હતું. આ કામગીરી માટે તાલુકા મથકની કચેરી સુધી જવાનો સમય મળતો ન હોવાથી આ કામગીરી ઘમા સમયથી બાકી રહી ગઈ હતી. પરંતુ આજે કોલક ગામમાં સેવાસેતુ કાર્યક્રમ યોજાયો હોવાની જાણ થતાં હું અહીં આવી અને જરૂરી દસ્તાવેજો રજૂ કર્યા બાદ સ્થળ પર જ મારી કામગીરી પૂર્ણ થઈ ગઈ હતી. જે બદલ રાજ્ય સરકારનો આભાર માનુ છું.

વરિષ્ઠ નાગરિક નટવરલાલ પટેલે જણાવ્યું કે, ૭૦ વર્ષ કે તેથી વધુ વયના નાગરિકો માટે આયુષ્માન ભારત યોજના હેઠળ વય વંદના કાર્ડની સુવિધા ઉપલબ્ધ છે, પરંતુ તેમની પાસે આ કાર્ડ ન હતું. વૃદ્ધાવસ્થાને કારણે તાલુકા મથક સુધી જવું મુશ્કેલ હતું. ત્યારે કોલક ગામમાં જ સેવાસેતુ ૨.૧નું આયોજન થતાં હું અહીં આવ્યો અને સ્થળ પર જ મને આયુષ્માન કાર્ડ મળી ગયું છે. નહીં તો મારે પારડી સુધી જવું પડતે. ગામમાં જ સેવાસેતુનું આયોજન થતાં ‘સરકાર તમારા દ્વારે’ ઉક્તિ ખરા અર્થમાં સાર્થક થઈ છે.

કોલક ગામની વિદ્યાર્થીની વૃતિ ધર્મેશ પટેલે જણાવ્યું કે, મારો આધારકાર્ડ અપડેટ કરવાનો બાકી હતો. અભ્યાસના કારણે પારડી તાલુકા મથકની કચેરી સુધી જવું મુશ્કેલ હતું. કોલક ગામમાં યોજાયેલા સેવાસેતુ કાર્યક્રમમાં આધારકાર્ડ અપડેટ કરી આપવામાં આવતો હોવાની જાણ થતાં તાત્કાલિક કાર્યક્રમ સ્થળે આવી અને માત્ર બે મિનિટમાં મારો આધારકાર્ડ અપડેટ થઈ ગયો હતો. ઘરઆંગણે જ આ સુવિધા મળતાં મારી મુશ્કેલી દૂર થઈ છે. જે બદલ હું રાજ્ય સરકારનો આભાર માનું છું.

કોલક ગામમાં યોજાયેલા સેવાસેતુ ૨.૧ કાર્યક્રમમાં અનેક લાભાર્થીઓએ ઉપસ્થિત રહી પોતાની જરૂરિયાત મુજબની વિવિધ સરકારી સેવાઓનો લાભ લીધો હતો. સ્થાનિક સ્તરે જ સેવાઓ ઉપલબ્ધ થતાં લાભાર્થીઓને તાલુકા અથવા જિલ્લા મથક સુધી જવાની જરૂરિયાત રહી નથી. પરિણામે તેમના સમય અને નાણાં બંનેની બચત થઈ છે.

સેવાસેતુ કાર્યક્રમ થકી સરકારી સેવાઓને નાગરિકોના ઘરઆંગણે પહોંચાડવાના રાજ્ય સરકારના પ્રયાસને લાભાર્થીઓએ આવકારી ‘સરકાર તમારા દ્વારે’ના અભિગમને બિરદાવ્યો હતો અને સરકારનો આભાર વ્યક્ત કર્યો હતો.

# વાણિયા મિલ હાઈસ્કૂલ આંતલીયા ખાતે “પ્રોજેક્ટ કૌશલ યુવા” અંતર્ગત કેરિયર ગાઈડન્સ સેમિનાર યોજાયો

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**ચીખલી(વંકાલ), તા.૨૧**




મંગળદાસ વિભાગ કેળવણી મંડળ સંચાલિત વાણિયા મિલ હાઈસ્કૂલ, આંતલીયા ખાતે વિદ્યાર્થીઓના ઉજ્જવળ ભવિષ્ય અને કારકિર્દી અંગે યોગ્ય માર્ગદર્શન મળી રહે તે હેતુથી ‘‘પ્રોજેક્ટ કૌશલ યુવા - કેરિયર કાઉન્સેલિંગ પ્રોગ્રામ’’ અંતર્ગત કેરિયર ગાઈડન્સ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ સેમિનારમાં L&T Technology Services તથા Vidyaaના સહયોગથી વિદ્યાર્થીઓને વિવિધ શૈક્ષણિક ક્ષેત્રો, કૌશલ્ય વિકાસ, કારકિર્દીની તકો, યોગ્ય ક્ષેત્રની પસંદગી તથા ભવિષ્યના રોજગારલક્ષી વિકલ્પો અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

કાર્યક્રમ દરમિયાન નિષ્ણાત માર્ગદર્શક દ્વારા વિદ્યાર્થીઓ સાથે સીધો સંવાદ કરી તેમની કારકિર્દી સંબંધિત મૂંઝવણો અને પ્રશ્નો અંગે સમજ આપવામાં આવી હતી. વિદ્યાર્થીઓને માત્ર પરંપરાગત અભ્યાસ પૂરતો મર્યાદિત ન રહેતા કૌશલ્ય આધારિત શિક્ષણ, નવી ટેકનોલોજી અને બદલાતા રોજગાર ક્ષેત્રો સાથે જોડાવા માટે પ્રેરિત કરવામાં આવ્યા હતા.

સેમિનારમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો અને માર્ગદર્શન દરમિયાન પ્રશ્નો પૂછીને પોતાની કારકિર્દી અંગે જરૂરી માહિતી મેળવી હતી. શાળાના શિક્ષકોએ પણ કાર્યક્રમમાં સહભાગી બની વિદ્યાર્થીઓને યોગ્ય દિશામાં આગળ વધવા માટે પ્રોત્સાહિત કર્યા હતા.

શાળાના આચાર્યશ્રી વિજયસિંહ યુ. ચૌહાણ દ્વારા L&T Technology Services તથા Vidyaaના પ્રતિનિધિઓનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો અને વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે આવા માર્ગદર્શન કાર્યક્રમોનું વિશેષ મહત્વ હોવાનું જણાવ્યું હતું.

આ સમગ્ર કાર્યક્રમથી વિદ્યાર્થીઓમાં કારકિર્દી અંગે જાગૃતિ, આત્મવિશ્વાસ અને ભવિષ્ય માટે યોગ્ય આયોજન કરવાની પ્રેરણા પ્રાપ્ત થઈ હતી.

## CCTV ફૂટેજના આધારે થઈ આરોપીની ઓળખ

# સારોલીની શ્યામ સંગીની માર્કેટમાં આગ ચાંપનાર આરોપીને ક્રાઈમ બ્રાન્ચે ઝડપી પાડ્યો

**આ મજબૂત પુરાવાના આધારે ક્રાઈમ બ્રાન્ચે ટેકનિકલ સર્વેલન્સ અને બાતમીદારોની મદદથી આરોપીનું પગેરું દાબી તેને દબોચી લીધો હતો**

**(સંપૂર્ણ સમાચાર સેવા)**
**સુરત,તા.૨૧**





સુરતના સારોલી વિસ્તારમાં આવેલી ચર્ચિત શ્યામ સંગીની કાપડ માર્કેટમાં લાગેલી ભયાનક આગના કેસમાં ઉમરા પોલીસ અને સુરત ક્રાઈમ બ્રાન્ચને મોટી સફળતા સાંપડી છે. માર્કેટમાં અકસ્માતે નહીં પરંતુ ઈરાદાપૂર્વક આગ લગાડવામાં આવી હોવાનો વિસ્ફોટક ખુલાસો થતાં પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો. ક્રાઈમ બ્રાન્ચે આ કૃત્ય આચરનાર આરોપી વિનોદ સાવલેની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.શ્યામ સંગીની માર્કેટમાં લાગેલી વિકરાળ આગની ઘટના બાદ પોલીસે ઘટનાસ્થળના તમામ સીસીટીવી ફૂટેજ બારીકાઈથી ચકાસ્યા હતા. સીસીટીવી ફૂટેજમાં આરોપી વિનોદ સાવલે શંકાસ્પદ રીતે આગ લગાડતો સ્પષ્ટપણે કેમેરામાં કેદ થઈ ગયો હતો. આ મજબૂત પુરાવાના આધારે ક્રાઈમ બ્રાન્ચે ટેકનિકલ સર્વેલન્સ અને બાતમીદારોની મદદથી આરોપીનું પગેરું દાબી તેને દબોચી લીધો હતો. આરોપીએ ચાંપેલી આગે જોતજોતામાં વિકરાળ સ્વરૂપ ધારણ કરી લેતાં માર્કેટની આશરે ૨૦ જેટલી દુકાનો સંપૂર્ણપણે ભળીને ખાખ થઈ ગઈ હતી. દુકાનોમાં રાખેલો મોંઘોદાટ કાપડનો જથ્થો અને કિંમતી સામાન બળી જતાં વેપારીઓને કરોડો રૂપિયાનું ભારે આર્થિક નુકસાન ભોગવવાનો વારો આવ્યો છે. હાલમાં પોલીસે આરોપી વિનોદની સઘન પૂછપરછ હાથ ધરી છે કે તેણે કયા અંગત અદાવત કે કારણોસર આટલી મોટી ઘટનાને અંજામ આપ્યો હતો.

**વાપી તથા આસપાસના ગામોની પ્રેસનોટ, જાહેર ખબર, અવસાન નોંધ, જન્મદિવસની શુભેચ્છાઓ સહિત અન્ય જાહેરાતો માટે સંપર્ક કરો:**
**સુરેશ ઉમતીયા : ૯૮૨૫૯ ૮૯૪૪૪,**
**સંજય તાડા - ૯૯૨૪૪ ૬૬૮૯૯**
**તેમજ**
**નવસારી જિલ્લા અને ચીખલી માટે :**
**દિપક સોલંકી : ૯૮૭૯૬ ૮૭૩૧૬ નો સંપર્ક કરવો.**

## સુરતમાં ૧૦ સ્થળે સેવા સેતુ કાર્યક્રમનું આયોજન

# બે વર્ષથી વિરામમાં રહેલો સેવા સેતુ હવે ફરી ધમધમશે

**તંત્ર દ્વારા સંબંધિત સેવાઓ માટે જરૂરી આધાર-પુરાવા અને દસ્તાવેજો સાથે નાગરિકોને ઉપસ્થિત રહેવા અનુરોધ કરવામાં આવ્યો છે**

(સંપૂર્ણ સમાચાર સેવા)
**સુરત,તા.૨૧**



બે વર્ષથી વિરામમાં રહેલો ‘સેવા સેતુ’ હવે ફરી ધમધમશે. સરકારી સેવાઓ અને વિવિધ યોજનાઓનો લાભ લેવા નાગરિકોને અલગ-અલગ કચેરીઓના ધક્કા ન ખાવા પડે તે માટે ૨૨ સપ્ટેમ્બરથી શહેરના ૧૦ સ્થળે સેવા સેતુનું આયોજન કરવામાં આવ્યું છે. ૨૦૨૪માં કતારગામ ખાતે યોજાયેલા કાર્યક્રમમાં ૨,૧૪૯ લાભાર્થીઓએ વિવિધ સેવાઓનો લાભ લીધો હતો. હવે પૂર્વ વરાછા ઝોનથી શરૂ થનારા કાર્યક્રમમાં આવક-જાતિના દાખલા, આધારકાર્ડ, રેશનકાર્ડ, આયુષ્માન કાર્ડ સહિતની સેવાઓ માટે સ્થળ પર જ અરજીઓ સ્વીકારવામાં આવશે.

રાજ્ય સરકાર તથા સુરત જિલ્લા વહીવટીતંત્ર અને સુરત પાલિકાના સંયુક્ત ઉપક્રમે યોજાનારા આ કાર્યક્રમનો મુખ્ય હેતુ નાગરિકોના સરકારી કામનો ઝડપી અને સ્થળ પર જ નિકાલ કરવાનો છે. વિવિધ પ્રમાણપત્રો કે યોજનાઓ માટે નાગરિકોને અલગ-અલગ કચેરીઓમાં જવું ન પડે અને એક જ સ્થળેથી અનેક સેવાઓ મળી રહે તેવી વ્યવસ્થા કરવામાં આવશે. ૨૨ સપ્ટેમ્બરે સવારે ૯થી સાંજે ૫ વાગ્યા સુધી પૂર્વ (વરાછા) ઝોનના વહીવટી ભવન ખાતે સેવા સેતુ યોજાશે. આ ઉપરાંત રૂસ્તમપુરા કોમ્યુનિટી હોલ, હરિનગર-૩ કોમ્યુનિટી હોલ, સિંગણપોર મલ્ટીપર્પઝ હોલ, અલથાણ કોમ્યુનિટી હોલ, નવયુગ કોલેજ, સરથાણા ઝોન વહીવટી ભવન, નીલગીરી ગ્રાઉન્ડ અને સચીન કોમ્યુનિટી હોલ સહિતના સ્થળોએ પણ કાર્યક્રમ યોજાશે. સેવા સેતુમાં આવકનો દાખલો, જાતિ પ્રમાણપત્ર, નોન-ક્રિમિલેયર પ્રમાણપત્ર, રેશનકાર્ડ સંબંધિત સેવાઓ, આધારકાર્ડ સંબંધિત સેવાઓ અને આયુષ્માન કાર્ડ જેવી સેવાઓ માટે અરજીઓ સ્વીકારવામાં આવશે. ઉપરાંત વિધવા સહાય, નિરાધાર વૃદ્ધ સહાય અને દિવ્યાંગતા પ્રમાણપત્ર સહિતની સેવાઓનો લાભ પણ નાગરિકોને મળી શકશે. પાલિકા ઉપરાંત સમાજ કલ્યાણ અને સમાજ સુરક્ષા વિભાગને લગતી વિવિધ યોજનાઓના ફોર્મ તથા અરજીઓ પણ કાર્યક્રમ સ્થળે સ્વીકારવામાં આવશે. તંત્ર દ્વારા સંબંધિત સેવાઓ માટે જરૂરી આધાર-પુરાવા અને દસ્તાવેજો સાથે નાગરિકોને ઉપસ્થિત રહેવા અનુરોધ કરવામાં આવ્યો છે.

સુરતમાં અગાઉ ૩૦ સપ્ટેમ્બર ૨૦૨૪ના રોજ કતારગામના વસ્તા દેવડી વિસ્તારના કોમ્યુનિટી હોલ ખાતે સેવા સેતુ યોજાયો હતો. આ કાર્યક્રમમાં ૨,૧૪૯ લાભાર્થીઓએ વિવિધ સરકારી સેવાઓનો લાભ લીધો હતો. ત્યારબાદ લાંબા વિરામ પછી ફરી સેવા સેતુનું આયોજન થતાં સરકારી સેવાઓને લોકોની નજીક પહોંચાડવાના અભિગમને ફરી ગતિ મળશે.

**(પહેલાં પાનાનું ચાલુ)**
**સેલવાસ કલા કેન્દ્રમાં...**

કાર્યક્રમમાં હાજર કલાકારો અને મહારાષ્ટ્રીયન સમુદાયના સભ્યોને પ્રોત્સાહિત કર્યા હતા.

આ પ્રસંગે, પ્રદેશ ભાજપ મહામંત્રી શ્રી સુનિલ પાટીલ, પ્રદેશ ભાજપ ઉપાધ્યક્ષ શ્રી જીતુભાઈ માઢા, સેલવાસ નગરપાલિકા પ્રમુખ શ્રી સોમનાથ દેવરે, સેલવાસ શહેર જિલ્લા ભાજપ પ્રમુખ શ્રી શાંતુભાઈ પૂજારી, જિલ્લા ભાજપ ઉપાધ્યક્ષ શ્રી સુનિલ મહાજન તથા ભાજપના વિવિધ પદાધિકારીઓ, કાર્યકરો અને મોટી સંખ્યામાં મહારાષ્ટ્રીયન સમુદાયના સભ્યો હાજર રહ્યા હતા.

કાર્યક્રમ દરમિયાન, મહારાષ્ટ્રની સમૃદ્ધ લોક કલા, નૃત્ય, લોક સંગીત, પરંપરાગત વાદ્યો, ગાયન અને સાંસ્કૃતિક પ્રસ્તુતિઓ દ્વારા ભગવાન ગણેશનો મહિમા અને મહારાષ્ટ્રની લોક-સાંસ્કૃતિક પરંપરાઓ રજૂ કરવામાં આવી હતી. કલાકારોના મનમોહક પ્રદર્શને દર્શક શ્રોતાઓને મંત્રમુગ્ધ કરી દીધા હતા, અને સમગ્ર વાતાવરણ ગણેશમય બની ગયું હતું. આ સાંસ્કૃતિક કાર્યક્રમમાં મહારાષ્ટ્રીયન સમાજની કલા, સંસ્કૃતિ અને પરંપરાઓને નવી પેઢી સુધી પહોંચાડવાનો અને વિવિધ સમુદાયો વચ્ચે સાંસ્કૃતિક સંવાદિતાને મજબૂત કરવાનો સંદેશ પણ આપવામાં આવ્યો હતો.

**(પહેલાં પાનાનું ચાલુ)**
**‘હિન્દી પખવાડાની’ વિવિધ...**

કચીગામના વિદ્યાર્થીઓ તથા શિક્ષકોએ ઉત્સાહપૂર્વક ભાગ લઈને સુંદર પ્રદર્શન કરી શાળાનું ગૌરવ વધાર્યું હતું. જેમાં દેશભક્તિ ગીત સ્પર્ધામાં શાળાએ દ્વિતીય સ્થાન પ્રાપ્ત કર્યું હતું.

આ ઉપરાંત શિક્ષક વર્ગની સ્પર્ધાઓમાં વક્તૃત્વ સ્પર્ધામાં પ્રેરણા કુમારીએ પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું હતું, જ્યારે કાવ્ય લેખન સ્પર્ધામાં શ્રી વિક્રાંત કુમારે દ્વિતીય સ્થાન મેળવ્યું હતું. દેશભક્તિ ગીતની તૈયારીમાં શિક્ષિકા શ્રીમતી મોનિકા અને શ્રીમતી ભારતીએ માર્ગદર્શન તથા સહયોગ આપ્યો હતો. તેમજ શાળાના હિન્દી શિક્ષક શ્રી અશોક બાનાએ પણ મહત્ત્વપૂર્ણ માર્ગદર્શન અને સહયોગ આપ્યો હતો. શાળાની આ સિદ્ધિ બદલ આચાર્ય શ્રી અરવિંદ પટેલે તમામ વિજેતા વિદ્યાર્થીઓ, શિક્ષકો તથા માર્ગદર્શકોને હાર્દિક અભિનંદન અને શુભેચ્છાઓ પાઠવી હતી. તેમણે તમામ પ્રતિભાગીઓના ઉત્સાહ, મહેનત અને સમર્પણની પ્રશંસા કરી હતી.

‘હિન્દી પખવાડા’ અંતર્ગત પ્રાપ્ત થયેલી આ સિદ્ધિઓથી સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળા, કચીગામનું ગૌરવ વધ્યું છે. આ સફળતા વિદ્યાર્થીઓ અને શિક્ષકોના સંયુક્ત પ્રયાસ, મહેનત અને હિન્દી ભાષા પ્રત્યેના પ્રેમનું પ્રતિબિંબ છે.

# વલસાડ જિલ્લા સંકલન સમિતિની બેઠક મળી: પ્રજાના પ્રતિનિધિઓએ પ્રજાહિતના વિવિધ પ્રશ્નો રજૂ કર્યા



(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
વલસાડ, તા.૨૧

વલસાડ જિલ્લા સંકલન સમિતિની બેઠક કલેક્ટર શ્રી નીતિન સાંગવાનના અધ્યક્ષ સ્થાને કલેક્ટરાલયના સભાખંડમાં મળી હતી. જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતી હેતલબેન પટેલની ઉપસ્થિતિમાં ધારાસભ્યો શ્રી રમણભાઇ પાટકર, શ્રી જીતુભાઇ ચૌધરી, શ્રી ભરતભાઇ પટેલ, શ્રી અરવિંદભાઇ પટેલે જુદા જુદા પ્રજાલક્ષી પ્રશ્નોની રજૂઆત કરી હતી.

ઉમરગામના ધારાસભ્ય રમણભાઇ પાટકરે જુલાઇ-૨૬ના પેન્ડિંગ પ્રશ્ન ફણસા ગામે તળાવ વાળી જૂના સર્વે નં. ૫૩૫, ૫૩૬ જમીન ધી ટાટા એગ્રી કલ્ચર એન્ડ રૂરલ ટ્રેનિંગ સેન્ટર ફોર ધી બ્લાઇન્ડને ગ્રાન્ટ ન મળે ત્યાં સુધી ઉપયોગ માટે આપવામાં આવી હતી. હવે આ સંસ્થા ગ્રાન્ટેબલ હોઈ, જમીન પરત ગ્રામ પંચાયતને આપવા રજૂઆત કરી હતી. ઉમરગામ મામલતદારે જમીન પરત લેવા નોટીસ આપવામાં આવી હોવાનું જણાવ્યું હતું. કલેક્ટરે જિલ્લાના પ્રાંત અધિકારીઓ અને મામલતદારોને જિલ્લામાં આવી મિલકતો હોય તો તાત્કાલિક નોટીસ આપી, જમીન સરકાર હસ્તક લેવા સૂચના આપી હતી.

ધારાસભ્યે જૂન માસ દરમિયાન વલસાડ જિલ્લામાં અનેક સ્થળોએ રસ્તાઓ પર પાણી ઓવર ટેપીંગ થયા હતા. અને ઘણા સ્થળોએ પાણી ભરાયા હતા. ફણસા ખાતે કેબો કપંની પાસે, મરોલી-ભીલાડ નેશનલ હાઇવે પર મરોલી ચાર રસ્તા, તેમજ સરઇ ગામ, માંડા સનવારપાડા, નેશનલ હાઇવે-૪૮ પર ભીલાડ, સાતનાળા, સંજાણ બંદરપાડા, કનાડુ થી પાલી કરમબેલે રસ્તા પર પાલી ગામે મોટો ખેસ મરામત કરવા રજુઆતો કરતાં માર્ગ અને મકાન વિભાગના કાર્યપાલક ઇજનેર જતીન પટેલે આ સમસ્યાના નિરાકરણ માટે બોક્ષ કલવર્ટ, સંરક્ષણ દિવાલ બનાવવા દરખાસ્તની કાર્યવાહી કરવામાં આવી હોવાનું જણાવ્યું હતું.

ધારાસભ્યે સીએચસી સેન્ટર ડહેલી ગ્રામ પંચાયત દ્વારા છેલ્લા એક વર્ષથી ૧૮૦ જેટલા જન્મના પ્રમાણપત્રો આપવામાં આવ્યા નથી તેવી રજુઆત કરતાં કલેક્ટરે તાત્કાલિક ધોરણે બધા જ બાકી જન્મના પ્રમાણપત્રો અઠવાડિયામાં નિકાલ કરવા અને કામગીરીનો વિલંબ કરનારા સામે ખાતાકીય કાર્યવાહી કરવા પણ સૂચના આપી હતી. ઉમરગામ તાલુકામાં દેહરી, ઉમરગામ, મરોલી, કલગામ, ફણસા ગામોમાં દરિયાઇ ધોવાણ અંગે ધારાસભ્યે રજૂઆત કરી હતી. જે સંદર્ભે દમણગંગા નહેર સંશોધન વિભાગના કાર્યપાલક ઇજનેરે સંરક્ષણ દિવાલ માટે સરકારમાં દરખાસ્ત કરવામાં આવી હોવાનું જણાવ્યું હતું.આ ઉપરાંત ધારાસભ્યે પુનાટ ગામે દર વર્ષે વરસાદી પાણી ભરાતા અહીં વસતા લોકો માટે કાયમી નિરાકરણ માટે ફોરેસ્ટની જમીન ફાળવવા, ઉમરગામ નગરપાલિકા વિસ્તારમાં આંગણવાડીઓ બનાવવા રજુઆતો કરી હતી.

કપરાડા ધારાસભ્ય જીતુભાઇ ચૌધરીએ કપરાડા તાલુકાના મેઘવાળ ગામે જ્યોતિગ્રામ યોજના હેઠળ રેગ્યુલર વીજળી ન મળવા બાબતે રજૂઆત કરી હતી. ડીજીવીસીએલના અધિક્ષક ઈજનેરે જણાવ્યું હતું કે, અછારી ફીડર થી વીજળી આપવામાં આવે છે જેની લંબાઇ ૫૭ કિ.મી. જેટલી છે. જે પૈકી ૩૩.૫ કિમી. ઓવરહેડ થી અંડરગ્રાઉન્ડ કામગીરી પૂર્ણ થઇ છે. અને ૧૯ કી.મી. લાઇન એમવીસીસી કોટેડ કરી છે. બાકી કામ બે માસમાં પૂર્ણ થશે જેથી કાયમી ઉકેલ આવી જશે.

આ ઉપરાંત વાપી ધરમપુર નેશનલ હાઇવે -૫૬ પર પેચવર્ક કામ વ્યવસ્થિત ન થવા, અમદાવાદ મુંબઇ નેશનલ હાઇવે પર ધમડાચી ગામ ખાતે નવા બ્રીજ હાલમાં જ બન્યો છે. જ્યાં રસ્તાની હાલત અત્યંત ખરાબ તેમજ કાઠીયાવાડી હોટલની સામે પાંચ ફૂટ ઉંચી દિવાલના કારણે વરસાદી પાણીનો ભરાવો થતો હોવાની રજૂઆતો કરી હતી. કલેક્ટરે આ બાબતને ગંભીરતાથઈ લઇ, નેશનલ હાઇવેના અધિકારીને તાત્કાલિક કાર્યવાહી કરવા અને ભવિષ્યમાં આવું ન થાય તે માટે ચોક્કસ પ્લાન કરવા સૂચનાઓ આપી હતી.

વલસાડના ધારાસભ્ય ભરતભાઇ પટેલે વલસાડ નગરપાલિકામાં આઝાદ ચોકથી મસ્જીદ થઇ કોસંબા રોડ ધોબીતળાવ, સ્વામી વિવેકાનંદ સ્ટેચ્યૂની આગળ અને મહાત્મા ગાંધી રોડ, ધરમપુર રોડ અને અન્ય જાહેર રસ્તા પરના દબાણો દુર કરવા રજૂઆતો કરી હતી. નગરપાલિકાના અધિકારીએ દબાણકર્તાઓને નોટીસ ઉપરાંત કેટલાક દબાણો દૂર કરવામાં આવ્યા હોવાનું જણાવ્યું હતું.

ધારાસભ્યે કાંઠા વિસ્તારમાં દાંડી, ભાગલ, કકવાડી, ધરાસણા ગામે અગરિયાઓના મીઠાના પાકને ભારે વરસાદના કારણે નુકસાન થયેલ છે. જેના સર્વે અંગેની રજુઆત કરતાં, જિલ્લા ઉદ્યોગ કેન્દ્રના મેનેજરે સ્થળ તપાસણી કરવામાં આવી હોવાનું જણાવ્યું હતું. મીઠાના નુકશાન અંગે ભાગલ-દાંડી કરદીવા વિભાગ મીઠુ ઉત્પાદક સહકારી મંડળી, ભાગળ, ધી છરવાડા વિભાગ કો.ઓ.સોલ્ટ પ્રોડ્યુર્સ એન્ડ સેઇલ સોસાયટી લી. છરવાડા, ધી ધરાસણા ગૃપ કો.ઓ. સોલ્ટ પ્રોડ્યુસ એન્ડ સેઇલ સોસાયટી લી. ધરાસણા અને કકવાડી મીઠું ઉત્પાદક સહકારી મંડળી લી. કકવાડીએ અરજી કરી છે. નુકસાની અંગેની વિગતો, ફોટોગ્રાફ્સ, વિડીયો સહિત ગ્રામં પંચાયતનો દાખલો અને સાથે લીઝ રીન્યુઅલની વિગતો આપવામાં આવે તો આગળની કાર્યવાહી થઇ શકે તેમ જણાવ્યું હતું.

ધરમપુરના ધારાસભ્ય અરવિંદભાઇ પટેલે અગાઉના બાકી પ્રશ્ન ધરમપુરની રાજી રાજબા કન્યાશાળા કે જે રાજાના સમયની ધરોહર છે. તેની યોગ્ય જાળવણી અને હેરીટેજ માટે થયેલી કાર્યવાહી સંદર્ભે રજુઆત કરતાં જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીએ દરખાસ્ત કરવામાં આવી હોવાનું જણાવ્યું હતું.

બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી અતિરાગ ચપલોત, પોલીસ અધિક્ષક યુવરાજસિંહ જાડેજા સહિત અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. બેઠકનું સંચાલન નિવાસી અધિક કલેક્ટર કે.એસ.ડાભીએ કર્યું હતું.

ભેંસદરા ખાતે સેવા સેતુ પ્રજાલક્ષી કાર્યક્રમ યોજાયો

# સરકાર આપના દ્વારે અંતરિયાળ વિસ્તારના નાગરિકોને સરકારી સેવાઓનો લાભ





(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
વલસાડ, તા.૨૧

ધરમપુર વિધાનસભા મતવિસ્તારના અંતરિયાળ અને આદિવાસી વિસ્તારોના નાગરિકોને સરકારી સેવાઓ તથા લોકકલ્યાણકારી યોજનાઓનો લાભ સરળતાથી મળી રહે તે હેતુથી ધરમપુર તાલુકાના ભેંસધરા પ્રાથમિક શાળા ખાતે સેવા સેતુ પ્રજાલક્ષી કાર્યક્રમ યોજાયો હતો.

કાર્યક્રમમાં ધરમપુરના ધારાસભ્ય શ્રી અરવિંદભાઈ પટેલ ઉપસ્થિત રહી ગ્રામજનો અને લાભાર્થીઓ સાથે સીધો સંવાદ કરી, સરકારની વિવિધ યોજનાઓ અને સેવાઓ અંગે માહિતી આપી હતી સાથે ગ્રામજનોની રજૂઆતો અને પ્રશ્નો સાંભળ્યા હતા.

ધારાસભ્ય શ્રી અરવિંદભાઈ પટેલે જણાવ્યું હતું કે, ''સરકારની યોજનાઓનો સાચો હેતુ ત્યારે જ સિદ્ધ થાય છે જ્યારે તેનો લાભ સમાજના છેવાડાના અને જરૂરિયાતમંદ વ્યક્તિ સુધી પહોંચે. અંતરિયાળ વિસ્તારના નાગરિકોને સરકારી કચેરીઓના વારંવાર ધક્કા ન ખાવા પડે અને જરૂરી સેવાઓ નજીકમાં જ મળી રહે તે માટે સેવા સેતુ જેવા કાર્યક્રમો મહત્વપૂર્ણ છે.''

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, કોઈપણ નાગરિક માત્ર માહિતીના અભાવે પોતાના હકના લાભથી વંચિત ન રહે તે માટે સરકાર, વહીવટી તંત્ર અને જનપ્રતિનિધિઓ વચ્ચે સતત સંકલન જરૂરી છે. સેવાસેતુ કાર્યક્રમમાં ભેંસદરા, ઝરીયા, ફુલવાડી, ઉકતા, ટીટુખડક, કેળવણી, પાનવા, ચીંચોઝર, માકડબન, બરૂમાળ, આવધા તથા સિદુમ્બર સહિતના ગામોના નાગરિકોને ધ્યાનમાં રાખીને સેવાકીય કામગીરી હાથ ધરવામાં આવી હતી.

કાર્યક્રમ દરમિયાન સંબંધિત અધિકારીઓ અને કર્મચારીઓ દ્વારા નાગરિકોને વિવિધ સરકારી યોજનાઓ અને સેવાઓ અંગે જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ પ્રસંગે સ્થાનિક આગેવાનો, ગ્રામજનો, અધિકારીઓ તથા કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

''સરકાર આપના દ્વારે, સેવા સૌના હિતે''ના સંકલ્પ સાથે યોજાયેલા આ કાર્યક્રમનો મુખ્ય ઉદેશ અંતરિયાળ વિસ્તારના નાગરિકો સુધી સરકારની સેવાઓ અને યોજનાઓ સરળતાથી પહોંચાડવાનો રહ્યો હતો.

# વલસાડની સરકારી ઈજનેરી કોલેજનાં બે પ્રાધ્યાપકોએ પૂર્ણ કરી લદ્દાખ મેરેથોન









(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
વલસાડ, તા.૨૧

વલસાડની સરકારી ઈજનેરી કોલેજના મિકેનિકલ એન્જિનિયરિંગ વિભાગના બે પ્રાધ્યાપકો પ્રો. વિમલ એસ. પટેલ અને ડૉ. શિરીષ કે.પટેલે વિશ્વની પડકારજનક હાઈ-ઍલ્ટિટ્યૂડ મેરેથોનમાંની એક એવી લદ્દાખ મેરેથોન સફળતાપૂર્વક પૂર્ણ કરી કોલેજનું ગૌરવ વધાર્યું છે. લગભગ ૧૧,૫૦૦ ફૂટની ઊંચાઈ પર યોજાતી આ મેરેથોનમાં ઓછા ઓક્સિજનનું પ્રમાણ, ઊંચાઈવાળું કઠિન ભૂપ્રદેશ અને પ્રતિકૂળ પરિસ્થિતિઓને કારણે દોડવીરોની શારીરિક ક્ષમતા સાથે માનસિક મજબૂતી, ધૈર્ય અને સતત પ્રયત્નોની પણ કસોટી થાય છે.

પ્રો. વિમલ એસ. પટેલે ૪ કલાક ૧૧ મિનિટ ૦૪ સેકન્ડમાં, જ્યારે ડૉ. શિરીષ કે. પટેલે ૫ કલાક ૩૭ મિનિટ ૩૬ સેકન્ડમાં મેરેથોન પૂર્ણ કરી હતી. નિયમિત તાલીમ, શિસ્ત, સખત મહેનત, દૃઢ નિશ્ચય અને સતત પ્રયત્નોના પરિણામે બંને પ્રાધ્યાપકોએ આ સિદ્ધિ હાંસલ કરી છે. તેમની આ સિદ્ધિથી મિકેનિકલ એન્જિનિયરિંગ વિભાગ તેમજ સમગ્ર કોલેજ પરિવારમાં ગૌરવની લાગણી પ્રસરી છે. બંને પ્રાધ્યાપકોએ આ સફળતા માટે સરકારી ઈજનેરી કોલેજ, વલસાડના આચાર્ય ડૉ.વિજય ડી. ધીમાન તથા સમગ્ર કોલેજ પરિવારનો સતત પ્રોત્સાહન, સહયોગ અને પ્રેરણા બદલ હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો. તેમજ પ્રાધ્યાપકોને વ્યાવસાયિક તેમજ વ્યક્તિગત ક્ષેત્રે શ્રેષ્ઠતા હાંસલ કરવા માટે પ્રોત્સાહિત કરતું વાતાવરણ પૂરું પાડવા બદલ આચાર્યશ્રી પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરી હતી. બંને પ્રાધ્યાપકોની આ સિદ્ધિ વિદ્યાર્થીઓ અને સહકર્મચારીઓ માટે પ્રેરણારૂપ બની છે. તેમણે સાબિત કર્યું છે કે, દૃઢ નિશ્ચય, ધૈર્ય, શિસ્ત અને સતત પ્રયત્નો દ્વારા કોઈપણ મુશ્કેલ પડકારને સફળતાપૂર્વક પાર કરી શકાય છે.

# એ.એમ.એસ. સ્કૂલ ચણવઈ વલસાડનું ગૌરવ : ૧૪ ખેલાડીઓની સેપકટકરોવ અને ૧ ખેલાડીની વોલીબોલમાં રાજ્ય કક્ષાએ પસંદગી





(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
વલસાડ, તા.૨૧

એ.એમ.એસ ઈંગ્લીશ મીડિયમ સ્કૂલ, ચણવઈ માટે આ સપ્તાહ ગૌરવપૂર્ણ રહ્યું. SGFI વલસાડ જિલ્લા કક્ષાની સ્પર્ધાઓમાં શાળાના વિદ્યાર્થીઓએ શાનદાર પ્રદર્શન કર્યુ છે.

તાજેતરમાં યોજાયેલી સેપકટકરોવ સ્પર્ધામાં શાળાએ અંડર-૧૭ અને અંડર-૧૯ બહેનો વિભાગમાં જિલ્લા ચેમ્પિયન, અંડર-૧૪ માં ઉપવિજેતા સહિત કુલ ૬ ટ્રોફી મેળવી હતી. જેના આધારે શાળાના ૧૪ ખેલાડીઓની વલસાડ જિલ્લા સેપકટકરો ટીમમાં રાજ્ય કક્ષા માટે પસંદગી થઈ છે.

રાજ્ય કક્ષાએ પસંદ થયેલ ખેલાડીઓ સેજલ વર્મા, કિરત સોલંકી, નિજલ પટેલ, આંચલ વર્મા, આમેના ખાન, મહિમા યાદવ, નીરુ મેડા, લક્ષ્મી મેડા, કાજલ પટેલ, આલિયા પઠાણ, અનિશ ચાઈ, અબ્દુલ ખાન, કૃષ કુશવાહા અને વિશ્વજીત ઠાકર.

બીજી તરફ, તા.૧૭/૦૯/૨૦૨૬ના રોજ વાપી ખાતે યોજાયેલી વોલીબોલ સ્પર્ધામાં જિલ્લા ટીમ ઉપવિજેતા બની હતી અને શાળાની નિજલ આર. પટેલની વોલીબોલમાં પણ રાજ્ય કક્ષાએ પસંદગી થઈ છે. આમ નિજલે એક જ સપ્તાહમાં બે રમતમાં રાજ્ય કક્ષાએ સ્થાન મેળવી ડબલ સિદ્ધિ મેળવી છે.

આ સિદ્ધિ બદલ વ્યાયામ શિક્ષક શ્રી અશોક એન. ટંડેલ અને તમામ ખેલાડીઓને શાળા પરિવાર દ્વારા અભિનંદન પાઠવવામાં આવ્યા છે.

# ગણેશોત્સવ નિમિત્તે નારગોલ બારીયા સમાજ મર્યાદિત વક્તૃત્વ સ્પર્ધાનું ભવ્ય આયોજન કરાયું



(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)
વાપી,તા.૨૧

નારગોલ બારી બારીયા સમાજ શિક્ષણ વિભાગ દ્વારા પ્રમુખશ્રી કિરણભાઈ આર.બારીયાના અધ્યક્ષપણા હેઠળ નારગોલ સમાજ મર્યાદિત ગુરૂવાર તારીખ ૧૭ મી સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ વિધાર્થીઓ તેમજ ઓપન માટે વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું. જેમાં 'મને ગમે છે ગણેશોત્સવ' બદલાતા સમયમાં (એ.આઈ.)ની ભૂમિકા (લાભ-ગેરલાભ),

તાજેતરમાં મે અનુભવેલો પૂર પ્રકોપ, તેમજ નશાબંધી જેવા વિષયો પર વિદ્યાર્થીઓ તેમજ ઓપન વિભાગ દ્વારા સુંદર પોત પોતાના મંતવ્યો રજૂ કર્યા હતા. દરેક સ્પર્ધકોને મોમેન્ટો આપી બહુમાન કરવામાં આવ્યું હતું. મોટા વાઘછીપાથી વ્યસન મુક્તિ કેન્દ્રનું સંચાલન કરતા મમતાબેન સુરતીએ નશાથી સેંકડો ઘર બરબાદ થતા મેં જોયા છે તેમજ યુવાધન પણ એમાં હોમાય રહ્યું છે તેમ જણાવ્યું.

શિક્ષણ વિભાગના પ્રમુખ શ્રી જયેશભાઈ બારિયાએ જણાવ્યુ કે, આવા પ્રોગ્રામ થકી વિધાર્થીઓને મંચ પર મોકલી એક નવું પ્લેટફોર્મ તૈયાર કરવામાં આવશે.

ડૉ.પંકજ કરશનભાઈ બારીયા ઉપપ્રમુખ શિક્ષણ વિભાગ, ડૉ. નિરજ બચુભાઈ બારીયા ઉપપ્રમુખ શિક્ષણ વિભાગ, ચિરાગ જયેશભાઈ બારીઆ મહામંત્રી શિક્ષણ વિભાગ, સંજય ભીખુભાઈ બારીઆ ખજાનચી શિક્ષણ વિભાગ, સહમંત્રી જીગર રમેશભાઈ બારીઆએ ખડે પગે સેવા આપી હતી. નિરીક્ષક તરીકે ઉપાસના સ્કૂલ વાપીના શિક્ષક શ્રી મહેશભાઈ ભંડારી નારગોલવાળાએ સેવા આપી હતી.

સમગ્ર બારી બારીઆ સમાજ નારગોલ પણ સેવા આપી હતી. આપના દેશના યશસ્વી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીનો જન્મ દિવસ હોય જેથી સમગ્ર સમાજે દીવડા પ્રગટાવી શુભેચ્છા પાઠવી હતી. આભાર વિધિ સમાજના પ્રમુખ શ્રી કિરણભાઈ બારીયાએ કરી હતી.

# હાજી અબ્દુલ ગફુર સિરોહા નેશનલ ગર્લ્સ હાઈસ્કૂલ વાપી ખાતે 'ફાયરલેસ કુકિંગ સ્પર્ધા' યોજાઈ







(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)
વાપી, તા.૨૧

મિલ્લત વેલ્ફેર ટ્રસ્ટ, વાપી દ્વારા સંચાલિત હાજી અબ્દુલ ગફુર સિરોહા નેશનલ ગર્લ્સ હાઈ સ્કૂલ (અંગ્રેજી માધ્યમ) ખાતે આજે 'ફાયરલેસ કુકિંગ સ્પર્ધા'નું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધાનો મુખ્ય ઉદેશ સહભાગીઓમાં સર્જનાત્મકતા, સ્વસ્થ ખોરાકની આદતો, સ્વચ્છતા અને પ્રસ્તુતિ કૌશલ્યને પ્રોત્સાહન આપવાનો હતો.

સવારે ૧૦:૦૦ વાગ્યે યોજાયેલી આ સ્પર્ધામાં ઉત્સાહપૂર્ણ પ્રતિભાવ મળ્યો હતો. સહભાગીઓએ અગ્નિ વગર વિવિધ સ્વાદિષ્ટ વાનગીઓ તૈયાર કરી અને તેને સર્જનાત્મક રીતે રજૂ કરી હતી. વાનગીઓનું મૂલ્યાંકન સ્વાદ, સ્વચ્છતા, પ્રસ્તૃતિ, સર્જનાત્મકતા અને સજાવટના આધારે કરવામાં આવ્યું હતું.

મૂલ્યાંકન માટે ત્રણ નિર્ણાયકોને આમંત્રિત કરવામાં આવ્યા હતા.

૧. શ્રીમતી વહીહા સિરોહા, ૨. શ્રીમતી ફિરદોસ સિરોહા ૩. કુ. અલિયા સિરોહા

કાળજીપૂર્વકના મૂલ્યાંકન બાદ નીચેના માતા-પિતાએ ઈનામો મેળવ્યા

૧) પ્રથમ ઈનામ - રેહાના મેમણ ૨) દ્વિતીય ઈનામ - સાબિરજીન ખાન અને આફરીન શેખ, ૩) તૃતીય ઈનામ - અનિશા કોલડ

શાળા વ્યવસ્થાપને તમામ વિજેતાઓને અભિનંદન પાઠવ્યા અને દરેક સહભાગીના પ્રયાસોની પ્રશંસા કરી. આ સ્પર્ધાએ માતા-પિતાને તેમની સર્જનાત્મકતા, આત્મવિશ્વાસ અને સ્વચ્છ રસોઈ તૈયારીના કૌશલ્યને પ્રદર્શિત કરવાની ઉત્તમ તક પૂરી પાડી હતી.

મુખ્ય અતિથિ : ફિરોઝા સલીમ સોલંકી, સન્માનનિય અતિથિઓ, શબનમ સિરોહા અને મિસ્બા સિદિક સોલંકી. શાળા તમામ વિજેતાઓ અને સહભાગીઓને હાર્દિક અભિનંદન પાઠવે છે અને આ કાર્યક્રમને સફળ બનાવવા બદલ આભાર વ્યક્ત કરે છે.

# વલસાડ જિલ્લાના તમામ તાલુકાઓમાં સ્વચ્છતા હી સેવા અભિયાનનો પ્રારંભ કરાયો

(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
વલસાડ, તા.૨૧

સ્વચ્છતા હી સેવા અભિયાન વલસાડ જિલ્લા સહિત સમગ્ર રાજયમાં તા.૧૭ સપ્ટેમ્બર ૨૦૨૬ થી તા. ૦૨ ઓક્ટોબર, ૨૦૨૬ દરમ્યાન Swachhata Mein Sahbhag, Swachh Bharat, Viksit Bharat"ની થીમ હેઠળ યોજાનાર છે. રાજ્ય કક્ષાએ આ અભિયાન તા. ૨જી ઓક્ટોબર સુધી ન રાખી, ૧૭મી ઓક્ટોબર સુધી આ અભિયાન ચલાવવાનો નિર્ણય કરાયો છે.

ધરમપુર તાલુકાના ગામોમાં સ્વચ્છતા હી સેવા કાર્યક્રમનો ધારાસભ્ય અરવિંદભાઈ પટેલના હસ્તે શુભારંભ કરાયો હતો. જેમાં સરપંચ, તલાટી અને ગ્રામજનો હાજર રહ્યા હતા.

કપરાડા તાલુકાના ગામોમાં જિલ્લા પંચાયત સદ્સ્ય દક્ષાબેન ચંદરભાઈ ગાયકવાડના હસ્તે, પારડી તાલુકાના ગામોમાં તાલુકા સદસ્ય અજયકુમાર પટેલના હસ્તે, વલસાડ તાલુકાના ગામોમાં ધારાસભ્ય ભરતભાઈ પટેલના હસ્તે અને નાનાપોંઢા તાલુકાના ગામોમાં ધારાસભ્ય જીતુભાઇ ચૌધરીના હસ્તે સ્વચ્છતા હી સેવા કાર્યક્રમનો પ્રારંભ કરાયો હતો.

વર્તમાન પ્રવાહ

## તંત્રી લેખ

# ભારત ક્રૂડ તેલના મામલે પોતાના વેપાર અને આર્થિક હિતોના રક્ષણ માટે કોઈ પણ જરૂરી પગલાં ભરવા કટિબદ્ધ



**અ**મેરિકા અને તેના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ ફરી એક વખત ટેરિફની તલવાર વિંઝવાની તૈયારીમાં છે. યુક્રેનના જંગમાં રશિયાને આર્થિક રીતે નબળું પાડવાના બહાના તળે રશિયન ક્રૂડ તેલની આયાત કરતા દેશો સામે ૧૧૦ ટકા ટેરિફ લાદવાના ખરડાએ અમેરિકાની સંસદે બહાલી આપી દીધી છે. આ ખરડાતળે મળેલી સત્તાનો હવે ટ્રમ્પ ભારત સહિતના દેશો સામે ઉપયોગ કરીને ફરીવાર આર્થિક મોરચો ખોલશે એવી આશંકા વધુ દૃઢ બની છે. ઈરાનના મોરચે બહુ ખરાબ રીતે વિફળ રહેલા અમેરિકાને ફરીવાર રશિયાની સામે પ્રતિબંધોને મજબૂત કરવાનાં પગલાં સૂઝયાં છે. આમ તો આ અગાઉ ભારત સહિતના દેશોની સામે ટેરિફ લગાવી ચૂકેલા અમેરિકાને પાછળથી પીછેહઠ કરવાની ફરજ પડી હતી. આ વખતે તો અમુક દેશ પોતાના અન્ય વિકલ્પો તૈયાર રાખીને બેઠા છે. ભારત પણ આ દેશોમાં સામેલ છે. કોઈ પણ દેશને અમેરિકામાં નિકાસ થતા પોતાના ઉત્પાદનોથી ભારે આવક થતી હોય છે, પણ તેના પર ૧૧૦ ટકા ટેરિફ લદાય તો આ આયાત પર અવળી અસર પડતી હોય છે, પણ ગયાં વર્ષે પણ અમેરિકાએ આવું પગલું લીધું હતું, ત્યારે ભારતે વૈકલ્પિક માર્ગ ખોળી રાખ્યો




હતો, તેને લીધે ભારત પડકારને પહોંચી વળવામાં મદદ મળી હતી. આમ તો આજકાલના સમયમાં વિશ્વ માત્ર અમેરિકાની મનમાની પર ચાલતું નથી. બહુધ્રુવીય વ્યવસ્થામાં અમેરિકાનો પ્રભાવ હવે ઓસરી રહ્યો છે, પણ સવાલ એ છે કે, અમેરિકાને તેની મર્યાદાઓ હજી ગળે ઊતરતી નથી. તેના ટેરિફનાં પગલાંથી ભારત સહિતના દેશોને વિકલ્પો અમલમાં મૂકવામાં સમય અને શક્તિ બંનેનો વ્યય કરવો પડશે. ગયા મહિને અમેરિકાની પ્રતિનિધિસભાએ લિંડસે ગ્રેહામ સૈંકશનિંગ રૂસ એન્ડ ઈરાન એક્ટ ઓફ ૨૦૨૬ પસાર કર્યો હતો. હવે ટ્રમ્પ આ ખરડા પર સહી કરે એટલે અમલી બનતા આ કાયદા તળે ભારત અને ચીન જેવા દેશોની સામે ટેરિફ લાદવાની શક્યતા હવે પ્રબળ બની છે. આમ આ નવા ખરડાએ ટ્રમ્પને દુનિયામાં કોઈની પણ સામે કોઈ પણ સમયે ટેરિફનું યુદ્ધ શરૂ કરવાનું હથિયાર સોંપી દીધું છે. તેઓ તેમની પ્રકૃતિ મુજબ પોતાને ઠીક લાગે તે દેશને પોતાના પ્રભાવમાં લવવા આ શસ્ત્રનો દબાણ તરીકે ઉપયોગ કરી શકશે. આમ તો ગયા વર્ષે અમેરિકાએ રશિયા પાસેથી ક્રૂડ તેલ ખરીદવા બદલ ભારતની સામે ૫૦ ટકા ટેરિફ લાદી દીધો હતો, પણ તે પછી એક વેપારી કરાર હેઠળ આ વર્ષે ફેબ્રુઆરી મહિનામાં ટેરિફ હટાવાયો હતો. હવે આશંકા પ્રબળ બની રહી છે કે, ટ્રમ્પ આ ખરડાને બહાલી આપી દે તે પછી રશિયા પાસેથી તેલ ખરીદવા બદલ ભારત અને ચીન સામે નવેસરથી ટેરિફ લદાઈ શકે છે. જો કે, ભારતે સ્પષ્ટ કરી દીધું છે કે, ક્રૂડ તેલના મામલે તે પોતાના વેપાર અને આર્થિક હિતોના રક્ષણ માટે કોઈ પણ જરૂરી પગલાં લેવા માટે કટિબદ્ધ છે. ભારતના વિદેશ મંત્રાલયે પણ પ્રતિભાવમાં કહ્યું છે કે, ઊર્જા સલામતી માટે થઈને બદલાતી જતી બજારની પરિસ્થિતિને અનુરૂપ તે તેલની આયાતના શ્રોતોમાં વિવિધતા લવાઈ રહી છે. આમે રશિયા સાથેની ગાઢ મિત્રતાને પગલે અને પોતાની ઊર્જા જરૂરતોને પૂરી કરવા ભારતે છેલ્લા ઘણા સમયથી રશિયન તેલની આયાત સતત વધારી છે. હવે અમેરિકા ટેરિફની ધમકીથી ભારતને આ આયાતને મર્યાદિત રાખવાની ફરજ પાડવાનો ઈરાદો ધરાવે છે, પણ હવે ભારત આવા કોઈ પણ પડકારને પહોંચી વળવા સજ્જ થયું હોવાથી ટ્રમ્પના ઈરાદા ફળીભૂત થાય તેમ જણાતું નથી.

# જળ માટે સહયોગઃ સામૂહિક પ્રયાસ માટે ભારતનું આહ્‌વાન

**પા**ણી આપણને એવી રીતે જોડે છે, જે રીતે અન્ય બહુ ઓછા સંસાધનો આપણને જોડી શકે છે. નદીઓ વહીવટી સીમાઓને ઓળખતી નથી. ભૂગર્ભજળના સ્રોત અનેક સમુદાયોની જરૂરિયાતો પૂરી કરી શકે છે. આજે પડેલો વરસાદ આવતીકાલના પીવાના પાણી, સિંચાઈ, ભૂગર્ભજળ અથવા નદીના પ્રવાહનો આધાર બને છે. આ એક સરળ પરંતુ મહત્ત્વપૂર્ણ સિદ્ધાંત તરફ દોરી જાય છેઃ પાણી એ એક સહિયારું સંસાધન છે, અને તેને આપણી ભાવી પેઢીઓ માટે સુરક્ષિત કરવું એ સહિયારી જવાબદારી છે.

આ જ ભાવના સાથે ભારત ૨૨ થી ૨૬સપ્ટેમ્બર ૨૦૨૬ દરમિયાન નવી દિલ્હી ખાતે જલ શક્તિ મંત્રાલય દ્વારા આયોજિત ૯મા ઈન્ડિયા ઈન્ટરનેશનલ વોટર વીકમાં વૈશ્વિક જળ સમુદાયનું સ્વાગત કરશે. તેની થીમ, ક્લાઈમેટ રેઝિલિયન્ટ વોટર મેનેજમેન્ટ (હવામાન સ્થિતિસ્થાપક જળ વ્યવસ્થાપન), એવા સમયે ખાસ કરીને સુસંગત છે જ્યારે આબોહવા પરિવર્તન જળ ચક્રને વધુને વધુ અણધારી બનાવી રહ્યું છે.

ભારત આંતરરાષ્ટ્રીય જળ સપ્તાહ માત્ર એક પરિષદ નથી. તે એક એવું પ્લેટફોર્મ છે જ્યાં સરકારો, નિષ્ણાતો, ઉદ્યોગો, સમુદાયો અને આંતરરાષ્ટ્રીય ભાગીદારો અનુભવો, ટેકનોલોજી ઓ અને વિચારોનું આદાન પ્રદાન કરી શકે છે અને ભવિષ્ય માટે ભાગીદારી બનાવી શકે છે. તેનો ઉદ્દેશ્ય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના ઉપક્રમે આયોજિત તાજેતરમાં જળ ક્ષેત્ર સાથે જોડાયેલ વિભાગીય સમિટની ભાવના અને શિક્ષણ પરનિર્માણ કરવાનો પણ છે, જ્યાં ભારતના રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો આક્ષેત્રના પડકારોની ચર્ચા કરવા, અનુભવો શેર કરવા અને આગળનો માર્ગ નક્કી કરવા માટે ભેગા થયા હતા.

ભારત આ સંવાદમાં મોટા પાયે જળ અને સ્વચ્છતા કાર્યક્રમોના અમલીકરણનો વ્યાપક અનુભવ લાવે છે. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળ, જળજીવન મિશને ૨૦૧૯માં ૩.૨૩ કરોડ ગ્રામીણ પરિવારોથી વધારીને ૧૫.૯ કરોડથી વધુ ગ્રામીણ પરિવારો સુધી નળ દ્વારા પાણી પહોંચાડ્યું છે.

જલ જીવન મિશન ૨.૦ જળપુરવઠાના માળખાકીય સુવિધાઓને વિશ્વસનીય સાર્વજનિક સેવા વિતરણ પ્રણાલીઓમાં રૂપાંતરિત કરવા પર કેન્દ્રિત છે. ગ્રામ પંચાયતો અને તેની વિલેજ વોટર અને સેનિટેશન કમિટીઓ (VWSCs)ને ગ્રામીણ જળ સેવાઓના સંચાલન, જાળવણી અને દેખરેખ માટે સ્થાનિક માઈક્રો યુટિલિટીઝ તરીકે સશક્ત બનાવવામાં આવી રહી છે. જળ સેવા આંકલન, જે ગ્રામ પંચાયતની આગેવાની હેઠળ ડિજિટલ પીવાના પાણીની સેવા કાર્યક્ષમતા મૂલ્યાંકન પહેલ છે, તે ઈન્ફ્રાસ્ટ્રક્ચર નિર્માણથી લઈને સતત સેવા વિતરણ તરફ એક નિર્ણાયક પરિવર્તન દર્શાવે છે, જે ગ્રામ પંચાયતો અને ગ્રામીણ સંસ્થાઓને 'જન ભાગીદારી' દ્વારા હર ઘર જલ (HGJ) ગામોમાં પીવાના પાણીના પુરવઠાની નિયમિતતા, પર્યાપ્તતા, ગુણવત્તા અને ટકાઉપણાનું મૂલ્યાંકન કરવાના કેન્દ્રમાં મૂકે છે.

નમામિ ગંગે કાર્યક્રમ દ્વારા, ભારતે ગંગા નદી અને તેની ઉપ નદીઓના પુનરુત્થાન માટે એકીકૃત અભિગમ અપનાવ્યો છે, જેમાં સીવેજ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને પ્રદૂષણ નિવારણને ઈકોલોજીકલ રિસ્ટોરેશન, જૈવવિવિધતા સંરક્ષણ અને લોકોની ભાગીદારી સાથે જોડવામાં આવ્યા છે. આ કાર્યક્રમ હેઠળ ૫૨૭થી વધુ પ્રોજેક્ટ્સ મંજૂર કરવામાં આવ્યા છે અને ૩૬૭ પૂર્ણ થયા છે, જેનાથી ૪,૨૬૩ મિલિયન લીટર સીવેજ ટ્રીટમેન્ટ ક્ષમતા ઊભી થઈ છે.

સ્વચ્છ ભારત મિશન ગ્રામીણ પણ એટલો જ મહત્ત્વપૂર્ણ પાઠ આપે છે. ગ્રામીણ વિસ્તારોમાં ૧૨ કરોડથી વધુ શૌચાલયોનું નિર્માણ કરવામાં આવ્યું છે. ઈન્ફ્રાસ્ટ્રક્ચર નિર્માણ ઉપરાંત, આનાથી આપણી માતાઓ અને બહેનો માટે ગૌરવ મળ્યું છે અને વર્તણૂકમાં ફેરફાર સુનિશ્ચિત થયો છે. આ મિશનના બીજા તબક્કામાં ઘન અને પ્રવાહી કચરાના વ્યવસ્થાપન પર પણ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે, જેમાં ઘરગથ્થુ અને સમુદાય બંને સ્તરે ગ્રેવોટર મેનેજમેન્ટ માટે બહુવિધ હસ્તક્ષેપ કરવામાં આવી રહ્યા છે. આ તમામ કાર્યક્રમોમાં એક સમાન દોરો વણાયેલો છે 'જન ભાગીદારી', એવા વિશ્વાસ સાથે કે જ્યારે લોકો લાભાર્થીમાંથી ભાગીદાર



લેખકઃ - સી. આર. પાટીલ
(*લેખક કેન્દ્રીય જલ શક્તિ મંત્રી છે)

બને છે ત્યારે જાહેર નીતિ સૌથી મજબૂત બને છે.

આ જ અભિગમ આપણા જળ સંરક્ષણના પ્રયાસોને માર્ગદર્શન આપે છે. જળ સંચય જન ભાગીદારી અને કેચ ધ રેઈન ઝુંબેશ જેવી પહેલો દ્વારા, અમારો ઉદ્દેશ્ય જળ સંરક્ષણને માત્ર સરકારી કાર્યક્રમ જ નહીં, પરંતુ એક ટેવ અને જન આંદોલન બનાવવાનો છે. હવામાન સ્થિતિસ્થાપક જળ વ્યવસ્થાપનને આખરે સ્થાનિક સ્તરે સમજવું, અપનાવવું અને જાળવી રાખવું જ જોઈએ. તાજેતરમાં, અમે 'કેચ ધ રેઈન' એન્થમ (ગાન) પણ લોન્ચ કર્યું છે.

ભારતનો અનુભવ આપણને એ પણ શીખવે છે કે પાણીના પડકારોનો કોઈ એક જ ઉકેલ નથી. હિમાલયના રાજ્યની જરૂરિયાતો શુષ્ક ક્ષેત્રની જરૂરિયાતો કરતાં ભિન્ન હોય છે, જેવી રીતે વિકસતા શહેરના પડકારો ગ્રામીણ સમુદાયના પડકારોથી અલગ હોય છે. આ વિવિધતા આપણા રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને ભૂગર્ભજળ રિચાર્જ, સિંચાઈ કાર્યક્ષમતા, પીવાના પાણીની વ્યવસ્થાના સામુદાયિક વ્યવસ્થાપન અને ગંદા પાણીના પુનઃ ઉપયોગ ક્ષેત્રે અનુભવનો સમૃદ્ધ ભંડાર બનાવે છે. જ્યારે આવા અનુભવો શેર કરવામાં આવે છે, ત્યારે સફળ સ્થાનિક ઉકેલો તે જયાંથી શરૂ થયા હતા તે સ્થાનોથી બહુ દૂર સુધી જઈ શકે છે.

આ સિદ્ધાંત આંતરરાષ્ટ્રીય સ્તરે પણ લાગુ પડે છે. કોઈ પણ દેશ પાસે જળ સુરક્ષા માટેના તમામ જવાબો નથી અને દરેક દેશ પાસે યોગદાન આપવાઅને શીખવા માટે કંઈક ને કંઈક છે. તેથી, ઈન્ડિયા ઈન્ટરનેશનલ વોટર વીક એ માત્ર સૂચનો આપવાને બદલે ભાગીદારીને અસરકારક સ્વરૂપ આપે છે, જે ભારતના પોતાના અનુભવ સાથે સતત જળ વ્યવસ્થાપન, ટેકનોલોજી, ફાઈનાન્સિંગ અને આબોહવા જોખમ વ્યવસ્થાપનમાં વૈશ્વિક અનુભવનો સંવાદ રજૂ કરે છે.

જળનું સંચાલન અલગ અલગ રીતે કરી શકાય નહીં. જળ સુરક્ષાનો સીધો સંબંધ ખાદ્ય સુરક્ષા, જનસ્વાસ્થ્ય, આજીવિકા, પર્યાવરણ સુરક્ષા અને ટકાઉ વિકાસ સાથે છે. આથી ભારત આંતરરાષ્ટ્રીય જળ સપ્તાહમાં નદી ખીણો અને ભૂગર્ભજળના સ્રોતોના સંચાલન, ઉપયોગમાં લેવાયેલા પાણીના પુનઃ ઉપયોગ, પાણીના કાર્યક્ષમ ઉપયોગ, હવામાન અને જળ સંબંધિત આગાહીઓ, સમયસર ચેતવણી આપતી પ્રણાલીઓ અને નદીઓમાં પર્યાવરણ માટે જરૂરી જળપ્રવાહ જેવા વિષયો પર ચર્ચા કરશે.

ટેકનોલોજી આ પરિવર્તનનો એક મહત્ત્વપૂર્ણ ભાગ બની રહેશે. વધુ સારો ડેટા, મોડેલિંગ અને ડિજિટલ સિસ્ટમ્સ આપણને પાણીની ઉપલબ્ધતા કેવી રીતે બદલાઈ રહી છે તે સમજવામાં, જોખમોની અપેક્ષા રાખવામાં અને કાર્યક્ષમતા સુધારવામાં મદદ કરી શકે છે. પરંતુ ટેકનોલોજી તેનું સૌથી મોટું મૂલ્ય ત્યારે આપે છે જ્યારે તે સરકારો, સ્થાનિક સંસ્થાઓ અને સમુદાયો દ્વારા વધુ સારા નિર્ણયો લેવામાં સક્ષમ બનાવે છે. આથી જ પ્રેક્ટિશનરો, સ્ટાર્ટઅપ્સ અને યુવાનોની ભાગીદારી ખાસ કરીને મહત્ત્વપૂર્ણ છે. જલ જીવન મિશનમાં કરવામાં આવી રહેલા સંસ્થાકીય સુધારાઓ હેઠળ 'સુજલમ ભારત' ડિજિટલ જાહેર માળખાનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. તેનો ઉદ્દેશ આંકડાઓ અને ટેક્નોલોજીની મદદથી વધુ સારી યોજના બનાવવી, જળ સ્રોતોને ટકાઉ જાળવી રાખવા, કામગીરીની દેખરેખ રાખવી અને નાગરિકોની જરૂરિયાતોને અનુરૂપ શાસન વ્યવસ્થાને વધુ સારી બનાવવાનો છે.

પડકારના વ્યાપની સાથે નાણાકીય વ્યવસ્થાનો પણ વિકાસ થવો જોઈએ. જાહેર રોકાણ મૂળભૂત રહેશે, પરંતુ હવામાન સ્થિતિસ્થાપક જળ ઈન્ફ્રાસ્ટ્રક્ચર માટે વધુને વધુ નવીન ફાઈનાન્સિંગ, જવાબદાર ખાનગી ભાગીદારી

આ સાથે, સ્વસ્થ નદીઓ, ભેજવાળી જમીનો, ભૂગર્ભજળના સ્રોતો અને કુદરતી પર્યાવરણ તંત્ર પણ આપણા જળ સંબંધિત માળખાનો ભાગ છે. આબોહવા પરિવર્તનને કારણે વરસાદની પેટર્ન વધુ અનિશ્ચિત બની રહી છે. ક્યાંક ખૂબ ભારે વરસાદ થઈ રહ્યો છે, ક્યાંક લાંબા સમય સુધી દુષ્કાળ પડી રહ્યો છે, તો ક્યાંક પૂર અને ભૂગર્ભજળ પર વધતા દબાણ જેવી સમસ્યાઓ સામે આવી રહી છે. આ પડકારોનો સામનો કરવા માટે જળસ્રોતોને ટકાઉ જાળવી રાખવા, વધુ સારી વૈજ્ઞાનિક માહિતી અને આગાહીઓ, પરિસ્થિતિ અનુસાર અનુકૂલન કરી શકે તેવું માળખું, મજબૂત સંસ્થાઓ અને જાગૃત સમુદાયો જરૂરી છે.

ઈન્ડિયા ઈન્ટરનેશનલ વોટર વીકનો આ મોટો ઉદ્દેશ્ય છેઃ નેતૃત્વ, વિજ્ઞાન, અમલીકરણ, ટેકનોલોજી, ફાઈનાન્સ અને જન ભાગીદારીને એક સામાન્ય મંચ પર લાવવાનો. ૨૨ થી ૨૬ સપ્ટેમ્બર સુધી, ભારત મંડપમ્ ભારતના જળ અનુભવ અને વિશ્વના જળ જ્ઞાનનું કેન્દ્ર બનશે. અમે મોટા પાયે કાર્યક્રમોના અમલીકરણમાંથી જે શીખ્યા છીએ તે શેર કરવા માટે તૈયાર છીએ, અને અન્ય લોકો પાસેથી સાંભળવા અને શીખવા માટે પણ એટલા જ તૈયાર છીએ.

આબોહવા પરિવર્તનને કારણે જળચક્ર વધુ અનિશ્ચિત બની શકે છે, પરંતુ આપણો પ્રતિસાદ અનિશ્ચિત ન હોવો જોઈએ. આપણો પ્રયાસ સામૂહિક, વૈજ્ઞાનિક, સર્વસમાવેશક અને સતત હોવો જોઈએ.

ગામનું તળાવ હોય, ભૂગર્ભજળનો સ્રોત હોય, નદી ખીણ હોય કે બદલાતું વૈશ્વિક જળવાયુ બધામાંથી એક જ શીખ મળે છેઃ પાણી આપણને સૌને જોડે છે. પાણીના ભવિષ્યને માત્ર સરકારો જ સુરક્ષિત કરી શકે નહીં. ન તો કોઈ એક સંસ્થા કે દેશ એકલા આ કરી શકે છે. પાણી આપણું સહિયારું સંસાધન છે. જળ સુરક્ષા આપણી સહિયારી જવાબદારી છે.

આપણે સૌએ સાથે મળીને આવનારી પેઢીઓ માટે પાણીના એક એક ટીપાંને સુરક્ષિત કરવું પડશે અને પ્રધાનમંત્રીના 'વિકસિત ભારત@૨૦૪૭'ના સંકલ્પને સાકાર કરવામાં પોતાનું યોગદાન આપવું પડશે.

# પરિવર્તિની એકાદશી (જલઝીલણી એકાદશી)નું શાસ્ત્રોક્ત માહાત્મ્ય અને કથા

**હિન્દુ** ધર્મ અને સનાતન સંસ્કૃતિમાં એકાદશીનું વ્રત અત્યંત પુણ્યદાયી અને પવિત્ર માનવામાં આવે છે. વર્ષભરમાં આવતી તમામ એકાદશીઓમાં ભાદરવા સુદ ૧૧



પ્રાસંગિક
વિનોદભાઈ માછી નિરંકારી
નવીવાડી, તા. શહેરા, જી. પંચમહાલ
(મો.) ૯૭૨૬૧ ૬૬૦૭૫

(એકાદશી)નું વિશેષ મહત્વ છે. આ પવિત્ર તિથિ 'પરિવર્તિની એકાદશી', 'પદ્મા એકાદશી' કે 'જલઝીલણી એકાદશી' તરીકે ઓળખાય છે. આ દિવસે જગતના પાલનહાર ભગવાન શ્રી વિષ્ણુ ક્ષીરસાગરમાં યોગનિંદ્રા દરમિયાન પોતાની કરવટપાસું બદલે છે તેથી તેને 'પરિવર્તિની' એકાદશી કહેવામાં આવે છે, વળી આ દિવસે ભગવાનને જલાભિષેક કરાવીને નદી કે સરોવરે વિહાર કરાવવાની અદ્ભૂત પરંપરા છે જેથી તેને 'જલઝીલણી એકાદશી' પણ કહે છે.

**પરીવર્તીની એકાદશીનું શાસ્ત્રોક્ત માહાત્મય..**

પૌરાણિક ગ્રંથો ખાસ કરીને 'બ્રહ્મ વૈવર્ત પુરાણ'માં આ એકાદશીના મહત્ત્વનું વિસ્તૃત વર્ણન કરવામાં આવ્યું છે. જ્યારે યુધિષ્ઠિરે ભગવાન શ્રી કૃષ્ણને ભાદરવા સુદ એકાદશી વિશે પૂછ્યું ત્યારે શ્રીકૃષ્ણે આ વ્રતની મહિમા સમજાવતા કહ્યું હતું કે આ એકાદશીનું વ્રત કરવાથી મનુષ્યના તમામ પાપો નાશ પામે છે અને અંતે તેને મોક્ષની પ્રાપ્તિથાય છે.

**પાપનાશક અને પુણ્યદાયી..**

જે મનુષ્ય શ્રદ્ધાપૂર્વક આ વ્રત કરે છે તેને અશ્વમેધ યજ્ઞ જેટલું પુણ્ય પ્રાપ્ત થાય છે. બ્રહ્મ હત્યા જેવા મહાપાપો પણ આ વ્રતના પ્રભાવથી નષ્ટ થઈ જાય છે.

**વામન અવતારની પૂજા..**


આ દિવસે ભગવાન વિષ્ણુના વામન સ્વરૂપની વિશેષ પૂજા કરવામાં આવે છે. વામન અવતાર એ ભગવાનનો બલિ રાજાના અહંકારને તોડવા અને દેવતાઓને તેમનું સ્વર્ગ પાછું અપાવવા માટેનો અવતાર હતો. અષાઢી એકાદશી દેવપોઢી એકાદશીથી ભગવાન વિષ્ણુ યોગનિંદ્રામાં પોઢે છે, ત્યારથી શરૂ થયેલા ચતુર્માસનો આ મધ્ય ભાગ છે. ભગવાન આ દિવસે કરવટ બદલે છે તેથી આ દિવસ આધ્યાત્મિક સાધના માટે ખૂબ જ ઊર્જાવાન માનવામાં આવે છે.

**પૌરાણિક શાસ્ત્રીય કથા..**

પરીવર્તીની એકાદશીની કથા ભગવાન શ્રી કૃષ્ણએ યુધિષ્ઠિરને સંભળાવી હતી, જે રાજા બલિ અને ભગવાન વામન સાથે જોડાયેલી છે. સતયુગની વાત છે, વિરોચનપુત્ર રાજા બલિ અત્યંત દાનવીર, સત્યવાદી અને પ્રતાપી હતા, તેમણે પોતાના બળ અને પરાક્રમથી ઈન્દ્રલોક સહિત ત્રણેય લોક પર પોતાનું આધિપત્ય સ્થાપિત કરી લીધું હતું. રાજા બલિના યજ્ઞો અને દાનધર્મથી દેવતાઓ ચિંતિત થઈ ગયા. ઈન્દ્ર અને અન્ય દેવતાઓ ભગવાન વિષ્ણુની શરણે ગયા અને રાજા બલિના ત્રાસ તથા સ્વર્ગ પરના અધિકારથી મુક્ત કરવા પ્રાર્થના કરી.

ભગવાન વિષ્ણુએ દેવતાઓને અભય આપતા કહ્યું કે હું પોતે બલિના યજ્ઞમાં વામન સ્વરૂપે અવતરણ કરીશ અને દેવતાઓનું હિત કરીશ. સમય આવતા ભગવાન વિષ્ણુએ અદિતિ અને કશ્યપના પુત્ર તરીકે વામન અવતાર ધારણ કર્યો હતો. એકવાર રાજા બલિ નર્મદા નદીના કિનારે ભૃગુક્ષેત્રમાં એક મહાન યજ્ઞ કરી રહ્યા હતા, તે યજ્ઞમાં બ્રાહ્મણોને મનપસંદ દાન આપવામાં આવી રહ્યું હતું. વામનજી એક નાના બ્રાહ્મણ બાળકના વેશમાં તે યજ્ઞશાળામાં પહોંચ્યા, તેમના તેજ અને દિવ્યતાને જોઈને રાજા બલિ

**મનુષ્યએ પણ પોતાના જીવનમાં અહંકાર, ક્રોધ અને નકારાત્મકતા છોડીને સકારાત્મક પરિવર્તન લાવવું જોઈએ, રાજા બલિ પાસે બધું જ હતું પરંતુ તેમનો અહંકાર તેમને બાંધી રહ્યો હતો, વામન અવતારે તેમનો અહંકાર તોડીને તેમને અમરત્વ બક્ષ્યું હતુંઃ આ કથા આપણને વિનમ્ર બનવાની પ્રેરણા આપે છે**



અને ત્યાં ઉપસ્થિત ઋષિમુનિઓ સ્તબ્ધ થઈ ગયા. રાજા બલિએ પ્રેમથી વામન બ્રાહ્મણનું સ્વાગત કર્યું અને પૂછ્યું કે 'હે મહારાજ! આપને શું જોઈએ છે? અન્ન, ધન, ગાયો, ઘોડા કે જે જોઈએ તે માંગો.'

સ્મિત આપતા વામનજીએ કહ્યું કે 'હે રાજન! મને સોના, ચાંદી કે રાજ્યની કોઈ ઈચ્છા નથી. મને તો માત્ર મારા પગના માપનાં ત્રણ પગલાં જમીન જોઈએ છે.'

રાજા બલિ હસ્યા અને બોલ્યા કે 'હે વટેમાર્ગુ બાળક! તારી બુદ્ધિ નાની છે, તું આટલું નાનું દાન માંગે છે? મારી પાસેથી પૃથ્વી, અશ્વ, હાથી કે મોટું રાજ્ય માંગ, હું આપવા તૈયાર છું.'

વામનજીએ શાંતિથી જવાબ આપ્યો કે 'હે રાજા! મને ત્રણેય લોકમાંથી ફક્ત ત્રણ જપગલાં જમીન જોઈએ છે, જે મારી જરૂરિયાત માટે પૂરતી છે.' બલિરાજાએ હસીને 'તથાસ્તુ' કહીને સંકલ્પ કર્યો. જેવો સંકલ્પ પૂર્ણ થયો, વામનજીએ પોતાનું વિરાટ સ્વરૂપ ધારણ કરી લીધું. પ્રથમ પગલામાં તેમણે આખી પૃથ્વી અને પાતાળ લોકને માપી લીધા. બીજા પગલામાં તેમણે આકાશ, સ્વર્ગ અને સમગ્ર બ્રહ્માંડને આવરી લીધું. હવે ત્રીજું પગલું ક્યાં મૂકવું? બ્રહ્માંડમાં કોઈ જગ્યા બાકી રહી ન હતી. રાજા બલિ સમજી ગયા કે આ સામાન્ય બાળક નથી પરંતુ સ્વયં જગદીશ્વર છે, તેમણે ભક્તિભાવથી પોતાનું મસ્તક નમાવી દીધું અને કહ્યું કે 'હે પ્રભુ! જો હજુ ત્રીજું પગલું બાકી હોય તો આપ મારા મસ્તક પર મુકો.' ભગવાન વામનજીએ પોતાનું ત્રીજું પગલું બલિરાજાના મસ્તક પર મુક્યું જેનાથી બલિરાજા પાતાળ લોકમાં ચાલ્યા ગયા પરંતુ રાજા બલિની સત્યનિષ્ઠા અને ભક્તિથી પ્રસન્ન થઈને ભગવાન વિષ્ણુએ તેમને વરદાન આપ્યું કે 'હે બલિ! હું હંમેશાં પાતાળ લોકમાં તારી સાથે રહીશ અને ભાદરવા સુદ એકાદશીના દિવસે મારી યોગનિંદ્રા દરમિયાન કરવટ બદલીશ તેથી આ તિથિ 'પરિવર્તિની એકાદશી' તરીકે ઓળખાશે.' ત્યારથી આ એકાદશીનું મહત્ત્વ અનોખું બની ગયું.

**જલઝીલણી એકાદશી અને તેની ઉજવણી..**

આ એકાદશીનું બીજું સૌથી મોટું આકર્ષણ 'જલઝીલણી ઉત્સવ' છે. ભારતીય સંસ્કૃતિમાં આ પર્વ ખૂબ જ ઉત્સાહથી ઉજવાય છે. આ દિવસે ગામ શહેરોમાં મંદિરોમાંથી ભગવાન શ્રીકૃષ્ણ કે વિષ્ણુજીની મૂર્તિઓને સુંદર પાલખી કે રથમાં બિરાજમાન કરવામાં આવે છે. ભક્તજનો ભજન કરતા કરતા, ઢોલનગારા અને શરણાઈના નાદ સાથે ભવ્ય શોભાયાત્રા કાઢે છે. શોભાયાત્રા નજીકની નદી સરોવર કે વાવ કિનારે પહોંચે છે ત્યાં વિધિવત મંત્રોચ્ચાર સાથે ભગવાનની મૂર્તિને જલાભિષેક કરાવીને પવિત્ર જળમાં વિહાર (ઝીલાવવામાં) કરાવવામાં આવે છે. આ જ કારણસર તેને 'જલઝીલણી' કે 'ડૂલ હૂલ' ઉત્સવ પણ કહે છે.

**વ્રત અને પૂજા વિધિ..**

વ્રત રાખનારે સવારે વહેલા સ્નાન કરી, સ્વચ્છ વસ્ત્રો ધારણ કરવા. ઘરના પૂજાસ્થળ કે મંદિરમાં ભગવાન વિષ્ણુના વામન સ્વરૂપનું સ્થાપન કરવું. ભગવાનને પંચામૃત સ્નાન કરાવવું, પીળા ફૂલો, તુલસીના પાન, અક્ષત, ધૂપ, દીપ અને નૈવેદ્ય અર્પણ કરવા. વિષ્ણુ સહસ્રનામ કે 'ઓમ નમો ભગવતે વાસુદેવાય' મંત્રનો જાપ કરવો. આ દિવસે અન્નનું સેવન ન કરતા ફળાહાર કે નિરાહાર રહીને વ્રત કરવું ઉત્તમ માનવામાં આવે છે.

**આ વ્રતનું આધ્યાત્મિક અને જીવનઉપયોગી દર્શન..**

પરિવર્તિની એકાદશી માત્ર ધાર્મિક કર્મકાંડ નથી પરંતુ તે જીવનના ઊંડા તત્ત્વજ્ઞાનને શીખવે છે. જેમ ભગવાન વિષ્ણુ આ દિવસે પોતાની કરવટ બદલે છે તેમ મનુષ્યએ પણ પોતાના જીવનમાં અહંકાર, ક્રોધ અને નકારાત્મકતા છોડીને સકારાત્મક પરિવર્તન લાવવું જોઈએ. રાજા બલિ પાસે બધું જ હતું પરંતુ તેમનો અહંકાર તેમને બાંધી રહ્યો હતો. વામન અવતારે તેમનો અહંકાર તોડીને તેમને અમરત્વ બક્ષ્યું હતું. આ કથા આપણને વિનમ્ર બનવાની પ્રેરણા આપે છે.

જલઝીલણી ઉત્સવ આપણને નદીઓ, સરોવરો અને જળાશયો સાથે જોડવાની સાથે તેની પવિત્રતા જાળવવાનો સંદેશ પણ આપે છે. ભાદરવા સુદ ૧૧ પરિવર્તિની એકાદશી એ ભક્તિશ્રદ્ધા અને સમર્પણનો પવિત્ર અવસર છે. આ દિવસે સાચા હૃદયથી ભગવાન વિષ્ણુની આરાધના કરવાથી માનસિક શાંતિ, પાપોમાંથી મુક્તિ અને પારિવારિક સુખી સમૃદ્ધિની પ્રાપ્તિ થાય છે. આવતીકાલે આવતી આ પવિત્ર એકાદશીના દિવસે આપણે સૌ પણ નિયમપૂર્વક વ્રત રાખી, ભગવાનની ભક્તિમાં લીન થઈને આપણા જીવનને પવિત્ર બનાવીએ તેવી જ અભ્યર્થના.

# સ્પોર્ટ્સ ન્યુઝ

## મહિલા હોકી અને કબડ્ડીમાં એકતરફી જીત

# એશિયન ગેમ્સઃ ભારતીય ખેલાડીઓનો શાનદાર દેખાવ, ભારતે કુલ ૬ મેડલ જીત્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૨૧:** એશિયન ગેમ્સ ૨૦૨૬ના બીજા દિવસે ભારતીય મહિલા હોકી ટીમે પોતાનું અજેય અભિયાન જારી રાખતાં ધમાકેદાર વિજય મેળવ્યો છે. પ્રથમ મુકાબલામાં ઉઝબેકિસ્તાનને ૧૯-૦ના વિશાળ અંતરથી કચડી નાખ્યા બાદ બીજા મેચમાં ભારતીય ટીમે ઈન્ડોનેશિયા સામે આક્રમક પ્રદર્શન કરતાં ૧૭-૧થી એકતરફી જીત હાંસલ કરી હતી. શરૂઆતથી જ ભારતીય ખેલાડીઓએ મેદાન પર પક્કડ જમાવી રાખી હરીફ ટીમને સંપૂર્ણપણે બેકફૂટ પર ધકેલી દીધી હતી.



ભારતે મેડલ ટેલીમાં કુલ ૬ મેડલ પોતાના નામે કર્યા છે જેમાં ૫ મેડલ શૂટિંગમાં અને ૧ બ્રોન્ઝ મેડલ એમએમએમાં આવ્યો છે. નિશાનેબાજીમાં ભારતીય ખેલાડીઓએ શાનદાર પ્રદર્શન કરતાં ચાર સિલ્વર અને એક બ્રોન્ઝ જીત્યો છે. પુરુષોની ૧૦ મીટર એર રાઈફલ ટીમ ઈવેન્ટમાં હિમાંશુ ઢિલ્લોન, પાર્થ માને અને રુદ્રાંક્ષ પાટિલની ત્રિપુટીએ દેશ માટે સિલ્વર મેડલ જીત્યો હતો. આ જ સ્પર્ધાની વ્યક્તિગત શ્રેણીમાં પણ હિમાંશુ ઢિલ્લોને સિલ્વર અને રુદ્રાંક્ષ પાટિલે બ્રોન્ઝ મેડલ મેળવી દેશનું નામ રોશન કર્યું છે.

પુરુષ કબડ્ડી સ્પર્ધામાં ભારતીય ટીમે યજમાન જાપાનને કોઈ મોકો આપ્યા વિના ૪૯-૨૪ના મોટા સ્કોરથી કચડી નાખ્યું હતું. એશિયન ગેમ્સના ઈતિહાસમાં જાપાન સામે અજેય રહેવાનો ભારતીય ટીમનો સિલસિલો આ વખતે પણ જળવાઈ રહ્યો છે. બીજી તરફ, બેડમિન્ટન કોર્ટ પર પણ ભારતીય પુરુષ ટીમે બાંગ્લાદેશ સામે પ્રભુત્વ જમાવ્યું હતું, જ્યાં સ્ટાર શટલર લક્ષ્ય સેને આયમાન જમાનને ૨૧-૪, ૨૧-૧૨થી સીધા સેટોમાં હરાવી ભારતને ૧-૦ની સરસાઈ અપાવી હતી.

મહિલા ટેબલ ટેનિસ ટીમ ઈવેન્ટમાં ભારતે કટ્ટર હરીફ પાકિસ્તાનને ૩-૦થી ધોબીપછાડ આપીને ક્વાર્ટર ફાઈનલમાં પ્રવેશ કરી લીધો છે. ભારતીય સ્ટાર્સ સુતિર્થા મુખર્જી, સિન્ડ્રેલા દાસ અને શ્રીજા અકુલાએ તમામ મેચ સીધા સેટોમાં જીતી લીધી હતી. બોક્સિંગ રિંગમાં પુરુષોના ૭૦ કિગ્રા વર્ગમાં સુમિતે થાઈલેન્ડના બોક્સર સિનસિરીને ૫-૦થી ધૂળ ચટાવીને પ્રી-ક્વાર્ટર ફાઈનલ (રાઉન્ડ ઓફ ૧૬)માં પ્રવેશ કર્યો હતો. સ્વિમિંગમાં શ્રીહરિ નટરાજે ૫૦ મીટર બેકસ્ટ્રોકની ફાઈનલ માટે ક્વોલિફાય કરીને ભારતીય આશાઓ જીવંત રાખી છે.

# એશિયન ગેમ્સઃ ભારતીય ખેલાડીઓનું પ્રદર્શન જોઈને ખુશ-ખુશ થયા વડાપ્રધાન

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૨૧:** એશિયન ગેમ્સ ૨૦૨૬માં ભારતીય ખેલાડીઓએ શાનદાર પ્રદર્શન કરીને દેશનું ગૌરવ વધાર્યું છે. મહિલાઓની ૧૦ મીટર એર રાઈફલ સ્પર્ધામાં સિલ્વર મેડલ જીતનાર સોનમ ઉત્તમ મસ્કર, એલાવેનિલ વલારિવન અને વિદરસા કે વિનોદને વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શુભેચ્છા પાઠવી છે. તેમણે ભારતીય ખેલાડીઓની મહેનત અને ટીમવર્કની પ્રશંસા કરતા કહ્યું કે, તેમની આ સફળતા આવનારા સમયમાં અનેક ખેલાડીઓને પ્રેરણા આપશે.



વડાપ્રધાન મોદીએ એલાવેનિલ વલારિવનને મહિલાઓની ૧૦ મીટર એર રાઈફલની સ્પર્ધામાં સિલ્વર મેડલ જીતવા બદલ પણ અભિનંદન પાઠવ્યા છે. તેમણે કહ્યું કે, ભારતીય નિશાનબાજો સતત દેશનું નામ રોશન કરી રહ્યા છે. ખાસ વાત એ છે કે એલાવેનિલે એક જ દિવસમાં બીજુ મેડલ પણ પોતાના નામે કર્યું, જેના કારણે તેમની સિદ્ધિ વધુ ખાસ બની છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર પોસ્ટ કરીને ભારતીય નિશાનબાજોના પ્રદર્શનની પ્રશંસા કરી હતી. તેમણે કહ્યું કે સખત મહેનત અને ટીમવર્કથી શાનદાર પરિણામ મેળવી શકાય છે. સોનમ ઉત્તમ મસ્કર, એલાવેનિલ વલારિવન અને વિદરસા કે વિનોદના પ્રદર્શન પર ગર્વ વ્યક્ત કરતા તેમણે કહ્યું કે, આ ખેલાડીઓની સફળતા દેશના ઘણા યુવા ખેલાડીઓ માટે પ્રેરણારૂપ બનશે.

વડાપ્રધાન મોદીએ એલાવેનિલ વલારિવન સહિત તમામ ભારતીય નિશાનબાજોને તેમની આગામી સ્પર્ધાઓ અને ભવિષ્યના પ્રયાસો માટે શુભેચ્છા પાઠવી છે. ભારતીય ખેલાડીઓના સતત સારા પ્રદર્શનથી એશિયન ગેમ્સમાં દેશના મેડલ ટેલીમાં પણ વધારો થઈ રહ્યો છે. નિશાનબાજોની આ સફળતા ભારતીય રમતજગત માટે મહત્વની સિદ્ધિ માનવામાં આવી રહી છે.

## રાજ્યના પોલીસ બેડામાં અને રાજકીય વર્તુળોમાં ભારે ખળભળાટ

# ભાજપ કાર્યાલયો અને સોમનાથ મંદિરને ઉડાવી દેવાનો ઈમેલ મળતા ખળભળાટ

### અજાણ્યા શખ્સો દ્વારા એક બ્રોડકાસ્ટ ઈમેલ મોકલીને ગુજરાતના રાજકીય અને ધાર્મિક સ્થળોને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી આપવામાં આવી છે






(સંપૂર્ણ સમાચાર સેવા)

**અમદાવાદ, તા.૨૧**

ગુજરાત પ્રદેશ ભાજપ કાર્યાલય (કોબા) અને અમદાવાદ શહેર ભાજપ કાર્યાલયને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળતા ભારે ખળભળાટ મચી ગયો છે. અજાણ્યા શખ્સો દ્વારા એક બ્રોડ ઈમેલ મારફતે આ ગંભીર ધમકી આપવામાં આવી છે. આ ધમકીભર્યા ઈમેલમાં માત્ર ગુજરાતના જ નહીં, પરંતુ ભાજપની સેન્ટ્રલ ઓફિસ અને પવિત્ર યાત્રાધામ સોમનાથ મંદિર સહિતના મહત્વના સ્થળોને પણ બોમ્બથી ઉડાવી દેવાનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. આ ઘટનાને પગલે પોલીસ અને સુરક્ષા એજન્સીઓ એલર્ટ થઈ ગઈ છે અને ઈમેલ મોકલનારની તપાસ શરૂ કરી દેવામાં આવી છે. ઈ-મેલ મારફતે અમદાવાદ શહેર પોલીસને જાણ થઈ હતી, જેથી પોલીસ દ્વારા તાત્કાલિક ધોરણે ભાજપ કાર્યાલય ખાતે પહોંચી અને ચેકિંગ શરૂ કરવામાં આવ્યું છે. મેયર હિતેશ બારોટ અને શહેર મહામંત્રી ઉમંગભાઈ નાયક હાલમાં ભાજપ ખાનપુર કાર્યાલય ખાતે પહોંચ્યા છે. ગુજરાતમાં શાંતિ ડહોળવાનો અને દહેશત ફેલાવવાનો એક ગંભીર પ્રયાસ સામે આવ્યો છે. આ ઈમેઈલની શરૂઆતમાં અસલામુ વાલેકુમ, અલ્લાહુ અકબર લખીને ડરનો માહોલ ઊભો કરવાનો પ્રયાસ કરાયો છે. આ ધમકીભર્યા ઈમેઈલમાં ગુજરાતના આસ્થાના પ્રતીક સમાન સોમનાથ મંદિર, રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, ભાજપ સેન્ટ્રલ ઓફિસ, તમામ પોલીસકર્મીઓ અને દેશની ગુપ્તચર એજન્સી RAW ને નિશાન બનાવવાનો સ્પષ્ટ ઉલ્લેખ કરવામાં આવ્યો છે. પત્રમાં એવો ચોંકાવનારો દાવો પણ કરવામાં આવ્યો છે કે આ અલગ-અલગ લોકેશન પર અગાઉથી જ બોમ્બ ફીટ કરી દેવામાં આવ્યા છે.

ધમકી આપનાર શખ્સે ઈમેઈલમાં દેશ વિરુદ્ધ ખુલ્લેઆમ ઝેર ઓક્યું છે. તેમાં હિન્દુસ્તાન મુર્દાબાદ અને ભાજપ મુર્દાબાદ જેવા શબ્દોનો ઉલ્લેખ કરાયો છે. આ ઉપરાંત, આ ષડયંત્ર પાછળ આતંકી કનેક્શન હોવાની આશંકા ઉપજાવતા પાકિસ્તાન ઝિંદાબાદ અને ખાલિસ્તાન ઝિંદાબાદના નારા પણ ઈમેઈલમાં લખવામાં આવ્યા છે. દહેશત ફેલાવવાના ઈરાદા સાથે ઈમેઈલના અંતમાં ફરીથી અલ્લાહુ અકબર લખાયું છે.

મળતી પ્રાથમિક માહિતી મુજબ, આ ધમકીભર્યા ઈમેલમાં રાજ્યના અને દેશના અનેક મહત્વના કેન્દ્રોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. મુખ્યત્વે ગાંધીનગરના કોબા ખાતે આવેલ શ્રી કમલમ (ગુજરાત પ્રદેશ ભાજપ કાર્યાલય), અમદાવાદ શહેર ભાજપ કાર્યાલય અને ભાજપની સેન્ટ્રલ ઓફિસને બોમ્બથી ઉડાવી દેવાની સીધી ધમકી અપાઈ છે. માત્ર રાજકીય કાર્યાલયો જ નહીં, પરંતુ કરોડો હિન્દુઓની આસ્થાના પ્રતીક સમાન પ્રથમ જ્યોતિર્લિંગ એવા સોમનાથ મંદિરને પણ નિશાન બનાવવાની વાત આ ઈમેલમાં કરવામાં આવતા મામલો અત્યંત સંવેદનશીલ બની ગયો છે.

આ ધમકી આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરીને બ્રોડકાસ્ટ ઈમેલ મારફતે આપવામાં આવી છે. એક સાથે અનેક સંસ્થાઓના સત્તાવાર ઈમેલ આઈડી પર આ મેઈલ મોકલવામાં આવ્યો છે. ઈમેલની ભાષા અને તેમાં દર્શાવેલા સ્થળોની ગંભીરતા જોતા સાયબર ક્રાઈમ એક્સપર્ટ્સ સક્રિય થયા છે. આ ઈમેલ કયા આઈપી (IP) એડ્રેસ પરથી, કયા લોકેશનથી અને કયા સર્વર (અથવા ડાર્ક વેબ) નો ઉપયોગ કરીને મોકલવામાં આવ્યો છે, તેની ઝીણવટભરી ટેકનિકલ તપાસ શરૂ કરી દેવામાં આવી છે.

આવી ગંભીર ધમકી મળતાની સાથે જ રાજ્યનું ગૃહ વિભાગ અને પોલીસ તંત્ર ત્વરિત એક્શનમાં આવી ગયું છે. ધમકીમાં ઉલ્લેખિત તમામ સ્થળો જેમ કે સોમનાથ મંદિર પરિસર અને ભાજપના પ્રદેશ તથા શહેર કાર્યાલયો ખાતે સુરક્ષા વ્યવસ્થા તાત્કાલિક ધોરણે સઘન કરી દેવામાં આવી છે. બોમ્બ ડિસ્પોઝલ સ્ક્વોડ (BDDS) અને ડોગ સ્ક્વોડની મદદથી આ સ્થળોએ સઘન ચેકિંગ હાથ ધરવામાં આવી રહ્યું હતું. શંકાસ્પદ હિલચાલ પર સીસીટીવી (CCTV) અને ઈન્ટેલિજન્સ મારફતે ચાંપતી નજર રાખવામાં આવી રહી છે.

# મધ્ય પ્રદેશમાં વિરોધ શરૂ: રૂ. ૨૦૦૦થી વધુના પેટ્રોલની ખરીદી કરશો તો UPI થી પેમેન્ટ નહીં સ્વીકારીએ

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૨૧:** દેશના વિવિધ ભાગોમાં UPI પેમેન્ટ પર MDR ચાર્જને લઈને વિરોધ જોવા મળી રહ્યો છે. જ્યારે સરકારનું કહેવું છે કે સામાન્ય માણસ પર એક પણ રૂપિયાનો બોજ નાખવામાં આવશે નહીં. માત્ર મોટા ટ્રાન્ઝેક્શન રૂપિયા ૨૦૦૦થી વધુ પર મોટા મર્ચન્ટને ૦.૪૦ ટકા MDR લાગશે. એટલે કે રૂપિયા ૩૦૦૦ના UPI પર મર્ચન્ટને રૂપિયા ૧૨નો સ્હ્રઈ લાગશે.

દેશના ઘણા ભાગોમાં સરકારના આ નિર્ણયનો વિરોધ થઈ રહ્યો છે, કેટલાક લોકોમાં સ્હ્રઈના નિયમને લઈને કન્ફ્યુઝન પણ છે. આ દરમિયાન મધ્ય પ્રદેશના પેટ્રોલ પંપ ડીલર્સ એસોસિએશને જાહેરાત કરી છે કે તેઓ ૧૬ ઓક્ટોબરથી રૂપિયા ૨૦૦૦થી વધુની પેટ્રોલ-ડીઝલની ખરીદી પર UPI ચૂકવણી સ્વીકારશે નહીં. મધ્ય પ્રદેશ પેટ્રોલ પંપ ડીલર્સ એસોસિએશનના પ્રમુખે નિવેદન બહાર પાડીને કહ્યું કે- જો સરકાર MDR પાછો નહીં ખેંચે, તો સંગઠનના સભ્યોએ ૧૬ ઓક્ટોબરથી પોતાના પેટ્રોલ પંપો પર રૂપિયા ૨૦૦૦થી વધુનું UPI ચૂકવણું સ્વીકાર ન કરવાનો નિર્ણય લીધો છે. ફક્ત રોકડું પેમેન્ટ જ થશે. મધ્ય પ્રદેશ પેટ્રોલ પંપ ડીલર્સ એસોસિએશનના પ્રમુખનું માનીએ તો નવી વ્યવસ્થા હેઠળ એક પેટ્રોલ પંપને દર મહિને આશરે રૂપિયા ૧૭,૭૦૦નું નુકસાન સહન કરવું પડશે. કારણ કે પહેલેથી જ અમારું માર્જિન ઓછું છે, તેથી અમે આ વધારાનો ખર્ચ ઉઠાવી શકીએ તેમ નથી.

જણાવી દઈએ કે, ૧૫ ઓક્ટોબરથી વેપારીને કરવામાં આવતા રૂપિયા ૨૦૦૦થી વધુના UPI ચૂકવણા પર ૦.૪ ટકાની MDR ફી લાગુ થઈ જશે. આ MDR ફીની ચૂકવણી ગ્રાહકે કરવાની રહેશે નહીં, તેની ચૂકવણી વેપારીઓ કરશે. રૂપિયા ૨૦૦૦થી વધુના પેટ્રોલ-ડીઝલ કે CNGની ખરીદી પર રૂપિયા ૫નો ફિક્સ MDR લાગશે. તેથી વેપારીઓ UPIથી ચૂકવણી સ્વીકારવા પર MDR ફી વસૂલવામાં આવવાના વિરોધમાં આવી ગયા છે. રેલવે ટિકિટ, પેટ્રોલ પંપ, વીમો અને ટેલિકોમ જેવી આવશ્યક સેવાઓ પર ટકાવારીના આધારે ચાર્જ લગાવવાને બદલે માત્ર ૫ રૂપિયાનો ફ્લેટ MDR નક્કી કરવામાં આવ્યો છે. તેનો સીધો અર્થ એ છે કે જો તમે રૂપિયા ૨,૦૦૦થી વધુની કોઈ પણ ચૂકવણી (ભલે રૂપિયા ૨૫૦૦નું પેટ્રોલ પુરાવો કે રૂપિયા ૫૦,૦૦૦નું વીમા પ્રીમિયમ ભરો) UPIથી કરો છો, તો મર્ચન્ટ પર માત્ર રૂપિયા ૫નો ફિક્સ્ડ ચાર્જ લાગશે. મોટા વેપારીઓને રાહત આપવા માટે રૂપિયા ૭૫,૦૦૦ કે તેથી વધુના મોટા ચૂકવણા પર MDR ની મહત્તમ સીમા રૂપિયા ૩૦૦ નક્કી કરવામાં આવી છે. ભલે વ્યવહાર રૂપિયા ૧ લાખનો હોય કે રૂપિયા ૫ લાખનો, ચાર્જ રૂપિયા ૩૦૦થી વધુ હોઈ શકે નહીં. શાકભાજી વેચનારા, ચાની દુકાનવાળા, નાના કરિયાણાના દુકાનદાર અને ઓટો ડ્રાઈવર મોટા પાયે ઊઇ કોડનો ઉપયોગ કરે છે. આવા નાના વેપારીઓને મોટી રાહત આપવામાં આવી છે. જે નાના દુકાનદાર અને વેન્ડર્સની UPI QR કોડ મારફતે મહિનાની કુલ ડિજિટલ ચૂકવણી રૂપિયા ૧ લાખ સુધીની છે, તેમને P2PM કેટેગરીમાં રાખવામાં આવ્યા છે. આ દુકાનદારો માટે તમામ ટ્રાન્ઝેક્શન પર MDR સંપૂર્ણપણે શૂન્ય (૦%) રહેશે, ભલે ટ્રાન્ઝેક્શન રૂપિયા ૨,૦૦૦થી ઉપરનું જ કેમ ન હોય.

## વર્તમાન પ્રવાહ CORPORATE NEWS

# એલિવેટ કેમ્પસીસ લિમિટેડનો રૂ.૨,૧૦૦ કરોડનો આઈપીઓ બુધવાર, ૨૩ સપ્ટેમ્બરથી ખુલશે




(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)

**સુરત, તા.૨૧:** એલિવેટ કેમ્પસીસ લિમિટેડ ૧૫ જૂન, ૨૦૨૬ના રોજ વિદ્યાર્થી ક્ષમતાના આધારે ભારતમાં ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓમાં કેમ્પસની અંદર વિદ્યાર્થીઓ માટે રહેઠાણની સુવિધા ધરાવતી, સંચાલન કરતી અને મેનેજ કરતી તેમજ કે-૧૨ એસેટ્સની માલિકી ધરાવતું સૌથી મોટું સંસ્થાકીય અને સ્વતંત્ર એજ્યુકેશન પ્લેટફોર્મ છે. કંપનીની આઈપીઓ સંબંધિત બિડ/ઈશ્યૂ બુધવાર, ૨૩ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ ખુલશે. બિડ/ઈશ્યૂ શુક્રવાર, ૨૫ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ બંધ થશે. એન્કર ઈન્વેસ્ટર માટે બિડીંગની તારીખ મંગળવાર, ૨૨ સપ્ટેમ્બર, ૨૦૨૬ રહેશે. ઓછામાં ઓછા ૪૧ ઈક્વિટી શેર માટે અને ત્યાર બાદ ઈક્વિટી શેરના ગુણાંકમાં બિડ કરી શકાશે. ઈક્વિટી શેરદીઠ રૂ. ૩૪૩થી રૂ. ૩૬૨નો પ્રાઈઝ બેન્ડ નક્કી કરવામાં આવ્યો છે. આ ઈશ્યૂમાં રૂ. ૧ની ફેસ વેલ્યૂ ધરાવતા એટલા ઈક્વિટી શેરનો સમાવેશ થાય છે, જેનું કુલ મૂલ્ય રૂ.૨૧,૦૦૦ મિલિયન (રૂ.૨,૧૦૦ કરોડ) સુધીનું છે.

એલિવેટ કેમ્પસીસ ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓ (એચઈઆઈ)માં કેમ્પસની અંદર વિદ્યાર્થીઓ માટેની રહેઠાણ સુવિધાઓ તેમજ કે-૧૨ સંપત્તિઓની માલિકી ધરાવે છે, તેને ઓપરેટ કરે છે અને મેનેજ કરે છે. ૩૧ માર્ચ, ૨૦૨૬ સુધીમાં કંપનીની વર્તમાન ક્ષમતા ભારતના ૧૫ શહેરો અને સંયુક્ત આરબ અમીરાતના એક શહેરમાં કુલ ૮૦,૨૫૫ વિદ્યાર્થીઓની જરૂરિયાત પૂરી કરી શકે છે. કંપની વિદ્યાર્થીઓના રહેઠાણ માટે “Good Host Spaces” અને “ScholarZ” બ્રાન્ડ હેઠળ કામગીરી કરે છે, જ્યારે કે-૧૨ ઓપરેટર્સ સાથે લાંબા ગાળાના લીઝ કરાર હેઠળ કે-૧૨ એસેટ્સ મેનેજ કરે છે.


એલિવેટ કેમ્પસીસના પોર્ટફોલિયોમાં પોતાની માલિકીની તેમજ મેનેજ્ડ એસેટ્સનો સમાવેશ થાય છે.

૩૧ માર્ચ, ૨૦૨૬ સુધીમાં ‘Owned Portfolio’માં ભારતના છ શહેરોમાં આવેલા વિદ્યાર્થીઓના રહેઠાણ માટેના કુલ સાત કેમ્પસનો સમાવેશ થાય છે, જેમાં કુલ ૨૦,૩૬૮ બેડ્સ (“Owned Beds”)છે. આ ઉપરાંત, દુબઈ (યુએઈ)માં બે કે-૧૨ એસેટ્સ પણ આ પોર્ટફોલિયોમાં સામેલ છે. ‘મેનેજ્ડ પોર્ટફોલિયો’માં વિદ્યાર્થીઓના રહેઠાણ માટેના ૧૪ કેમ્પસનો સમાવેશ થાય છે, જેમાં ૩૧ માર્ચ, ૨૦૨૬ સુધીમાં કુલ ૫૫,૪૮૭ અંડર મેનેજમેનટ હતા (“Managed Beds”)(“Managed Portfolio”).

# મહિન્દ્રાએ XUV 3XO REVX EDGE રૂ. ૯.૩૯ લાખની પ્રારંભિક કિંમતે રજૂ કરી

(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)

**સુરત, તા.૨૧:** મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા લિમિટેડે આજે રૂ.૯.૩૯ લાખની પ્રારંભિક કિંમતે XUV 3XO REVX EDGE રજૂ કરવાની જાહેરાત કરી છે. આ ઉપરાંત, કંપનીએ પેટ્રોલ ઓટોમેટિક ટ્રાન્સમિશન સાથે XUV 3XO REVX M(O) પણ રજૂ કરી છે. બે એન્જિન વિકલ્પોમાં ઉપલબ્ધ રહેશે - એટી અને એમટી ટ્રાન્સમિશન સાથે ૧.૨ લિટર mStallionTCMPFi અને એએમટી તથા એમટી ટ્રાન્સમિશન સાથે ૧.૫ લિટર ટર્બો ડીઝલ CRDe. XUV 3XO REVX EDGE (એક્સ-શોરૂમ કિંમતઃ રૂ. ૯.૩૯ લાખ): ડ્યુઅલ-ટોન રૂફ, બોડી-કલર્ડ ગ્રિલ અને બ્લેક વ્હીલ કવર REVX EDGEને આગવી સ્ટાઈલ આપે છે. તેમાં ૬ એરબેગ્સ, ઈલેક્ટ્રોનિક સ્ટેબિલિટી કંટ્રોલ (ESC), ISOFIX ચાઈલ્ડ-સીટ માઉન્ટ્સ, રિવર્સ પાર્કિંગ સેન્સર્સ, થ્રી-પોઈન્ટ સીટ બેલ્ટ્સ સમાવેશ થાય છે. ત્રણેય વેરિઅન્ટ્સ એવરેસ્ટ વ્હાઈટ, સ્ટીલ્થ બ્લેક, ટેન્ગો રેડ, નેબ્યુલા બ્લુ અને ગેલેક્સી ગ્રે રંગોમાં ઉપલબ્ધ છે.



# ભાજપના મંત્રી કૈલાશ વિજયવર્ગીયની જીભ લપસી મહિલા કાઉન્સિલર માટે વાપર્યા વાંધાજનક શબ્દો

(સંપૂર્ણ સમાચાર સેવા) **ઈન્દોર, તા.૨૧**


ઈન્દોરના વોર્ડ નંબર ૬ માં લગભગ ૭ કરોડ રૂપિયાના વિકાસ કાર્યોના લોકાર્પણ કાર્યક્રમ દરમિયાન કેબિનેટ મંત્રી કૈલાશ વિજય વર્ગીયની એક ટિપ્પણીને લઈને વિવાદ સર્જાયો છે. વાઈરલ વીડિયોમાં મંત્રી મહિલા કાઉન્સિલરની શારીરિક બનાવટ અંગે ટિપ્પણી કરતા સાંભળવા મળી રહ્યા છે. વીડિયો સામે આવ્યા બાદ કોંગ્રેસે વાંધો વ્યક્ત કર્યો છે.

ઈન્દોરમાં મધ્યપ્રદેશના કેબિનેટ મંત્રી કૈલાશ વિજય વર્ગીયની એક ટિપ્પણીને લઈને વિવાદ ઊભો થયો છે. વોર્ડ નંબર ૬ માં લગભગ ૭ કરોડ રૂપિયાના વિકાસ કાર્યોના લોકાર્પણ કાર્યક્રમ દરમિયાન મંત્રી વિજય વર્ગીયએ જાહેરમંચ પરથી મહિલા કાઉન્સિલરને લઈને તેમની શારીરિક બનાવટ પર ટિપ્પણી કરી હતી. કાર્યક્રમનો વીડિયો સોશિયલ મીડિયા પર વાઈરલ થયા બાદ કોંગ્રેસે આ ટિપ્પણી પર આપત્તિ વ્યક્ત કરી છે. AICC મીડિયા કોર્ડિનેટર નીલાભ શુક્લાએ મંત્રીની ટિપ્પણીને નિંદનીય ગણાવી છે. રવિવારે ઈન્દોરના વોર્ડ નંબર ૬ માં લગભગ ૭ કરોડ રૂપિયાના વિકાસ કાર્યોના લોકાર્પણનો કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં મંત્રી કૈલાશ વિજય વર્ગીય પણ સામેલ થયા હતા. આ દરમિયાન જાહેરમંચ પરથી મહિલા કાઉન્સિલરને લઈને મંત્રીએ તેમના શારિરીક બાંધાને લઈને વિવાદાસ્પદ ટિપ્પણી કરી હતી. આ ટિપ્પણી મંત્રી કૈલાશ વિજય વર્ગીયએ ત્યારે કરી, જ્યારે કાઉન્સિલર તેમની પાસેથી પસાર થઈને માઈક સ્ટેન્ડ પાસે આવી રહ્યા હતા. કાઉન્સિલરની પાછળ મંત્રીના એક કાર્યકર્તા હતા, જેના કારણે તેઓ દેખાતા નહોતા. આ દરમિયાન મંત્રી વિજય વર્ગીયએ આ ટિપ્પણી કરી હતી.

# બંગાળની ખાડીમાં મોટી હલચલ: 3 રાજ્યોમાં વાવાઝોડું અર્નબ ત્રાટકવાની આશંકા

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૨૧**



ચોમાસાની વિદાય મોટા વિનાશની સાથે થઈ શકે છે. સમાચાર છે કે ઉત્તરી અંડમાન સાગર અને બંગાળની ખાડીમાં દબાણનું ક્ષેત્ર બની રહ્યું છે, જે સોમવારે વધુ મજબૂત થઈ શકે છે. પરંતુ તે ચક્રવાતી તોફાન અર્નબમાં પરિવર્તિત થશે કે નહીં, તેને લઈને સ્થિતિ સ્પષ્ટ નથી. માનવામાં આવી રહ્યું છે કે તેની અસર પશ્ચિમ બંગાળ, ઓડિશા અને આંધ્ર પ્રદેશમાં થઈ શકે છે. ભારત હવામાન વિજ્ઞાન તરફથી સત્તાવાર એલર્ટ જાહેર કરવામાં આવ્યું નથી. જો આવું થાય છે તો અર્નબ વર્ષનું પ્રથમ ચક્રવાતી તોફાન હશે.

મીડિયા રિપોર્ટ્સ અનુસાર હવામાન જાણકારોનો દાવો છે કે દબાણનું ક્ષેત્ર અત્યારે ઉત્તરી અંડમાન સાગર અને પૂર્વ મધ્ય બંગાળની ખાડીમાં સ્થિત છે. તેની દિશા પશ્ચિમ અને ઉત્તર પશ્ચિમ છે. સંભાવના વ્યક્ત કરવામાં આવી રહી છે કે બુધવારે સવારે તે પશ્ચિમ-ઉત્તર પશ્ચિમી દિશામાં આગળ વધી શકે છે અને બંગાળની ખાડીના મધ્ય અને ઉત્તરી ક્ષેત્રમાં પહોંચી શકે છે.

સંઘવાર પ્રદિતિને અલીપુર હવામાન વિભાગના હવાલાથી કહ્યું કે પશ્ચિમ બંગાળ પર ચક્રવાત અર્નબની અસર થઈ શકે છે. સાથે તેની અસર શુક્રવાર સુધી રહી શકે છે. રિપોર્ટ અનુસાર દબાણનું ક્ષેત્ર ઉત્તર આંધ્ર પ્રદેશના કિનારા અને દક્ષિણ ઓડિશા સુધી વધી રહ્યું છે. સંભાવના વ્યક્ત કરવામાં આવી રહી છે કે બંગાળમાં સોમવારે ઓછો વરસાદ થઈ શકે છે, પરંતુ મંગળવારે તેમાં વધારો થઈ શકે છે. અનુમાન લગાવવામાં આવી રહ્યું છે કે મંગળવારથી ભારે વરસાદ પડી શકે છે અને બુધવારથી શુક્રવાર સુધી અતિભારે વરસાદ રહી શકે છે. આ દરમિયાન વીજળી-પવનની ગતિ વધી શકે છે, જેની ગતિ ૪૦-૫૦ કિમી પ્રતિ કલાક રહી શકે છે. માનવામાં આવી રહ્યું છે કે તેની અસર દક્ષિણ ૨૪ પરગના અને પૂર્વી મિદનાપુરમાં થશે. તો દક્ષિણ ૨૪ પરગના, પૂર્વી અને પશ્ચિમ મિદનાપુર, પશ્ચિમ વર્ધમાન, બીરભૂમ, મુર્શીદાબાદ, પુરૂલિયા અને ઝારગ્રામમાં ભારે વરસાદની સંભાવના છે. રિપોર્ટ પ્રમાણે બુધવાર અને ગુરૂવારે જલપાઈગુડી અને દાર્જીલિંગમાં ભારે વરસાદ થઈ શકે છે. શુક્રવારે જલપાઈગુડીમાં ભારે વરસાદની સંભાવના છે. શનિવારે દાર્જીલિંગ, કલિમપોંગ, જલપાઈગુડી અને ઉત્તર દિનાજપુરમાં યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે.

હવામાન જાણકાર હજુ તે માહિતી મળવી શક્યા નથી કે જો ચક્રવાત અર્બનમાં દબાવ બદલાય છે તો તેની અસર કેટલી ભારે થઈ શકે છે. સ્કાયમેટના ૧૮ સપ્ટેમ્બરના રિપોર્ટમાં જણાવવામાં આવ્યું હતું કે આંધ્ર પ્રદેશ, ઓડિશા અને પશ્ચિમ બંગાળ વાવાઝોડાની ઝપેટમાં આવી શકે છે. સાથે તે કહેવામાં આવ્યું કે તે નક્કી નથી કે આ રાજ્યો પર તેની કેટલી વ્યાપક અસર થશે.

તો ભારત હવામાન વિજ્ઞાન વિભાગે જણાવ્યું કે ચોમાસાની વાપસી શરૂ થઈ ગઈ છે અને પશ્ચિમી રાજસ્થાનના કેટલાક ભાગમાં તે પરત ફરવા લાગ્યું છે. આઈએમડીના પૂર્વાનુમાન અનુસાર ૨૫થી ૨૮ સપ્ટેમ્બર વચ્ચે મહારાષ્ટ્રમાં વરસાદ થઈ શકે છે. વિદર્ભ અને મરાઠવાડોમાં કેટલીક જગ્યાએ ભારે વરસાદ શરૂ થઈ શકે છે. ખાસ વાત છે કે નક્કી સમય કરતા મોડેથી પ્રવેશ કરનાર ચોમાસાએ વાપસીમાં પણ વિલંબ કર્યો છે અને ૧૭ની જગ્યાએ ૧૯ સપ્ટેમ્બરથી વાપસીની પ્રક્રિયા શરૂ માનવામાં આવી રહી છે.

સવારની ચા સાથે તો માત્ર વર્તમાન પ્રવાહ


# રશિયા ચૂંટણીઃ પુતિનની પાર્ટીએ રચ્યો ઇતિહાસ, ૩૫૫ બેઠકો જીતીને વિરોધીઓના સૂપડા કર્યા સાફ



## ડ્રોન હુમલા અને વિપક્ષ પરના નિયંત્રણો વચ્ચે યોજાયેલી ચૂંટણીમાં ક્રેમલિન સમર્થિત પક્ષે અગાઉના તમામ રેકોર્ડ તોડ્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)
**મોસ્કો, તા.૨૧**
રશિયામાં રવિવારે સંપન્ન થયેલી સંસદીય ચૂંટણીઓમાં રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન સમર્થિત સત્તાધારી પક્ષ 'યુનાઈટેડ રશિયા'એ અભૂતપૂર્વ અને પ્રચંડ વિજય હાંસલ કર્યો છે. દેશની સંસદના નીચલા ગૃહ 'સ્ટેટ ડુમા'ની કુલ ૪૫૦ બેઠકોમાંથી પાર્ટીએ રેકોર્ડબ્રેક ૩૫૫ બેઠકો પર જીત નોંધાવીને પોતાનો રાજકીય દબદબો ફરી એકવાર સાબિત કર્યો છે.

એસોસિએટેડ પ્રેસ (AP)ના અહેવાલ અનુસાર, સેન્ટ્રલ ઈલેક્શન કમિશને જાહેર કર્યું છે કે ૯૫%થી વધુ મતદાન મથકોની મતગણતરી પૂર્ણ થઈ ચૂકી છે. આ પ્રારંભિક પરિણામો મુજબ, પક્ષો માટે અનામત રખાયેલી ૨૨૫ પ્રમાણસર બેઠકોમાંથી યુનાઈટેડ રશિયાને ૫૮% થી સહેજ ઓછી બેઠકો મળી છે. જ્યારે બાકીની ૨૨૫ સિંગલ-બેલેટ (પ્રત્યક્ષ ઉમેદવારી વાળી) બેઠકોમાં પાર્ટીના ઉમેદવારો ૨૦૮ બેઠકો પર નિર્ણાયક સરસાઈ સાથે વિજયી બન્યા છે. સેન્ટ્રલ ઈલેક્શન કમિશનના વડાં એલા પેમ્ફિલોવાએ સત્તાવાર વિગતો આપતાં જણાવ્યું હતું કે, યુનાઈટેડ રશિયા પાર્ટી ૪૫૦ માંથી ૩૫૫ બેઠકો જીતી રહી છે, જે પક્ષના સંસદીય ઈતિહાસનો અત્યાર સુધીનો સર્વોચ્ચ સ્કોર છે. અગાઉ ૨૦૨૧ ની સંસદીય ચૂંટણીમાં આ પક્ષે ૩૨૪ બેઠકો પર વિજય મેળવ્યો હતો.

ફેબ્રુઆરી ૨૦૨૨ માં યુક્રેન સાથે સૈન્ય સંઘર્ષ શરૂ થયા પછી રશિયામાં યોજાયેલી આ સૌપ્રથમ સંસદીય ચૂંટણી છે. રાષ્ટ્રપતિ પુતિને સમગ્ર ચૂંટણી પ્રચાર દરમિયાન આ જનાદેશને યુક્રેન મોરચે લડી રહેલા રશિયન સૈનિકોના સમર્થન અને રાષ્ટ્રીય એકતાના પ્રતીક તરીકે રજૂ કર્યો હતો. સમગ્ર દેશમાં કુલ ૫૬.૬૬% મતદાન નોંધાયું હતું, જેમાં રાજધાની મોસ્કોમાં ઐતિહાસિક મતદાન થયું હતું.

આ ચૂંટણી પ્રક્રિયા વિવાદોથી મુક્ત રહી નહોતી. યુદ્ધ વિરોધી વલણ ધરાવતા મુખ્ય પક્ષ 'યાબ્લોકો'ને સમગ્ર ચૂંટણી લડવા પર પ્રતિબંધ લાદવામાં આવ્યો હતો, જોકે પક્ષના કેટલાક નેતાઓને વ્યક્તિગત ધોરણે અમુક બેઠકો પર લડવાની છૂટ અપાઈ હતી. આ સિવાય સરકાર વિરોધી અનેક અગ્રણી નેતાઓ તથા અપક્ષ ઉમેદવારોની ઉમેદવારી પણ વિવિધ કારણોસર રદ કરવામાં આવી હોવાના અહેવાલો સામે આવ્યા છે.

રસપ્રદ બાબત એ છે કે રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન ઔપચારિક રીતે યુનાઈટેડ રશિયા પક્ષના પ્રાથમિક સભ્ય નથી. પક્ષના બંધારણ મુજબ રાષ્ટ્રપતિ બનવા માટે સભ્યપદ હોવું ફરજિયાત નથી. પુતિને ૨૦૦૮ થી ૨૦૧૨ દરમિયાન પાર્ટીના અધ્યક્ષ તરીકે કાર્યભાર સંભાળ્યો હતો, પરંતુ તે સમયે પણ તેઓ સામાન્ય સભ્ય નહોતા. ૨૦૧૨ માં તેમણે આ પદ છોડ્યા બાદ પૂર્વ રાષ્ટ્રપતિ દિમિત્રી મેદવેદેવે પાર્ટી અધ્યક્ષની કમાન સંભાળી હતી.

ચૂંટણીનો અંતિમ દિવસ ભારે સુરક્ષા તણાવ વચ્ચે પસાર થયો હતો. રવિવારે રશિયાના સંસદીય મતદાનના આખરી દિવસે યુક્રેન તરફથી મોસ્કો અને તેની આસપાસના વિસ્તારોમાં ૧,૬૦૦ થી વધુ ડ્રોન તૈનાત કરવામાં આવ્યા હોવાના અહેવાલ હતા. મોસ્કોના મેયર સેરગેઈ સોબ્યાનિને દાવો કર્યો હતો કે માત્ર રાજધાની મોસ્કોને નિશાન બનાવીને ૪૫૦ જેટલા ડ્રોન છોડવામાં આવ્યા હતા, જેને રશિયન એર ડિફેન્સ સિસ્ટમે નિષ્ફળ બનાવ્યા હતા.

# ૭ ઓક્ટોબરે કાશીમાં મોટો કાર્યક્રમઃ અમિત શાહ કરશે બાઇક યાત્રીઓનું સ્વાગત

## વડનગર-કાશી સેવા સંકલ્પ બાઇક યાત્રાના સમાપન કાર્યક્રમમાં ૭ ઓક્ટોબરે ગૃહમંત્રી અમિત શાહ કાશી પહોંચશે

(સંપૂર્ણ સમાચાર સેવા)
**કાશી, તા.૨૧**
વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જન્મદિવસ નિમિત્તે આયોજિત કાર્યક્રમો વચ્ચે ગૃહમંત્રી અમિત શાહ ૭ ઓક્ટોબરે કાશી પહોંચશે. ગૃહમંત્રી વડનગરથી કાશી આવનારા બાઈક યાત્રીઓનું સ્વાગત કરશે અને બાઈક રેલીના સમાપન કાર્યક્રમમાં સામેલ થશે. બાઈક યાત્રીઓ સાથે કાશી વિશ્વનાથ મંદિરમાં દર્શન-પૂજન કરશે અને બાબાનો મહારુદ્રાભિષેક કરવામાં આવશે. કાર્યક્રમમાં મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ સાથે રાજ્ય સરકારના અનેક મંત્રીઓ સામેલ થશે.

આ ઉપરાંત કેન્દ્રીય મંત્રી અનુપ્રિયા પટેલ, ડેપ્યુટી ઝ્રસ્કેશવ પ્રસાદ મૌર્ય અને બ્રજેશ પાઠક, ભાજપ યુવા મોરચાના રાષ્ટ્રીય અધ્યક્ષ ડૉ. હેમંગ જોશી અને પ્રદેશ અધ્યક્ષ રોહિત મિશ્રા પણ સેવા યાત્રીઓનું સ્વાગત કરશે. દ્ગઙ્ઘછના મોટા નેતાઓને કાર્યક્રમમાં બોલાવવા અંગે વિચારણા ચાલી રહી છે.

ત્યારબાદ તેમને નક્કી કરાયેલા સ્થળોએ રોકવામાં આવશે અને સવારે તમામ યાત્રીઓ શ્રી કાશી વિશ્વનાથ મંદિર પહોંચે ત્યાં સુધી સ્વાગત કાર્યક્રમ ચાલુ રહેશે. સ્વાગતના સ્થળો ટૂંક સમયમાં નક્કી કરવામાં આવશે. દરેક સ્વાગત સ્થળે રાજ્યમંત્રી અને ધારાસભ્યોની તહેનાતી રહેશે. સ્વાગતની આગેવાની મંત્રી અને ધારાસભ્યો જ કરશે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ જાલ્હુપુર સ્થિત રાષ્ટ્રીય ફોરેન્સિક વિજ્ઞાન યુનિવર્સિટીનું ઉદ્ઘાટન પણ કરી શકે છે. તેની તૈયારીઓ પહેલેથી જ ચાલી રહી છે. યુનિવર્સિટી બન્યા બાદ તપાસનું કામ સરળ બની જશે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ૭૬મા જન્મદિવસ નિમિત્તે ૧૭ સપ્ટેમ્બરે કાશી અને વડનગરથી એકસાથે સેવા સંકલ્પ બાઈક યાત્રાઓ રવાના થઈ હતી. કાશીમાં રક્ષા મંત્રી રાજનાથ સિંહ અને મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે ૨૫૦ બાઈક પર સવાર ૫૦૦ યુવાઓની યાત્રાને લીલી ઝંડી બતાવીને વડનગર માટે રવાના કરી હતી.

# દિલ્હી ફરી શર્મસારઃ છઠ્ઠા ધોરણની માસૂમને બંધક બનાવી કર્યો રેપ

(સંપૂર્ણ સમાચાર સેવા)
**નવી દિલ્હી, તા.૨૧:** દિલ્હીના સદર બજારમાંથી હૃદય કંપાવી દેનારી એક ઘટના સામે આવી છે. અહીં છઠ્ઠા ધોરણમાં ભણતી એક બાળકીને આધેડ વયના શખ્સે બંધક બનાવી અને તેનો રેપ કર્યો. દિલ્હી પોલીસે મામલામાં કાર્યવાહી કરીને આરોપીની ધરપકડ કરી લીધી છે અને FIR નોંધીને આગળની કાર્યવાહી શરૂ કરી દીધી છે.

જણાવવામાં આવી રહ્યું છે કે બાળકી દુકાન પર કંઈક સામાન લેવા ગઈ હતી. આરોપીએ તેને દુકાનની અંદર બંધક બનાવી લીધી અને તેની સાથે રેપની ઘોર ઘટનાને અંજામ આપ્યો.

દિલ્હી પોલીસ દ્વારા આપવામાં આવેલી માહિતી મુજબ, ૧૬ સપ્ટેમ્બરની રાત્રે તેમને પીસીઆર કોલ દ્વારા સૂચના મળી કે એક દુકાનદારે સગીરાને પોતાની દુકાનમાં બંધક બનાવીને તેની સાથે અશ્લીલ હરકત કરી. સૂચના મળતા જ સદર બજાર પોલીસ સ્ટેશનથી એક ટીમ ઘટનાસ્થળે જવા રવાના થઈ. સાથે જ મહિલા પોલીસ સ્ટેશનથી પણ ટીમ પહોંચી. પોલીસને તપાસમાં ખબર પડી કે સગીર પીડિતા રાત્રે ૧૧.૦૦ વાગ્યાની આસપાસ પોતાના ઘરેથી નીકળી હતી. તેને સ્કૂલ માટે કંઈક સામાન ખરીદવાનો હતો. રસ્તામાં દરજીની એક દુકાન આવે છે. દરજીએ તેને ફોસલાવીને પોતાની દુકાનમાં બોલાવી અને તેનો રેપ કર્યો. મામલામાં મહિલા પોલીસ સ્ટેશનમાં POCSO સમેત સંબંધિત ગંભીર કલમો હેઠળ એફઆઈઆર નોંધી લેવામાં આવી છે અને આરોપીને ન્યાયિક કસ્ટડીમાં લેવામાં આવ્યો છે. બાળકી સાથે બનેલી રેપની ઘટનાથી સમગ્ર વિસ્તારમાં અરેરાટી મચી ગઈ છે અને લોકો આરોપીને કડકમાં કડક સજા કરવાની માગ કરી રહ્યા છે.

# ઈરાને અમેરિકાને આપી ચેલેન્જઃ હવાઈ હુમલા કરીને પાછા જતા રહો છો, સીરિયસ હોય તો સેના મોકલો

(સંપૂર્ણ સમાચાર સેવા)
**તેહરાન, તા.૨૧ :** ઈરાનની સુપ્રીમ નેશનલ સિક્યુરિટી કાઉન્સિલના સેક્રેટરી મોહસેન રેઝાઈએ અમેરિકાને ભૂમિ યુદ્ધમાં જોડાવા માટે પડકાર ફેંક્યો છે. તેમણે કહ્યું કે જો અમેરિકા પોતાના લશ્કરી અભિયાન પ્રત્યે ગંભીર છે, તો તેણે ઈરાનમાં પોતાના સૈનિકો મોકલવા જોઈએ. રેઝાઈએ પ્રશ્ન કર્યો કે અમેરિકન લશ્કર ભૂમિ અભિયાન કેમ નથી કરી રહ્યું અને ફક્ત હવાઈ હુમલા કરી રહ્યું છે અને પાછા ફરી રહ્યું છે. તેમણે કહ્યું, "જો અમેરિકનો ગંભીર છે, તો તેમના સૈનિકો ઈરાનમાં આવવા જોઈએ. આખરે, યુદ્ધમાં ભૂમિ સૈનિકો નિર્ણાયક ભૂમિકા ભજવે છે."

મોહસેન રેઝાઈની ટિપ્પણીઓ એવા સમયે આવી છે જ્યારે અમેરિકા અને ઈરાન વચ્ચે સંઘર્ષ ચાલુ છે. બંને પક્ષો લશ્કરી કાર્યવાહી તેમજ યુદ્ધનો અંત લાવવા માટે વાટાઘાટો માટે ખુલ્લા છે. રેઝાઈએ એવો પણ દાવો કર્યો હતો કે ઈરાને અમેરિકા સામે પોતાની લશ્કરી વ્યૂહરચના બદલી નાખી છે અને હવે અમેરિકાના હવાઈ હુમલાનો જવાબ આપવા માટે વધુ તૈયાર છે. તેમણે ચેતવણી આપી હતી કે જો અમેરિકા ફરીથી હુમલો કરે છે, તો ઈરાન પ્રદેશમાં અમેરિકન ઠેકાણાઓ પર તેના હુમલાઓને વધુ તીવ્ર બનાવી શકે છે.

અહેવાલો અનુસાર, મોહસેન રેઝાઈ ઈરાનના સર્વોચ્ચ નેતા મોજતબા ખામેનીના નજીકના સહાયક છે. તેમને માર્ચમાં લશ્કરી સલાહકાર તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા અને ઓગસ્ટમાં સુપ્રીમ નેશનલ સિક્યુરિટી કાઉન્સિલની જવાબદારી સોંપવામાં આવી હતી. અમેરિકાએ અત્યાર સુધી ઈરાન સામે હવાઈ હુમલા અને લાંબા અંતરની લશ્કરી ક્ષમતાઓનો ઉપયોગ કર્યો છે. તેનાથી વિપરીત, ઈરાને આ ક્ષેત્રમાં અમેરિકન લશ્કરી થાણાઓ અને હિતોને નિશાન બનાવવાની વ્યૂહરચના અપનાવી છે. ઈરાનમાં મોટા પાયે ભૂમિ કાર્યવાહી શરૂ કરવાથી યુદ્ધ એક નવા અને વધુ વ્યાપક તબક્કામાં લઈ જઈ શકે છે.




## ગોવા વેડિંગનો રોમેન્ટિક વીડિયો વાયરલ

# જેનિફર વિંગેટે વિલિયમ ઈશ્માઇલ સાથે કર્યા બીજી વાર લગ્ન



(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ, તા.૨૧**
જેનિફર વિંગેટ અને વિલિયમ ઈશ્માઈલે UKમાં એક પ્રાઈવેટ ક્રિશ્ચિયન વેડિંગના થોડા અઠવાડિયા બાદ ગોવામાં ફરીથી લગ્ન કર્યા છે. આ સાથે જ આ ખાસ દિવસની ઉજવણી પોતાના નજીકના મિત્રો સાથે કરી હતી.જેનિફર વિંગેટ અને વિલિયમ ઈશ્માઈલે UKબાદ ગોવામાં ક્રિશ્ચિયન વેડિંગ કર્યા છે, જેની તસવીરો અને વીડિયો સોશિયલ મીડિયા પર છવાયેલા છે. ફેન્સને આ કપલના સેલિબ્રેશનની કેટલીક ખાસ ઝલક પણ જોવા મળી, જે ગોવાની હતી. આ કપલે Julyમાં UKમાં એક નાની સેરેમનીમાં લગ્ન કર્યા હતા અને પોતાના મિત્રોને એક રંગીન સેલિબ્રેશનનો હિસ્સો બનાવ્યા હતા, જેમાં ટેલિવિઝન અને ફિલ્મ ઈન્ડસ્ટ્રીના કેટલાક જાણીતા ચહેરાઓ સામેલ હતા. આ ગેધરિંગના વીડિયો અને ફોટો ઓનલાઈન સામે આવ્યા છે, જેમાં જેનિફર, કરણ વાહી, રિતેશ દેશમુખ, જેનેલિયા દેશમુખ, મંદિરા બેદી, શબ્બીર અહલુવાલિયા અને અન્ય કલાકારો સાથે સેલિબ્રેશનની મજા માણતી જોવા મળી રહી છે. જેનિફર વિંગેટે પોતાના સોશિયલ મીડિયા પર એક્ટ્રેસની ગોવા વેડિંગની જે ઝલક શેર કરી છે, તેમાં જેનિફર અને વિલિયમ એકબીજા પર ભારે પ્રેમ વરસાવતા દેખાઈ રહ્યા છે.આ પાર્ટી UKમાં જેનિફર વિંગેટ અને વિલિયમ ઈશ્માઈલના વેડિંગના 2 મહિના પછી થઈ હતી. મંદિરા બેદીએ ગોવામાં સેલિબ્રેશન કરાવ્યું હતું, જ્યારે હરલીન સેઠીએ ઉજવણી દરમિયાન ગુલદસ્તો (બુકે) પકડ્યો હતો. ગોવા સેલિબ્રેશનની તસવીરો અને વિડિયો ઓનલાઈન સામે આવ્યા છે, જેમાં જેનિફર અને વિલિયમ પોતાના મિત્રો સાથે ખૂબ મસ્તી કરતા દેખાઈ રહ્યા છે. જેનિફર અને કરણ વર્ષોથી મિત્રો છે. તેમણે 'દિલ મિલ ગયા' અને હાલમાં 'રાયસિંઘાની વર્સિસ રાયસિંઘાની'માં સાથે કામ કર્યું છે. લગ્નમાં તેમની હાજરી એ ખાસ ક્ષણોમાંથી એક હતી, જેણે સોશિયલ મીડિયા પર સૌનું ધ્યાન ખેંચ્યું હતું. રિતેશ અને જેનેલિયા પણ નવા પરિણીત યુગલ સાથે જશ્ન મનાવતા દેખાયા હતા, જ્યારે એક વીડિયોમાં જેનિફર અને જેનેલિયા એકબીજાને ભેટી પડતા જોવા મળ્યા હતા.મંદિરા બેદી ગોવા સેલિબ્રેશનમાં જાણીતા ચહેરાઓમાંથી એક હતી અને તેમણે સેરેમની સંપન્ન કરાવી હતી. હરલીન સેઠી પણ લગ્નની સૌથી પરંપરાગત ક્ષણોમાંથી એકનો ભાગ બની હતી, જ્યારે તેણે ગુલદસ્તો કેચ કર્યો હતો. સેલિબ્રેશનમાં ભારે ડાન્સ પણ થયો હતો. જેનિફર અને વિલિયમ ઢોલના તાલ પર એકસાથે ડાન્સ કરતા દેખાયા હતા, જેમાં જેનિફર પોતાના પતિને કેટલાક ઈન્ડિયન ડાન્સ મૂવ્સ શીખવી રહી હતી. કપલ પોતાના મિત્રો સાથે ડાન્સ ફ્લોર પર આરામથી બેઠેલું પણ જોવા મળ્યું હતું.જેનિફર વિંગેટે એક સોફ્ટ પીચ, ફ્લોર-લેન્થ સ્લીવલેસ ગાઉન પહેર્યું છે, જેની સાથે ફિટેડ બોડીસ અને ફ્લોઈંગ સ્કર્ટ છે. ડ્રેસમાં એક ડેલિકેટ, શીયર નેકલાઈન અને કમરની આસપાસ એક હળવી ડ્રેપ્ડ ડિટેલ છે. એક્ટ્રેસે એક સ્ટેટમેન્ટ જ્વેલરી હેરપીસ હેડબેન્ડ, ડેલિકેટ લેયર્ડ પર્લ નેકલેસ અને મેચિંગ બ્રેસલેટ પહેર્યું છે. તેણે વ્હાઈટ, પિંક અને લાઈટ ગ્રીન ફૂલોવાળો એક બેશ પેસ્ટલ બુકે લીધો છે.

# સમય રૈના અને મેધા શંકરના લગ્નની અફવા



(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ, તા.૨૧**
સમય રૈના અને મેધા શંકર ફરી એકવાર પોતાના કથિત સંબંધ બાબતે સમાચારોમાં ઝળક્યા છે. સોશિયલ મીડિયા પર વાયરલ એક પોસ્ટમાં દાવો કરાયો છે કે બંને આ વર્ષે ડિસેમ્બરમાં લગ્ન કરવાની યોજના બનાવી રહ્યા છે. જો કે સમય અથવા મેધા તરફથી આ દાવાની હજી સુધી કોઈ આધિકારીક પુષ્ટી નથી કરાઈ.આ અફવા કથિત રીતે રેડિટ પર એક પોસ્ટ દ્વારા શરૂ થઈ, જેમાં પોતાને સમયના પરિવારની નિકટના બનાવતા એક અજ્ઞાત યુઝરે તેની માતા સાથે વાતચીતનો સંદર્ભ આપ્યો.પોસ્ટ અનુસાર બંને હાલ રજાઓ માણી રહ્યા છે અને ટૂંક સમયમાં લગ્ન કરવાની યોજના બનાવી રહ્યા છે. જો કે તેની સ્વતંત્ર પુષ્ટી નથી થઈ.સમય અને મેધાની કથિત ડેટિંગની અફવા છેલ્લા કેટલાક સમયથી ચર્ચામાં છે. બંને સાથે નજર આવવાથી તેમજ સ્વિટ્ઝરલેન્ડના ઈન્ટરલેકનથી કથિત તસવીર વાયરલ થયા પછી અટકળો વધી હતી. મેધાએ '૧૨વી ફેલ', 'શાદીસ્થાન' અને 'ગિન્ની વેડ્સ સની ટુ'માં કામ કર્યુ છે અને હાલ 'ઈન્ડિયાઝ ગોટ લેટેન્ટ'માં જોવા મળી હતી.

# લવ એન્ડ વોરમાં વેઠ ઉતર્યાનું જણાતાં કેટલાંક દ્રશ્યોનું રીશૂટ

(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ, તા.૨૧**
રણબીર અને આલિયાની ફિલ્મ 'લવ એન્ડ વોર'નાં કેટલાંક દ્રશ્યોમાં વેઠ ઉતરી હોવાનો અહેસાસ થતાં હવે સંજય લીલા ભણશાલીએ કેટલાંક દ્રશ્યોનું ફરીથી શૂટિંગ હાથ ધર્યું હોવાનું કહેવાય છે. ફિલ્મનું શૂટિંગ ઓલરેડી લંબાઈ ચૂક્યું છે અને તેના કારણે ફિલ્મની રીલિઝ પણ પાછી ઠેલવી પડી છે. તેમાં હવે વધુ એક સપ્તાહનું રીશૂટ શરુ થયું છે.સંજય લીલા ભણશાલીએ એડિટ થયેલા ફૂટેજની સમીક્ષા કર્યા પછી યુદ્ધના મહત્વના દ્રશ્યો વધુ અસરકારક બનાવવા ફિલ્મનું શૂટિંગ ફરી શરૂ કર્યું છે. ફિલ્મનું મુખ્ય શૂટિંગ ત્રણ અઠવાડિયા અગાઉ જ પૂરુ થઈ ગયું હોવા છતાં ભણસાલીને યુદ્ધના કેટલાક હિસ્સાને સારી રીતે ફિલ્માવી શકાયા હોત તેવું જણાયી છે. વધારાનું શૂટ ગોરેગાંવમાં વેલકમ મેદાન ખાતે થઈ રહ્યું છે. આ રીશૂટ એક અઠવાડિયું ચાલશે. અગાઉ ભણશાલીએ ફિલ્મમાં એક નવું ગીત ઉમેરવાનું નક્કી કર્યું હતું. જોકે, હવે તે ઉમેરાશે કે કેમ તે અનિશ્ચિત બન્યું છે.રણબીર કપૂર, આલિયા ભટ્ટ અને વિકી કૌશલ અભિનિત 'લવ એન્ડ વોર' ૨૦૨૭માં રિલીઝ થવા નિર્ધારીત છે. ફિલ્મનો પ્લોટ ચિવટથી ગોપનીય રખાયો છે, પણ યુદ્ધના દ્રશ્યો પર ફરીથી ધ્યાન અપાઈ રહ્યું હોવાથી મોટા પાયાના તમાશા સાથે ભાવનાત્મક આત્મીયતાનું સંતુલન કરવાની ભણસાલીની મહત્વાકાંક્ષા છતી થાય છે. આ પ્રોજેક્ટ પછી રણબીર અને આલિયા બંનેની મહત્વની ફિલ્મો પણ રજૂ થવાની સંભાવના છે.

# 'મહાભારત' ફેમ એક્ટર અને WWE રેસલર સૌરવ ગુર્જરની ધરપકડ

(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ, તા.૨૧**
મહાભારતમાં ભીમનું પાત્ર ભજવીને જાણીતા થયેલા એક્ટર અને પૂર્વ WWE રેસલર સૌરવ ગુર્જર ની મુશ્કેલીઓ વધી છે. એક મહિલા દ્વારા શારીરિક શોષણની ગંભીર ફરિયાદના આધારે પોલીસે સૌરવ ગુર્જરની મુંબઈ એરપોર્ટ પરથી અટકાયત કરી લેવામાં આવી હોવાનું પ્રકાશમાં આવ્યું છે. એરપોર્ટ પરથી ધરપકડ કર્યા ત્યારબાદ તેમને હૈદરાબાદ લઈ જવામાં આવ્યા હતા, જ્યાં મેજિસ્ટ્રેટે તેમને ૧૪ દિવસની ન્યાયિક કસ્ટડીમાં મોકલી આપ્યા છે.કેસની વિગતે વાત કરવામાં આવે તો, મહિલાએ નોંધાવેલી ફરિયાદ પ્રમાણે વર્ષ ૨૦૨૧માં ઈન્સ્ટાગ્રામના માધ્યમથી સૌરવ ગુર્જર સાથે તેમની મુલાકાત થઈ હતી. ત્યારબાદ બંને વચ્ચે વોટ્સએપ પર વાતચીત શરૂ થઈ અને ગાઢ સંબંધો બંધાયા હતા. ૨૫ ડિસેમ્બર ૨૦૨૧ના રોજ બંનેની પ્રથમ રૂબરૂ મુલાકાત થઈ હતી, જ્યાં એક્ટરે લગ્ન કરવાનો વિશ્વાસ આપ્યો હતો. જો કે, બાદમાં લગ્નની વાત કરતા તે ગાયબ થઈ ગયો હતો તેવું મહિલાએ ફરિયાદમાં લખાવ્યું હોવાનું સૂત્રો દ્વારા જાણવા મળ્યું છે. પીડિત મહિલાએ આરોપ લગાવ્યો છે કે, સૌરવના કહેવાથી જ તેઓ અમેરિકાથી પોતાની સારી નોકરી છોડીને ભારત પાછા આવ્યા હતા. એક્ટરે સાથે મળીને નવો બિઝનેસ શરૂ કરવાનો દાવો કર્યો હતો. પરંતુ જ્યારે પણ મહિલા લગ્ન અંગે વાત કરતી, ત્યારે સૌરવ તેમનો ફોન નંબર બ્લોક કરી દેતો અને સંપર્ક તોડી નાખતો હતો. ફરિયાદમાં જણાવ્યા પ્રમાણે



ઓક્ટોબર ૨૦૨૫થી માર્ચ ૨૦૨૬ સુધી સૌરવ ગુર્જર હૈદરાબાદ ખાતે મહિલા સાથે રહ્યા હતા, પરંતુ એક દિવસ તેઓ અચાનક કોઈ પણ કહ્યા વગર ગાયબ થઈ ગયા હતા.મહિલાએ નોંધાવેલી ફરિયાદના આધારે હૈદરાબાદની ગાચીબોવલી પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરવામાં આવી હતી. એક્ટર દેશ છોડીને ભાગી ન જાય તે માટે વોચ રાખવામાં આવી રહી હતી અને આખરે મુંબઈ એરપોર્ટ પરથી તેમની ધરપકડ કરવામાં આવી હતી. હાલ કોર્ટે તેમને જેલ હવાલે કર્યા છે અને પોલીસે આગળની કાનૂની કાર્યવાહી હાથ ધરી દીધી હોવાનું જાણવા મળ્યું છે.

# સની કૌશલ ભાભી કેટરિના બહેન ઈસાબેલને ડેટ કરતો હોવાની અફવા

(સંપૂર્ણ સમાચાર સેવા) મુંબઈ, તા.૨૧
વિક્કી કૌશલના ભાઈ અને એક્ટર સની કૌશલ તથા કેટરિના કૈફની બહેન ઈસાબેલ વચ્ચે અફેર શરુ થયું હોવાની અફવા છે. સની અગાઉ શર્વરી વાઘને ડેટ કરતો હતો પરંતુ બાદમાં બંનેનું બ્રેક અપ થયું હતું.સોશિયલ મીડિયા પોસ્ટ વચ્ચે અનેક સમાનતા નજરે પડતા સની કૌશલ અને ઈસાબેલ કૈફ વચ્ચે રોમાન્સની



અફવાઓ શરૂ થઈ છે. બંને વચ્ચે નજીકનો સંબંધ છે અને તેઓ ઘણીવાર વિક્કી કૌશલ અને કેટરીના કૈફના મુંબઈ ઘરમાં સાથે દેખાય છે, પણ તેમણે પોતાના સંબંધ વિશે ચાલી રહેલી અટકળો વિશે કોઈ જવાબ નથી આપ્યો.હાલમાં સનીએ બિલાડીઓની તસવીરો પોસ્ટ કરી હતી. આ તસવીરો અને ઈસાબેલના જુલાઈમાં તુર્કી પ્રવાસ દરમ્યાન શેર કરાયેલી તસવીરો વચ્ચે સામ્ય હતું. સનીએ ફેન્ટેસી નવલકથા ડંજન ક્રોલર કાર્લની એક તસવીર પણ પોસ્ટ કરી, જેના પર ઈસાબેલે કમેન્ટ કરી કે તેણે જ સનીને આ પુસ્તક વાંચવાની સલાહ આપી હતી. સોશિયલ મીડિયા પર તેમની આ વાતચીતે ચાહકોની ઉત્સુકતા વધારી દીધી.સની અથવા ઈસાબેલ બંનેમાંથી કોઈએ પણ ડેટિંગની અફવાઓની પુષ્ટી અથવા ખંડન નથી કર્યું.અગાઉ પણ બંને પોતાના ભાઈ-બહેન સાથે તહેવાર મનાવતા જોવા મળ્યા હતા.

# પારડી નગરપાલિકા દ્વારા વોર્ડ દીઠ સફાઈ અભિયાન કાર્યક્રમનું આયોજન કરાયું




**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**પારડી, તા.૨૧**

સરકારશ્રીના સ્વચ્છ ભારત મિશન અંતર્ગત પારડી નગરપાલિકા દ્વારા દર મહિને વૉર્ડ દીઠ સફાઈ અભિયાન કાર્યક્રમનું આયોજન શરૂ કરવામાં આવ્યું હતું. જે અંતર્ગત આજે પારડી પોલીસ સ્ટેશન વોર્ડ નંબર બે ખાતે સફાઈની શરૂઆત કરવામાં આવી હતી.

આ કાર્યક્રમમાં ચીફ ઓફિસરશ્રી કોમલબેન ધિન્નેયા, પ્રમુખશ્રી ચેતનભાઈ નાયકા, આરોગ્ય ચેરમેન શ્રી કિરણભાઈ પટેલ, સેનેટરી ઈસ્પેક્ટર શ્રી મેહુલભાઈ પરમાર, સિટી મેનેજર શ્રીમતી ભૂમિબહેન પટેલ, એમ.આઈ.એસ. શ્રીમતી વિજલબેન લાડ, સુપરવાઈઝર શ્રી પંકજકુમાર ગરણીયા તથા તેમની ટીમ અને પોલીસ સ્ટાફ ઉપસ્થિત રહ્યા હતા.

# વલસાડ જિલ્લામાં ''વિકસિત ભારત ૨૦૪૭: સેવા સંકલ્પ અભિયાન ૨૦૨૬'' અંતર્ગત વક્તૃત્વ સ્પર્ધા અને ચિત્ર પ્રદર્શન યોજાયું

**ચિત્ર સ્પર્ધામાં ૫૮,૧૫૩ વિદ્યાર્થી, વક્તૃત્વ સ્પર્ધામાં ૬,૪૫૫ વિદ્યાર્થીએ ભાગ લીધો, જ્યારે ૨૯૬ શાળા સ્પર્ધામાં જોડાઈઃ ધોરણ ૬ થી ૮, ધોરણ ૯ થી ૧૦ તથા ધોરણ ૧૧ થી ૧૨ એમ અલગ-અલગ કેટેગરીમાં વિવિધ સ્પર્ધા યોજાઈ**






**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૨૧**

ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ દ્વારા આયોજિત ''વિકસિત ભારત ૨૦૪૭: સેવા સંકલ્પ અભિયાન ૨૦૨૬'' અંતર્ગત વલસાડ જિલ્લામાં શાળા કક્ષાએ વક્તૃત્વ સ્પર્ધા અને ચિત્ર પ્રદર્શનનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓમાં સર્જનાત્મકતા, અભિવ્યક્તિ કૌશલ્ય, આત્મવિશ્વાસ તેમજ રાષ્ટ્રનિર્માણની ભાવના વિકસે તે હેતુથી આ વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું હતું.

વલસાડ જિલ્લાની સરકારી, અનુદાનિત અને બિનઅનુદાનિત માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં યોજાયેલી વક્તૃત્વ સ્પર્ધા તથા ચિત્ર પ્રદર્શનમાં શાળાના પદાધિકારીઓ, આચાર્યશ્રીઓ તથા શિક્ષકશ્રીઓની ઉપસ્થિતિમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. ઉપસ્થિત મહાનુભાવો અને શિક્ષકશ્રીઓ દ્વારા વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરી તેમની પ્રતિભાને યોગ્ય મંચ પૂરું પાડવામાં આવ્યું હતું.

વક્તૃત્વ સ્પર્ધાની મુખ્ય થીમ ''વિકસિત ભારત ૨૦૪૭'' તેમજ ''સેવા અને સુશાસન'' રાખવામાં આવી હતી. વિદ્યાર્થીઓએ આ થીમને અનુરૂપ વિવિધ વિકાસલક્ષી તથા રાષ્ટ્રહિતના વિષયો પર પોતાના વિચારો અને વક્તવ્ય રજૂ કર્યા હતા. સ્પર્ધાનું આયોજન ધોરણ ૬ થી ૮, ધોરણ ૯ થી ૧૦ તથા ધોરણ ૧૧ થી ૧૨ એમ અલગ-અલગ કેટેગરી મુજબ કરવામાં આવ્યું હતું.

વક્તૃત્વ સ્પર્ધા દરમિયાન વિદ્યાર્થીઓ દ્વારા સ્વચ્છતા, જળ સંરક્ષણ, શિક્ષણ, ડિજિટલ ઈન્ડિયા, કૃષિ વિકાસ, આરોગ્ય સેવાઓ, મેક ઈન ઈન્ડિયા, ભારતીય રેલવે, અવકાશ વિજ્ઞાન, વાયબ્રન્ટ ગુજરાત તથા વૈશ્વિક સ્તરે ભારતની વધતી ભૂમિકા જેવા વિવિધ વિષયો પર પ્રભાવશાળી વક્તવ્ય રજૂ કરવામાં આવ્યા હતા.

સાથે સાથે, ચિત્ર પ્રદર્શનમાં વિદ્યાર્થીઓએ વિકસિત ભારત ૨૦૪૭, સ્વચ્છતા, પર્યાવરણ સંરક્ષણ, શિક્ષણ, ટેકનોલોજી, આત્મનિર્ભર ભારત અને રાષ્ટ્રનિર્માણ જેવા વિવિધ વિષયોને કેન્દ્રમાં રાખીને સર્જનાત્મક ચિત્રો રજૂ કર્યા હતા. વિદ્યાર્થીઓની કલાત્મક અભિવ્યક્તિ અને કલ્પનાશક્તિને ઉપસ્થિત મહાનુભાવો, શિક્ષકો તથા વાલીઓ દ્વારા બિરદાવવામાં આવી હતી. વલસાડ જિલ્લામાં યોજાયેલી ચિત્ર અને વક્તૃત્વ સ્પર્ધામાં વિદ્યાર્થીઓની વ્યાપક ભાગીદારી નોંધાઈ હતી. ચિત્ર સ્પર્ધામાં ૫૮,૧૫૩ વિદ્યાર્થીઓ તથા વક્તૃત્વ સ્પર્ધામાં ૬,૪૫૫ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જ્યારે સમગ્ર આયોજનમાં ૨૯૬ શાળાઓ જોડાઈ હતી. શાળા કક્ષાની સ્પર્ધામાંથી વિજેતા તથા પસંદ થયેલા વિદ્યાર્થીઓ આગામી તબક્કાની સ્પર્ધાઓમાં ભાગ લેશે. જે અંતર્ગત SVS કક્ષાની સ્પર્ધા તા.૨૬ સપ્ટેમ્બર, ૨૦૨૬ તથા જિલ્લા કક્ષાની સ્પર્ધા તા. ૦૩ ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ યોજાનાર છે.

સમગ્ર કાર્યક્રમનું માર્ગદર્શન જિલ્લા શિક્ષણાધિકારી ડૉ. રાજેશ્રી એલ. ટંડેલ દ્વારા આપવામાં આવ્યું હતું. તેમના માર્ગદર્શન હેઠળ વિદ્યાર્થીઓમાં રહેલી વક્તૃત્વ કળા, આત્મવિશ્વાસ, સર્જનાત્મક અભિવ્યક્તિ તથા રાષ્ટ્રનિર્માણ પ્રત્યેની પ્રતિબદ્ધતાને પ્રોત્સાહન મળે તે માટે શાળાકક્ષાએ વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે શાળાના પદાધિકારીઓ, આચાર્યશ્રીઓ, શિક્ષકશ્રીઓ તથા સમગ્ર શાળા પરિવારે સક્રિય સહયોગ આપ્યો હતો.

# વાપી સોશિયલ ગ્રુપ દ્વારા તાપી અને ધરમપુર વિસ્તારમાં સ્કૂલ કીટ અને રાશન કિટનું નિ:શુલ્ક વિતરણ કરાયું

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વાપી, તા.૨૧**

વાપી સોશિયલ ગ્રુપ ચેરિટેબલ ટ્રસ્ટના મેનેજિંગ ટ્રસ્ટી અને વાપીના સમાજ સેવક કિરણ રાવલ દ્વારા એક વાર ફરીથી તાપી જિલ્લામાં આવેલા આદિવાસી ગામો અને ધરમપુર વિસ્તારમાં આવેલા આદિવાસી ગામોની સરકારી પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓને લગભગ ૩૮૦ સ્કૂલ કીટો અને લગભગ ૩૨ જેટલી રાસન કીટોનું નિ:શુલ્ક વિતરણ કરવામાં આવ્યું હતું.



વાપીના સમાજ સેવક કિરણ રાવલ દ્વારા બનેલી સ્કૂલ કીટોમાં મુખ્યત્વે સ્કુલ બેગ, દરેક વિધાર્થીને ૬ નોટબુક, પ્લાસ્ટિકનો કંપાસ બોક્સ, પેન્સિલ અને રબર બોક્સનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

વાપીના સમાજ સેવક શ્રી કિરણભાઈ રાવલ લગભગ છેલ્લા ૮ વર્ષથી પોતાના વાપી સોશિયલ ગ્રુપ ચેરિટેબલ ટ્રસ્ટના માધ્યમથી અવરજવર અવિરત વલસાડ જિલ્લાની આસપાસના વિસ્તારમાં નિસ્વાર્થ સમાજ સેવાના કાર્યો કરતા રહે છે અને સમાજ સેવક કિરણ રાવલના આવા સમાજ સેવાના કાર્યોથી જરૂરિયાત મંદ લોકાને ખૂબ ફાયદો થાય છે.



**વાપી ટાઉન અમૃત નગર સ્થિત**
**શ્રી બાળ ગણેશ મહોત્સવના ''વૈભવ ચા રાજા''**
**(અહીં ૨૦૦૨થી શ્રીજીની સ્થાપના કરવામાં આવે છે.)**

# સ્વામિનારાયણ ફાર્મસી કોલેજ સલવાવ ખાતે મહિલા વિકાસ સેલ દ્વારા મહિલા સશક્તિકરણ અને જાગૃતિ કાર્યક્રમ યોજાયો




**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૨૧**

શ્રીમતી ભાવનાબેન નાનુભાઈ બાંભરોલીયા સ્વામિનારાયણ ફાર્મસી કોલેજ, સલવાવ ખાતે IQACના માર્ગદર્શન હેઠળ અને મહિલા વિકાસ સેલ (WDC) દ્વારા તારીખ: ૧૯/૦૯/૨૦૨૬ શનિવારના રોજ પ્રથમ વર્ષ બી.ફાર્મસીની વિદ્યાર્થિનીઓ માટે મહિલા સશક્તિકરણ અને જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમનું સંચાલન સંસ્થાના એકેડેમિક ડિરેકટર પ્રોફેસર ડૉ.શૈલેષ વી. લુહારના માર્ગદર્શન હેઠળ તેમજ કોલેજના આચાર્યશ્રી ડૉ.સચિન બી.નારખેડે દ્વારા કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનું આયોજન કો-ઓર્ડીનેટર આસિસ્ટન્ટ પ્રોફેસર નિશા પાટીલ દ્વારા થયું હતું.

આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ યુવા વિદ્યાર્થિનીઓને જાગૃતિ, જ્ઞાન અને વ્યવહારૂ માર્ગદર્શન દ્વારા સશક્ત બનાવવાનો હતો. તેમજ જાતીય સંવેદનશીલતા (Gender Sensitisation) અંગે પણ માર્ગદર્શન આપવાનું હતું. જેમાં વિદ્યાર્થિનીઓને વ્યક્તિગત સુરક્ષા, શૈક્ષણિક જીવન,વ્યાવસાયિક વિકાસ તથા સર્વાંગી સુખાકારી સાથે સંકળાયેલા મહત્વપૂર્ણ મુદ્દાઓ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. સત્ર દરમિયાન મહિલા સશક્તિકરણ, આત્મવિશ્વાસ, સ્વાવલંબન, નેતૃત્વ, નિર્ણય લેવાની ક્ષમતા તેમજ અધિકારો અને જવાબદારીઓ અંગેની જાગૃતિના મહત્વ પર ભાર મૂકવામાં આવ્યો હતો.

આ કાર્યક્રમનો એક મહત્વપૂર્ણ ભાગ આંતરિક ફરિયાદ સમિતિ (Internal Complaints Committee – ICC) અંગેની જાગૃતિનો હતો. વિદ્યાર્થિનીઓને ICCની ભૂમિકા અને જવાબદારીઓ, સુરક્ષિત અને સન્માનપૂર્ણ કેમ્પસ વાતાવરણ જાળવવાનું મહત્વ તેમજ જાતીય સતામણી અને અયોગ્ય વર્તન સંબંધિત ફરિયાદો અથવા ચિંતાઓ માટે ઉપલબ્ધ યોગ્ય વ્યવસ્થાઓ અંગે માહિતી આપવામાં આવી હતી. તદુપરાંત ડિજિટલ પ્લેટફોર્મના વધતા ઉપયોગને ધ્યાનમાં રાખીને કાર્યક્રમમાં સાયબર સુરક્ષા અને સોશિયલ મીડિયાના જવાબદાર ઉપયોગ પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો હતો. વિદ્યાર્થિનીઓને સાયબરબુલિંગ, ઓનલાઈન સતામણી, નકલી પ્રોફાઇલ, ફિશિંગ, ગોપનીયતા સંબંધિત જોખમો, ફોટોગ્રાફસ અને વ્યક્તિગત માહિતીના દુરૂપયોગ તેમજ મજબૂત ડિજિટલ સુરક્ષા જાળવવાની જરૂરીયાત અંગે માહિતગાર કરવામાં આવ્યા હતા.

આ કાર્યક્રમ દ્વારા મહિલા વિકાસ સેલ અને IQACની સુરક્ષા, સમાનતા, ગૌરવ, જાગૃતિ અને સશક્તિકરણ આધારિત કેમ્પસ સંસ્કૃતિ વિકસાવવાની પ્રતિબદ્ધતા પ્રતિબિંબિત થઈ હતી. આ પહેલનો હેતુ યુવા વિદ્યાર્થિનીઓને જરૂરી જ્ઞાન અને આત્મવિશ્વાસથી સજ્જ કરવાનો હતો, જેથી તેઓ જવાબદાર, સ્વતંત્ર અને સશક્ત નાગરિક તરીકે સમાજમાં સક્રિય ભૂમિકા ભજવી શકે.

આ કાર્યક્રમ બદલ શ્રી સ્વામિનારાયણ સંસ્થાના અધ્યસ્થાપક પરમ પૂજ્ય પૂરાણી સ્વામી કેશવચરણદાસજી, મેનેજિંગ ટ્રસ્ટી પરમ પૂજ્ય પૂરાણી સ્વામી કપિલજીવનદાસજી, પૂજ્ય રામ સ્વામીજી, પૂજ્ય હરિ સ્વામીજી, સંસ્થાના ટ્રસ્ટી શ્રી બાબુભાઈ સોડવડીયા તથા અન્ય ટ્રસ્ટીશ્રીઓ, કેમ્પસ એકેડેમિક ડિરેકટર પ્રોફેસર ડૉ. શૈલેષ વી. લુહાર, આચાર્યશ્રી ડૉ. સચિન બી. નારખેડે અને તમામ સ્ટાફે સૌને અભાર વ્યક્ત કર્યો હતો.

# રાષ્ટ્રીય કક્ષાની રમતોમાં વિજેતા ખેલાડીઓને વૃતિકા યોજનાનો લાભ લેવા અનુરોધ

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૨૧**

સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાત ગાંધીનગર દ્વારા SGFI દ્વારા યોજાતી રમતો અને એસોસિએશનની રાષ્ટ્રીયકક્ષાની રમતોમાં વર્ષ-૨૦૨૬-૨૭ના વર્ષના મેડલ વિનર ખેલાડીઓને શિષ્યવૃત્તિ અને રાષ્ટ્રીયકક્ષાએ ભાગ લેનાર ખેલાડીઓને વૃતિકા આપવામાં આવે છે. આ યોજનાનો લાભ લેવા માટે ખેલાડીઓએ સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાતની વેબસાઈટ www.sportsauthority.gujarat.gov.in પર જઈ ઓનલાઈન અરજી કરવાની રહેશે. ઓનલાઈન અરજી કરવા માટે તેમજ વધુ માહિતી માટે અત્રેની કચેરીના સરનામુ જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર, ૩૫ પિતૃ સદન બંગ્લોઝ, રણછોડજી નગર, હિરો શો-રૂમ પાછળ, ધરમપુર રોડ, વલસાડ પર સંપર્ક કરવાનું રહેશે એવું જિલ્લા રમતગમત અધિકારીની અખબારી યાદીમાં જણાવાયુ છે.

## સુરત શહેરના વેસુ વિસ્તારના મુક્તિ મહાનગરી ખાતે

# ૫૯ ઉપવાસ, ૩૬ ઉપવાસ, ૩૦ ઉપવાસ તથા વર્ધમાનતપની ૧૦૦મી ઓળી નિમિત્તે તથા સમાધિપર્વની અનુમોદનાર્થે ચાલી રહેલ ભવ્ય નવ દિવસીય દેવ - ગુરુભક્તિ મહોત્સવ

**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**

**વાપી, તા.૨૧:** સુરત શહેરના વૈભવશાળી વેસુ વિસ્તારમાં મુક્તિમહાનગરી ખાતે ચાલુ વર્ષે જિનશાસનજ્યોતિર્ધર સુરિસમ્રાટ ''સુરિરામચંન્દ્ર'' સમુદાયવર્તી જિર્ણોદ્ધાર જ્યોતિર્ધર પૂ.આ.શ્રી વિજય મુક્તિપ્રભસુરીશ્વરજી મહારાજા, સુપ્રસિદ્ધ પ્રવચનકાર પુ.આ.શ્રી વિજય શ્રેયાંસપ્રભસુરીશ્વરજી મહારાજા, પૂ.આ.શ્રી વિજયપૂણ્યપ્રભસુરીજી મ.પૂ.આ.શ્રી વિજયધર્મદર્શનસુરીજી મ. તથા પૂ.આ.શ્રી વિજયકૈવલ્યદર્શનસુરીજી મ. આદિ ૧૫૦થી અધિક જૈનશ્રમણ શ્રમણી ભગવંતોની નિશ્રામાં પર્વાધિરાજ શ્રી પર્યુષણ મહાપર્વની ઉલ્લાસભેર ઉજવણી થવા પામી.

પર્વાધિરાજ શ્રી પર્યુષણ મહાપર્વના આલંબનને પામી ચતુર્વિધ શ્રી સંઘમાં



વિવિધ તપસ્યાનો અદ્ભૂત માહોલ સર્જાય છે. મહાપર્વ પૂર્વે તો માસક્ષમણ તપ (૩૦ ઉપવાસ)ની તપસ્યા પૂર્ણ થઈ પણ હાલ મહાપર્વ પૂર્ણ થયા બાદ પણ ઉગ્ર તપસ્યાઓ ચાલી રહી છે. જેમાં પૂ.આ. શ્રી વિજયકૈવલ્યદર્શનસુરીજી મ.ને. ૫૯ ઉપવાસ, પૂ.મુ.શ્રી શ્રદ્ધેયોદર્શનસુરીજી મ.ને.-૩૬ ઉપવાસ, પૂ.મુ.શ્રી શ્રેષ્ઠદર્શનવિજયજી-૩૦ ઉપવાસ, પૂ.મુ.શ્રી શ્રેયાંસદર્શનવિજયજી મ.ને.-૩૦ ઉપવાસ, પૂ.સા.શ્રી સિદ્ધર્ષિશ્રેયાશ્રીજી મ.ને.૩૦ ઉપવાસ, પૂ.સા.શ્રી શ્રીનિધિશ્રીજી મ.ને. - ૩૦ ઉપવાસની ભીષ્મ તપસ્યા ચાલી રહી છે. તો પુ.મુ.શ્રી સંયમદર્શનવિજયજી મ.ને. વર્ધમાનતપની ૧૦૦ મી ઓળી પૂર્ણતાના આરે છે. તેમજ પ્રવર્તિની પૂ.સા.શ્રી ભદ્રપૂર્ણાશ્રીજી મ., પૂ.સા.શ્રી કિરણરેખાશ્રીજી મ. તથા પૂ.સાઉશ્રી ભદ્રપૂર્ણા જિનહર્ષાશ્રીજી મ.ના. સમાધિમય સ્વર્ગમન નિમિત્તે તેઓના સંયમજીવનની અનુમોદનાર્થે - ચાતુર્માસ આયોજક આચાર્યશ્રી વિજયજયકુંજરસુરિ સ્મૃતિ ટ્રસ્ટના ઉપક્રમે ભાદરવા સુદ ૮ શનિવારના ૧૯ સપ્ટેમ્બરથી ભવ્ય નવ દિવસીય દેવ ગુરુભક્તિ મહોત્સવ પ્રારંભ થઈ ચૂક્યો છે. જેમાં ભાદરવા સુદ ૮ તા.૧૯/૯ના સામૂહિક શ્રી ગણધરયુગપ્રધાન દેવવંદન તથા જિનાલયમાં ભવ્ય મહાપૂજા થઈ.

ભારદવા સુદ ૯ તા. ૨૦/૯ના સવારે ૮ કલાકે પાર્લે પોઈન્ટ વિજયરામચંદ્રસુરી આરાધનાભવન ખાતે ચાતુર્માસ બિરાજમાન પ્રવચનકાર પૂ.આ.શ્રી વિજયપુણ્યસૂરિજી મ. ચતુર્વિધશ્રી સંઘ સાથે ભવ્ય ચૈત્યપરિયારી લઈને પધાર્યા- શ્રી સંઘની નવકારશી થઈ ત્યારબાદ સવારે ૯ કલાકે શ્રી શંત્રુજયમહાતીર્થ- મહિમા ગર્ભિત શ્રી નવ્વાણુ પ્રકારો પૂજા ખુબજ ઠાઠમાઠથી સુરતનું સુપ્રસિદ્ધ શ્રી વીરશાસન ગ્રુપ (પાઘડી મંડળ) નિકેશભાઈ સંઘવી દ્વારા ભણાવાશે.

પ્રભુભક્તિના કાર્યક્રમોમાં સુરત શહેરના સુપ્રસિદ્ધ સંગતીકારો પધારશે.

ચાલુ વર્ષે સુરત શહેરના વેસુ વિસ્તારમાં મુક્તિમહાનગરી ખાતે ચાતુર્માસ આરાધનાનો અદભૂત માહોલ સર્જાયો છે.

પ્રતિદિન સવારે ૭:૦૦ થી ૮:૧૫ જૈનાચાર્યોના પ્રેરણાદાયી પ્રવચનો, પ્રતિ રવિવારે સવારે ૯:૦૦ કલાકે જાહેર પ્રવચનો દ્વારા ખુબ જ સુંદર ધર્મજાગૃતિ થવા પામી છે.

આગામી ભાદરવા વદ ૪, બુધવાર તા. ૩૦ સપ્ટેમ્બરના જૈનજગતના સુપ્રસિદ્ધ મહાન કવિવર જૈનાચાર્યશ્રી વિજયજ્ઞાનવિમલસુરીશ્વરજી મહારાજાની ૩૦૦મી સ્વર્ગારોણ તિથિ નિમિત્તે સુરત શહેરમાં ચાલુ વર્ષે ચાતુર્માસ બિરાજમાન તમામ સમુદાયના તમામ આચાર્ય ભગવંતો પદસ્થ મુનિ ભગવંતોની નિશ્રામાં ભવ્ય ઉજવણી થશે.

TORRENT POWER | DNHDD

**વીજ પૂરવઠો બંધ રહેવા અંગેની નોટીસ**

ગ્રાહકોને ગુણવત્તાસભર વીજપૂરવઠો સતત મળતો રહે તે માટે દાદરા નગર હવેલી અને દમન દીવ પાવર કોર્પોરેશન લિમિટેડ (ટ્રાન્સમિશન) દ્વારા નેટવર્ક મેન્ટેનન્સનું આયોજન કરેલ છે, એવું અમને જણાવવામાં આવેલ છે. આપની પ્રવૃત્તિઓનું આયોજન તે મુજબ કરવા વિનંતી. અનુસુચિત સમય પહેલા વીજપૂરવઠો કાર્યરત્ત કરવા માટે શ્રેષ્ઠ પ્રયાસ કરવામાં આવશે.

| તારીખ અને વાર | સબસ્ટેશન | ફીડર | વિસ્તાર |
|---|---|---|---|
| ૨૨-૦૯-૨૦૨૬ (મંગળવાર) સવારે ૦૯:૦૦ વાગ્યાથી બીજા દિવસે સવારે ૦૯:૦૦ વાગ્યા સુધી (૨૪ કલાક) | ૬૬/૧૧ કેવી દલવાડા | ૧૧ KV પોલીકેબ ફીડર | પોલિકેબ ઈન્ડિયા લિમિટેડ |
| | | ૧૧ KV ભારત ફીડર | ભારત ઈન્ડસ્ટ્રિયલ એસ્ટેટ, સુપર નીટ ઈન્ડસ્ટ્રીઝ |
| | | ૧૧ KV સિલ્વર ફીડર | સિલ્વર ઈન્ડસ્ટ્રિયલ એસ્ટેટ |
| | | ૧૧ KV PVD ફીડર | પીવીડી પ્લાસ્ટ ઈન્ડસ્ટ્રીઝ, માર્સ પેકેજિંગ, રાધા માધવ ઈન્ડસ્ટ્રીઝ, બંસવાડા ઈન્ડસ્ટ્રીઝ, સુપ્રીમ ટ્રેવ્સ ઈન્ડસ્ટ્રીઝ |
| | | ૧૧ KV દમણ પોલીથ્રેડ + PVN ફીડર | દમણ પોલીથ્રેડ લિમિટેડ, કંદુઈ ઈન્ડસ્ટ્રીઝ પ્રા.લિ. (PVN) |
| ૨૩-૦૯-૨૦૨૬ (બુધવાર) સવારે ૦૯:૦૦ વાગ્યાથી બીજા દિવસે સવારે ૦૯:૦૦ વાગ્યા સુધી (૨૪ કલાક) | | ૧૧ KV સ્કોટ કૈસા ફીડર | સ્કોટ કૈસા ઈન્ડ. |
| | | ૧૧ KV સુપ્રીમ ફીડર | સુપ્રીમ ઈન્ડસ્ટ્રિયલ એસ્ટેટ, કેસર ઈન્ડસ્ટ્રિયલ એસ્ટેટ |
| | | ૧૧ KV બ્લોસમ ફીડર | મેસર્સ બ્લોસમ ઈન્ડ. લિ. |
| | | ૧૧ KV બાસુકીનાથ ફીડર | પ્લાસ્ટિબ્લેન્ડ્સ ઈન્ડિયા લિ., મહારાષ્ટ્ર પ્લાસ્ટિક ઈન્ડ. |
| | | ૧૧ KV ફાઈબર વેબ ફીડર | ફાઈબર વેબ ઈન્ડિયા પ્રા. લિ. |
| ૨૪-૦૯-૨૦૨૬ (ગુરુવાર) સવારે ૦૯:૦૦ વાગ્યાથી બીજા દિવસે સવારે ૦૯:૦૦ વાગ્યા સુધી (૨૪ કલાક) | | ૧૧ KV સુઝલોન ફીડર | દમણ ઈન્ડસ્ટ્રિયલ એસ્ટેટ, કડૈયા ઈન્ડસ્ટ્રિયલ એસ્ટેટ |
| | | ૧૧ KV જયશીંગ ફીડર | પોલિકેબ ઈન્ડિયા લિમિટેડ |
| | | ૧૧ KV એવિગ્લોબલ ફીડર | એવી ગ્લોબલ પ્લાસ્ટ પ્રા. લિ. |
| | | ૧૧ KV Enercon ફીડર | સિલ્વર ઈન્ડસ્ટ્રિયલ એસ્ટેટ, કંદોઈ યુનિટ ઈન્ડ. |
| | | ૧૧ KV પારસ ફીડર | પારસ લ્યુબ્રિકન્ટ્સ લિ., મેસર્સ યશ પોલી ઈન્ડ. પ્રા.લિ. |
| ૨૫-૦૯-૨૦૨૬ (શુક્રવાર) સવારે ૦૯:૦૦ વાગ્યાથી બીજા દિવસે સવારે ૦૯:૦૦ વાગ્યા સુધી (૨૪ કલાક) | | ૧૧ KV પોલીકેબ ફીડર | પોલિકેબ ઈન્ડિયા લિમિટેડ |
| | | ૧૧ KV ભારત ફીડર | ભારત ઈન્ડસ્ટ્રિયલ એસ્ટેટ, સુપર નીટ ઈન્ડ. |
| | | ૧૧ KV સિલ્વર ફીડર | સિલ્વર ઈન્ડસ્ટ્રિયલ એસ્ટેટ |
| | | ૧૧ KV PVD ફીડર | પીવીડી પ્લાસ્ટ ઈન્ડ., માર્સ પેકેજિંગ, રાધા માધવ ઈન્ડ., બંસવાડા ઈન્ડ., સુપ્રીમ ટ્રેવ્સ ઈન્ડ. |
| | | ૧૧ KV દમણ પોલીથ્રેડ + PVN ફીડર | દમણ પોલીથ્રેડ લિમિટેડ, કંદુઈ ઈન્ડ. પ્રા. લિ. (PVN) |
| ૨૬-૦૯-૨૦૨૬ (શનિવાર) સવારે ૦૯:૦૦ વાગ્યાથી બીજા દિવસે સવારે ૦૯:૦૦ વાગ્યા સુધી (૨૪ કલાક) | | ૧૧ KV સ્કોટ કૈસા ફીડર | સ્કોટ કૈસા ઈન્ડ. |
| | | ૧૧ KV સુપ્રીમ ફીડર | સુપ્રીમ ઈન્ડસ્ટ્રિયલ એસ્ટેટ, કેસર ઈન્ડસ્ટ્રિયલ એસ્ટેટ |
| | | ૧૧ KV બ્લોસમ ફીડર | મેસર્સ બ્લોસમ ઈન્ડ. લિ. |
| | | ૧૧ KV બાસુકીનાથ ફીડર | પ્લાસ્ટિબ્લેન્ડ્સ ઈન્ડિયા લિ., મહારાષ્ટ્ર પ્લાસ્ટિક ઈન્ડ. |
| | | ૧૧ KV ફાઈબર વેબ ફીડર | ફાઈબર વેબ ઈન્ડિયા પ્રા. લિ. |
| ૨૭-૦૯-૨૦૨૬ (રવિવાર) સવારે ૦૯:૦૦ વાગ્યાથી બીજા દિવસે સવારે ૦૯:૦૦ વાગ્યા સુધી (૨૪ કલાક) | | ૧૧ KV સુઝલોન ફીડર | દમણ ઈન્ડસ્ટ્રિયલ એસ્ટેટ, કડૈયા ઈન્ડસ્ટ્રિયલ એસ્ટેટ |
| | | ૧૧ KV જયશીંગ ફીડર | પોલિકેબ ઈન્ડિયા લિમિટેડ |
| | | ૧૧ KV એવિગ્લોબલ ફીડર | એવી ગ્લોબલ પ્લાસ્ટ પ્રા. લિ. |
| | | ૧૧ KV એનરકોન ફીડર | સિલ્વર ઈન્ડસ્ટ્રિયલ એસ્ટેટ, કંદોઈ યુનિટ ઈન્ડ. |
| | | ૧૧ KV પારસ ફીડર | પારસ લ્યુબ્રિકન્ટ્સ લિ., મેસર્સ યશ પોલી ઈન્ડ. પ્રા.લિ. |

અસુવિધા બદલ દિલગીર છીએ

આરસીસીબી/ઈએલસીબીનો મોટો લાભ
તમારા પરિવારની સુરક્ષાની ખાતરી
અર્થ લિકેજ સર્કિટ બ્રેકર લગાવો
અને સુરક્ષિત રહો
એક નાનકડી ડિવાઈસ તમને વિજળીના ઝટકાથી બચાવશે



આપની સેવા માં હરહંમેશ હાજર
24/7 Helpline 9099991912, 18002339500, 19126, 18002705551
connect.torrentpower.com
connect.dnhdd@torrentpower.com

વર્તમાન પ્રવાહ

વાંચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. વર્તમાન પ્રવાહ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઈ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રિન્ટર, પબ્લિશર, તંત્રી, વર્તમાન પ્રવાહ જૂથ પબ્લિકેશનના માલિક તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.- વ્યવસ્થાપક

Owner, Publisher, Printer & Editor: Mukesh H. Gosavi, Printed at Vartman Pravah Offset Division :- 17-Sapphair Industrial Park, Dabhel, Nani Daman (U.T.), Publication Place : 92 Damanwada, Bhamti, Moti Daman, Daman (U.T.)

સવારની ચા સાથે તો માત્ર
તમારી લાગણીનું પ્રતિબિંબ પાડતું સંઘપ્રદેશનું સર્વપ્રથમ દૈનિક
વર્તમાન પ્રવાહ


# વલસાડ જિલ્લામાં શિક્ષણની નવી શરૂઆત: ૧૦૫ વિદ્યાર્થીઓનું સન્માન કરી શાળામાં પુન: પ્રવેશ અપાયો

**તમામ વિદ્યાર્થીઓને શૈક્ષણિક કીટ, દફતર તથા નોટબુકનું વિતરણ કરવામાં આવ્યું: વિદ્યાર્થીઓને નિયમિત શાળામાં હાજરી આપવા, શિક્ષણ સાથે સતત જોડાયેલા રહેવા પ્રોત્સાહિત કરાયા**



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૨૧**

'સેવા સંકલ્પ અભિયાન-૨૦૨૬' અંતર્ગત વલસાડ જિલ્લામાં શિક્ષણથી વંચિત રહી ગયેલા બાળકોને પુનઃ શાળા પ્રવાહમાં જોડવાના હેતુથી પુન:પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓનો સન્માન સમારોહ વલસાડના અબ્રામા સ્થિત સરસ્વતી ઈન્ટરનેશનલ સ્કૂલ ખાતે જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી તથા જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીની કચેરીના સંયુક્ત ઉપક્રમે જિલ્લા પંચાયત પ્રમુખ હેતલબેન પટેલ તથા વલસાડના ધારાસભ્ય ભરતભાઈ પટેલની ઉપસ્થિતિમાં યોજાયો હતો.

આ કાર્યક્રમમાં વલસાડ જિલ્લાના સરકારી, ગ્રાન્ટેડ તથા સ્વનિર્ભર માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના પુન:પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓ, તેમના વાલીઓ, શિક્ષકો તથા શાળાના પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનો મુખ્ય હેતુ શિક્ષણથી વંચિત રહી ગયેલા બાળકોને પુનઃ શાળાના મુખ્ય પ્રવાહ સાથે જોડવા, તેમને શિક્ષણ માટે પ્રોત્સાહિત કરવા તથા તેમના ઉજ્જવળ ભવિષ્ય માટે સમાજના સહયોગને પ્રોત્સાહન આપવાનો હતો.

વલસાડ જિલ્લામાં પુન:પ્રવેશ મેળવનાર અનેક વિદ્યાર્થીઓમાંથી ૧૦૫ વિદ્યાર્થીઓનું વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. દાતાશ્રીઓના સહયોગથી આ ૧૦૫ વિદ્યાર્થીઓને શૈક્ષણિક કીટ, દફતર તથા નોટબુકનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ પહેલ દ્વારા વિદ્યાર્થીઓને અભ્યાસ માટે જરૂરી શૈક્ષણિક સામગ્રી ઉપલબ્ધ કરાવી તેમના શિક્ષણ પ્રત્યે ઉત્સાહ વધારવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.

આ સમગ્ર કામગીરી જિલ્લા શિક્ષણાધિકારી ડો. રાજેશ્રી એલ. ટંડેલ તથા જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી શ્રી ડી.બી. વસાવાના માર્ગદર્શન હેઠળ કરવામાં આવી હતી. તેમના માર્ગદર્શન હેઠળ શિક્ષણથી વંચિત બાળકોને શોધી તેમને પુનઃ શાળા પ્રવાહમાં જોડવા તથા તેમના શિક્ષણને સતત આગળ વધારવા માટે જિલ્લા કક્ષાએ વિવિધ પ્રયાસો હાથ ધરવામાં આવી રહ્યા છે.

આ પ્રસંગે વિદ્યાર્થીઓને નિયમિત શાળામાં હાજરી આપવા, શિક્ષણ સાથે સતત જોડાયેલા રહેવા તથા પોતાના ઉજ્જવળ ભવિષ્ય માટે મહેનત કરવા પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. વાલીઓ અને શિક્ષકોને પણ બાળકોના શિક્ષણમાં સતત સહયોગ આપવા અપીલ કરવામાં આવી હતી.

જિલ્લા શિક્ષણ વિભાગ દ્વારા ''દરેક બાળક શાળામાં - દરેક સ્વપ્ન ઉજ્જવળ ભવિષ્ય તરફ...''ના સંકલ્પ સાથે શિક્ષણથી વંચિત કોઈપણ બાળક ન રહે અને દરેક બાળકને શિક્ષણની તક મળે તે માટે સતત પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. વલસાડ જિલ્લામાં પુન:પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓને શિક્ષણની મુખ્યધારા સાથે જોડવાની આ પહેલ ''વલસાડનો શિક્ષણ સંકલ્પ'' સાકાર કરવાની દિશામાં મહત્વપૂર્ણ પગલું બની રહી છે.

## સાંસદ ધવલભાઈ પટેલનો અનોખો અંદાજ

# વલસાડ શહેરમાં બાઈક પર સવાર થઈ અને ખુલ્લા પગે ગણેશ પંડાલોમાં દર્શન-પૂજન કર્યું



**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૨૧**

ગણેશોત્સવના પાવન પર્વ નિમિત્તે વલસાડના લોકપ્રિય સાંસદ અને લોકસભાના દંડક શ્રી ધવલભાઈ પટેલે વલસાડ શહેરના વિવિધ વોર્ડમાં વિવિધ મંડળો દ્વારા આયોજિત શ્રી ગણેશ મહોત્સવમાં ઉપસ્થિત રહી વિઘ્નહર્તા શ્રી ગણપતિ બાપ્પાના ભાવપૂર્વક દર્શન અને પૂજન-અર્ચનનો લ્હાવો લીધો હતો.

શ્રીજીના દર્શન દરમિયાન સાંસદશ્રીનો એક અત્યંત સરળ, ભક્તિમય અને સાદગીપૂર્ણ અંદાજ જોવા મળ્યો હતો. કોઈ પણ પ્રકારના પ્રોટોકોલ વગર, સાંસદશ્રી સામાન્ય નાગરિકની જેમ ખુલ્લા પગે અને બાઈક પર સવાર થઈને શહેરના ગલી-મહોલ્લાઓમાં સ્થાપિત વિવિધ ગણેશ પંડાલોની મુલાકાતે પહોંચ્યા હતા.

સાંસદશ્રી ધવલભાઈ પટેલની આ સહજ સાદગી, નિખાલસતા અને પ્રભુ પ્રત્યેની અતૂટ આસ્થા જોઈને સ્થાનિક નાગરિકો તેમજ આયોજકોમાં ભારે આશ્ચર્ય સાથે હર્ષ અને ગૌરવની લાગણી પ્રસરી ગઈ હતી, આ તબક્કે સાંસદ શ્રી ધવલભાઈ પટેલ સાથે વલસાડ જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રીમતી હેતલબેન પટેલ વલસાડ શહેર ભાજપ પ્રમુખ શ્રી દિવ્યાંગભાઈ ભગત સહિત ચૂંટાયેલા સભ્યો કાર્યકર્તાઓ હાજર રહ્યા હતા. વિવિધ ગણેશ મંડળો દ્વારા તેમનું ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું.

સાંસદશ્રીએ ગણેશ મહોત્સવમાં ભાગ લઈ સમગ્ર વલસાડ લોકસભા ક્ષેત્ર અને રાજ્યના નાગરિકોના સુખ, શાંતિ, સમૃદ્ધિ અને ઉત્તરોત્તર પ્રગતિ માટે દુંદાળા દેવના ચરણોમાં પ્રાર્થના કરી હતી.

# વાપી મોરાઈ રેલવે ફલાય ઓવર બ્રિજને વન સાઈડ અવર-જવર માટે ખુલ્લો કરવામાં આવ્યો

**હાઈવે થી ભીમપોર દમણ જતા આવતા વાહનો માટે સુગમતા રહેશે**



**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૨૧**

વાપી વિસ્તારમાં અનેક વિકાસ કાર્યો હાલમાં ચાલી રહ્યા છે. તે પૈકી સલવાવથી મોરાઈ તરફનો રેલવે ફલાય ઓવર બ્રિજની કામગીરી પૂર્ણ થઈ ગઈ હોવાથી જાહેર જનતા માટે એક તરફ અવર જવર શરૂ કરવામાં આવી છે.

વાપી જે ટાઈપ હાઈવે ફલાય ઓવર બ્રિજની કામગીરી અંતિમ તબક્કામાં છે તો બીજી તરફ સલવાવ મોરાઈ રેલવે ફલાય ઓવર બ્રિજની કામગીરી પૂર્ણ થઈ ચૂકી છે. તેથી વન સાઈડ અવર જવર માટે આ બ્રિજ ખુલ્લો મુકી દેવાયો છે.

વાપી હાઈવે સલવાવથી ભીમપોર તરફ જવા આવવામાં બ્રિજ કાર્યરત થતા ઘણી બધી સુગમતા રહેશે. ફાટક બંધથી વાહનોની કતારો લાગતી ટ્રાફિક સમસ્યા રહેતી એવી તમામ મુશ્કેલીઓનો હવે અંત આવી જશે. મોરાઈ ફલાય ઓવર બ્રિજ ખુબ અગત્યનો પુરવાર થઈને રહેશે. લોકો અને વાહન ચાલકો માટે વધુ એક સગવડ પ્રાપ્ત થઈ છે.

# વાપીની પેપર બોર્ડ કંપની રોલીંગ મશીન બેલ્ટમાં કામદાર આવી જતા ગંભીર રીતે ઘાયલ



**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૨૧**

વાપી ઔદ્યોગિક વસાહતમાં કાર્યરત વિવિધ કંપનીઓમાં અવારનવાર ગંભીર અકસ્માત સર્જાતા રહે છે. તેવો વધુ એક બનાવ એક પેપર બોર્ડની કંપનીમાં બન્યો હતો. ફરજ ઉપરનો કામદાર રોલીંગ મશીનના બેલ્ટમાં અચાનક આવી જતા દર્દનાક અકસ્માત સર્જાયો હતો. અકસ્માતને લઈ કંપનીમાં ભારે અફરાતફરીનો માહોલ છવાઈ ગયો હતો.

વાપી જીઆઈડીસી થર્ડ ફેઈઝ પ્લોટ નં.૧૮૧૦-૧૧માં કાર્યરત વૈભવ પેપર બોર્ડ પ્રા.લી. નામની કંપનીમાં ગતરોજ રાત્રે ફરજ પરનો કામદાર અચાનક રોલીંગ મશીનના બેલ્ટમાં આવી જતા દર્દનાક અકસ્માત સર્જાયો હતો. અકસ્માતમાં કામદાર ગંભીર રીતે ઘાયલ જતા તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલમાં ખસેડાયો હતો.

કંપનીમાં કામદારોમાં ભારે અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. કામદારોની અપુરતી સુરક્ષાઓ આધિન નિર્દોષ કામદારો અવારનવાર અકસ્માતના ભોગ બને છે. ક્યારેક અકસ્માત જીવલેણ પણ સર્જાતા રહે છે.

# વાપી મોટા ગરનાળાથી જે-ટાઈપ હાઈવે તરફ જતો રોડ જે બંધ કરાયો હતો તે સોમવારથી પૂર્વવત ચાલુ થયો



**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૨૧**

વાપી મોટા રેલવે ગરનાળાથી જે ટાઈપ જીઆઈડીસી હાઈવે તરફ જતો રોડ પુલ નિર્માણ કામગીરી અર્થે બંધ કરી દેવામાં આવ્યો હતો. આ બંધ કરાયેલ રોડ તા.૨૧ સોમવારથી પૂર્વવત ચાલુ કરી દેવાયો છે.

જે ટાઈપ તરફ જતો રોડ બંધ કરાયા બાદ ગીતાનગર અને ઈમરાનનગર થઈ મોટા ચકરાવો મારી હાઈવે જવું આવવુ પડતું હતું. પરંતુ મોટા ગરનાળા જે ટાઈપ રોડ ચાલુ કરી દેવામાં આવ્યો હોવાથી વાહન ચાલકો માટે રાહતના સમાચાર છે. વાપી

**પુલના બિંબ ચઢાવવાની કામગીરીના લીધે આ રોડ બંધ કરવામાં આવ્યો હતો**

વિકાસ કાર્યોએ ગતિ પકડી છે. જે ટાઈપ રેલવે ફલાય ઓવર બ્રિજની કામગીરી પણ અંતિમ તબક્કામાં છે જેથી દિવાળી આસપાસ આ વાપીને વધુ એક નવો ફલાય ઓવર બ્રિજ મળશે. ફલાય ઓવર બ્રિજ કામગીરીમાં તો ચલા તરફ જતો ફલાય ઓવર બ્રિજની કામગીરી ટલ્લે ચઢેલી છે. ચાર ચાર વર્ષથી આ આરઓબી કામગીરી પૂર્ણ થઈ નથી. ૧૪૨ કરોડને ખર્ચે તૈયાર થનાર આ આરઓબી વાપીની હાર્ટલાઈન સમાન છે. પરંતુ કાચબા ગતિએ ચાલતી કામગીરીને હાઈ વાપી વાસીઓ રોજ અગ્નિ પરીક્ષા આપી રહ્યા છે. ટ્રાફિક પુલ કામગીરીને લઈ પડેલા ખાડા વાહનચાલકો માટે માથાનો દુ:ખાવો બની રહ્યા છે.

# નાનાપોંઢાની આમધા પ્રાથમિક શાળાની વિદ્યાર્થીની પ્રવૃતિ ગાંવિતે રમતગમતમાં સિધ્ધિ મેળવી



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૨૧**

વલસાડ જિલ્લા કક્ષાની શાળાકીય રમત (એસજીએફઆઈ)માં નાનાપોંઢા તાલુકાની આમધા પ્રાથમિક શાળાની વિદ્યાર્થીની પ્રવૃતિ અનિલભાઈ ગાંવિતે ૬૦૦ મીટર દોડ, અંડર ૧૪ અને ચક્ર ફેંકમાં પ્રથમ ક્રમ મેળવી ઝળહળતી સિધ્ધિ મેળવી છે. આમધા પ્રાથમિક શાળાના આચાર્ય જતિનભાઈ પટેલ તથા વ્યાયામ શિક્ષક જશંવતભાઈ ગાયકવાડ અને શાળા પરિવાર દ્વારા પ્રતિભાશાળી ખેલાડી પ્રવૃતિ ગાંવિતને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા સાથે જ તેઓ રમત ગમત ક્ષેત્રે ઉત્તરોત્તર પ્રગતિ કરી વલસાડ જિલ્લા અને ગુજરાત રાજ્યનું નામ દેશભરમાં રોશન કરે તેવી શુભેચ્છા પાઠવવામાં આવી હતી.

# વલસાડ દાંડીથી સરોંડા સુધી મરીન પોલીસ દ્વારા શંકાસ્પદ બોટ અને ઈસમોની દરિયાઈ સુરક્ષા તપાસ કામગીરી



**મરીન સેક્ટર લીડર, મરીન ટીમ અધિકારીમાં પેટ્રોલીંગ કરીને દરિયાઈ સુરક્ષાની ચકાસણી કરી**

**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી તા. ૨૧**

વલસાડ જિલ્લો દરિયા કિનારે વસેલો જિલ્લો છે. ૭૦ કિલોમીટરનો વિસ્તાર કાંઠા વિસ્તાર હોવાથી દરિયાઈ સુરક્ષા પણ જરૂરી છે. જેથી મરીન પોલીસ દ્વારા વલસાડ દાંડીથી સરોંડા સુધી ચેકીંગ કામગીરી કરી શંકાસ્પદ ઈસમો અને બોટની તપાસ હાથ ધરી હતી.

વલસાડ મરીન પોલીસ લીડર અને અધિકારીઓની વિવિધ ટીમો દ્વારા દાંડીથી સરોંડા સુધી દરિયાઈ પટ્ટી ઉપર પેટ્રોલીંગ કામગીરી હાથ ધરી હતી. દરિયાઈ સુરક્ષાની આ કામગીરીમાં શંકાસ્પદ બોટ અને ઈસમોના ચેકીંગ સાથે સઘન પૂછપરછ હાથ ધરી હતી. આતંકવાદી હરકતોની હિલચાલ ઉપર મરીન પોલીસ ૨૪ કલાક દરિયાઈ સુરક્ષા માટે સતત એલર્ટ મોડમાં છે. સમયે સમયે ચેકીંગ કામગીરી અને ખાસ પેટ્રોલીંગનું પણ સતત આયોજન કરવામાં આવે છે.

# ચેરિટી કમિશનરની ચેતવણી અને અનુભવી સભ્યોની સમજાવટ બાદ એસઆઈએ નમતું જોખવા મજબૂર: 'પબ્લિક ટ્રસ્ટ રજીસ્ટ્રેશન માટે આખરે કમિટિ રચવા લેવાયેલો નિર્ણય

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**સરીગામ, તા.૨૧**

સરીગામ ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશનના પબ્લિક ટ્રસ્ટ રજિસ્ટ્રેશનને લઈને ચાલી રહેલા લાંબા સમયના વિવાદમાં આખરે નિર્ણાયક વળાંક આવ્યો છે. ચેરિટી કમિશનરનું કડક વલણ, સુઓ મોટો દાખલ કરવાની ચેતવણી અને સંસ્થાના અનુભવી સભ્યોની સમજાવટ બાદ એસઆઈએના વર્તમાન સત્તાધીશોને નમતું જોખવાની ફરજ પડી છે.

ગત ૧૯ જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ વલસાડ ચેરિટી કમિશનરની કોર્ટમાં યોજાયેલી સુનાવણી દરમિયાન SIA ના પ્રમુખ શ્રી નિર્મલભાઈ દુધાણીએ સ્વયં હાજર રહીને પબ્લિક ટ્રસ્ટ એક્ટ હેઠળ રજિસ્ટ્રેશન કરાવવાની લેખિત ખાતરી આપી છે. પરંતુ નવા હોદ્દેદારો આવ્યા બાદ પૂર્વ પ્રમુખ શ્રી નિર્મલભાઈ દુધાનીએ ચેરિટી કમિશનર સમક્ષ આપેલી બાંહેધરી મુજબ રજિસ્ટ્રેશન ન કરાવવું પડે તે માટે જાતજાતની દલીલો કરવામાં આવી રહી હતી. જેના કારણે નોંધણીની કામગીરી ભારે વિલંબમાં પડી હતી. પરંતુ એસોસિએશનના અગ્રણી અને અનુભવી સભ્યોએ કાયદાકીય જોગવાઈઓનું મહત્વ સમજાવી પબ્લિક ટ્રસ્ટ એક્ટ મુજબ જ રજિસ્ટ્રેશન કરાવવા ભારપૂર્વક સમજાવટ કરી હતી. બીજી તરફ, વલસાડ ચેરિટી કમિશનરે પણ જો નિયમાનુસાર પ્રક્રિયા નહીં થાય તો 'સુઓ મોટો' (સામેથી કાર્યવાહી) દાખલ કરવાની કડક ચેતવણી આપી હતી.

પ્રાપ્ત થતી વિગતો મુજબ, SIAની સ્થાપના ૧૯૮૯માં સોસાયટી એક્ટ હેઠળ થઈ હતી. પરંતુ ગુજરાત સરકારના ૨૦૦૪ અને ૨૦૧૭ના પરિપત્રો મુજબ 'બોમ્બે પબ્લિક ટ્રસ્ટ એક્ટ, ૧૯૫૦' હેઠળ રજિસ્ટ્રેશન કરાવવું ફરજિયાત હતું. લાંબા સમય સુધી આ નિયમનો અનાદર થતા ઉદ્યોગપતિ રૂવાબ અલી ખાન દ્વારા હાઈકોર્ટમાં દાદ માંગવામાં આવી હતી, જેના બાદ મામલો ચેરિટી કમિશનર સમક્ષ આવ્યો હતો. આજરોજ એસઆઈએના સભાખંડમાં અગ્રણી સભ્યો અને એસઆઈએની એક્ઝિક્યુટિવ કમિટીની બેઠક મળી હતી. જેમાં સર્વનું મતે પબ્લિક એક્ટ મુજબ રજીસ્ટેશન કરાવવાનું નિર્ણય લેવામાં આવ્યો છે અને જેની કામગીરી માટે ટૂંક સમયમાં જ કમિટીની રચના કરવામાં આવશે એવું નક્કી કરવામાં આવ્યું છે.

# વાપી દૈવજ્ઞ સમાજ દ્વારા દેહ શુદ્ધિ અને સમૂહ જનોઈ બદલવાનો કાર્યક્રમ યોજાયો

**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**

**વાપી, તા.૨૧:** વાપી દૈવજ્ઞ સમાજ દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ ગત રવિવારે સમાજના હોલ પર દેહ શુદ્ધિ અને સમૂહ જનોઈ બદલવાનો કાર્યક્રમ ભક્તિભાવ સાથે યોજવામાં આવ્યો હતો.

આ પ્રસંગે સમાજના મોટી સંખ્યામાં જનોઈ ધારી બાળકો અને પુરૂષોએ ભાગ લઈ વિધિવત મંત્રોચ્ચાર સાથે જનોઈ બદલી હતી. વાપી ટાઉન સ્થિત શ્રી રંગ દેવગન ભવન ખાતે આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

વાપી દૈવજ્ઞ સમાજ છેલ્લા ૭ દાયકા કરતાં પણ વધુ સમયથી સમૂહ દેહ શુદ્ધિની વિધિ સાથે સમૂહમાં જનોઈ બદલવાની પરંપરા જાળવી રહ્યો છે, જે ખરેખર પ્રશંસનીય છે. આ દિવસે સમૂહ જનોઈ બદલવાની સાથે સમૂહ ભોજનનો પણ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો, જેમાં સમાજના દરેક પરિવારે ઉત્સાહભેર ભાગ લીધો હતો.

